# ઇતિહાસનું ભેદી પાનું




અ-ગૌર પ્રજાઓ
અ-ઈસાઈ ધર્મો

૮૭

– મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી –



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી, ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છેઃ– સિદ્ધાન્તમહોદધિ; સુવિશુદ્ધસંયમમૂર્ત્તિ, વાત્સલ્યમહોદધિ કર્મશાસ્ત્રનિપુણમતિ, સ્વ. આચાર્ય ભગવંત

**શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાએલા અમારા
આપના ચરણોમાં કોટાનકોટિ વંદન........

**લિ. પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા**
**અ. સૌ. મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર**

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતિ મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટી મંડળનું નિવેદન નજરમાં લેવા નમ્ર વિનંતિ છે.

ટ્રસ્ટી મંડળ

---

રૂપિયા પાંચ હજારનું દાન કરીને ફોટો મુકાવો.

કમલ પ્રકાશન ટ્રસ્ટના પુસ્તક વિભાગમાં રૂ. પાંચ હજારનું દાન કરનાર દાતાનો નાનો ફોટો [પુરૂષનો જ ફોટો લેવાશે.] દરેક ભાવી પ્રકાશનોમાં મુકાશે. આ ફોટા નીચે દાતાનું માત્ર નામ આવશે.

આજે જ આપનો ફોટો મુકાવો.

ઈ. સ. ૧૪૯૨થી લગાવીને આજ સુધીની ગોરી પ્રજાની મૈત્રીના દાવની ભેદી નીતિ-અગોર વર્ણો અને અ-ઈસાઈ ધર્મોનો ધરતી ઉપરથી નાશ કરો-ને સ્પષ્ટ શબ્દોમાં ખુલ્લી પાડતું પુસ્તક...

# ઇતિહાસનું ભેદી પાનું

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૮૭

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩ બીજે માળે,
યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે,
રતનપોળના નાકે.
ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
●
• : ૩૦૦૮૧.

લેખક-પરિચય :
સિદ્ધાંતમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી
●

પ્રથમ આવૃત્તિ : નકલ ૧,૨૫૦
વિ, સં. ૨૦૩૨, મૌન એકાદશી
વીર સંવત ૨૫૦૨ તા. ૧૪-૧૨-૭૫
દ્વિતીય આવૃત્તિ : નકલ ૨,૦૦૦
વિ. સં. ૨૦૩૩, અક્ષય તૃતિયા
વીર સ. ૨૫૦૩, તા. ૨૧-૪-'૭૭

સર્વાધિકાર સુરક્ષિત

●

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ
મામુનાયકની પોળ
ગાંધીરોડ, અમદાવાદ-૧
●
મૂલ્ય : રૂ. ૨=૫૦

## પ્રાસ્તાવિક

સેંકડો વર્ષો સુધી મુસ્લિમ લોકોએ વિશ્વ ઉપર આધિપત્ય જમાવવા માટે ખૂનખાર જંગો ખેલ્યા; પરંતુ તેઓ નિષ્ફળ ગયા.

અંગ્રેજોએ આ નિષ્ફળતામાંથી બોધ લીધો. એમની પણ એ જ મુરાદ હતી. સમગ્ર ધરતીને ગોરી પ્રજાથી છાઈ દેવાની; અને ઈસાઈ ધર્મથી વ્યાપી દેવાની.

જ્યાં અનિવાર્યપણે યુદ્ધ આવશ્યક હોય ત્યાં જ યુદ્ધ લડવાનું રાખીને તેમણે તે તે પ્રજાની સંસ્કૃતિઓનો નાશ કરવા દ્વારા તે તે પ્રજાનો સમૂળો નાશ કરવાની મૈત્રીના દેખાવની ભેદીનીતિ છેલ્લાં ૫૦૦ વર્ષોથી અમલમાં મૂકી છે. સઘળા અ–ગૌર દેશોની પ્રજા એ ભેદી નીતિમાં આબાદ આવી ચૂકી છે; ખાસ કરીને એશિયન પ્રજા.

વેપાર, શિક્ષણ, સહાયના જંગી કાર્યક્રમો દ્વારા ગોરાઓ અ–ગૌર દેશોની પ્રજાને વધુ ને વધુ પોતાના સાણસામાં લેતા જાય છે. એમને ધરતી ઉપર નથી ખપતો, એક પણ અ–ગૌર વર્ણ; એમને ધરતી ઉપર નથી ખપતો; એક પણ અઈસાઈ ધર્મ. જૂઠા વાદો પેસાડીને તેમણે એક જ દેશના બંધુઓને પરસ્પર લડાવી માર્યા છે.

પોતાનું શિક્ષણ આપીને દરેક દેશમાં સ્વદેશી અંગ્રેજો ('જમાનાવાદી જયચંદો') તેમણે તૈયાર કરી દીધા છે.

આ પુસ્તકમાં આ હકીકતને વિસ્તારવામાં આવી છે.

ગમે તેમ હોય; પણ ધર્મમહાસત્તા એનું કામ કરશે જ.

સર્વનાશ કરવા નીકળેલાઓ થોડાં જ વર્ષોમાં અન્યોનો 'મહાનાશ' કરીને સ્વયં સર્વનાશના પંથે ડગ માંડી દે તો જરાય નવાઈ નહિ.

અને....એ મહાનાશનો ભોગ બન્યા પછી જ આર્યાવર્ત એના ઉજળા દિવસો જોવા બડભાગી બને એ જ શક્ય જણાય છે.

એ આસુરી બળોને આપણાં માનવીય બળો નહિ નાથી શકે; ધર્મસત્તાનું ચક્ર જ એ કામ કરી શકશે.

વિ. સં ૨૦૩૨, કાર્તિક શુકલ એકાદશી લિ.
રિસાલા બજાર : **નવા ડીસા** [બ. કાં] ગુરુચરણરેણુ

—**મુનિ ચન્દ્રશેખરવિજય**

# [૧] ઈ. સ. ૧૪૯૨નું બુલ

ઈ. સ. ૧૪૯૮ની સાલનો એ દિવસ કે જે દિવસે વાસ્કો-ડી-ગામાએ ભારત દેશની ધરતી ઉપર પગ મૂકયો.

ભારતની ખમીરવંતી પ્રજા અને પુણ્યવંતી મોક્ષપ્રદા સંસ્કૃતિ માટે એ મહા-અમંગળ દિન હતો. સંસ્કૃતિના રખોપાઓએ તે દિનની 'કાળા દિન' તરીકે જ વર્ષોવર્ષ ઉજવણી કરવી જોઈએ.

ઈ. સ. ૧૪૯૨ કે ઈ. સ. ૧૪૯૩ની સાલમાં ખ્રિસ્તી સંપ્રદાયના ધર્મગુરૂ પોપ એલેકઝાંડર છઠ્ઠાએ એક 'બુલ' [ફતવો] બહાર પાડીને સમગ્ર વિશ્વને પોર્ટુગલ અને સ્પેનને અડધું અડધું વહેંચી આપ્યું હતું. કેમ જાણે આખા વિશ્વ ઉપર પોતાની જ સંપૂર્ણ માલિકી હોય તે રીતે એ પોપે આવું બુલ બહાર પાડયું.

[૧] 'ધી લિગલ રાઈટ્સ ઓફ ઇન્ડિયન સ્ટેઈટ્સ એન્ડ ધેર સબજેકટ્સ'ના ૩૬મા પૃષ્ઠ ઉપર આ જ વાત જણાવી છે.

'In 1492 America was discovered and next year Pope Alexander VI issued his famous inter Centra Bull distributing the lands and seas outside Europe cually between Portugal and Spain.

[૨] આ વાતનો ઇશારો, ઈંગ્લાન્ડમાં ઇન્ડિયા લીગ સમક્ષ ભારતના માજી વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ કરેલા ભાષણમાં આપતાં કહ્યું હતું કે, 'તમારામાંથી જેમણે ઇતિહાસનો અભ્યાસ કર્યો છે તેમને યાદ હશે કે,—'એ વખતના ઉદાર પોપે અડધું વિશ્વ

સ્પેનને અને અડધું વિશ્વ પોર્ટુગલને ભેટમાં આપ્યું હતું.' મારે કબૂલ કરવું જોઈએ કે આ મુદ્દા ઉપર હું દલીલ કરી શક્યો નહીં.'

[જન્મભૂમિ તા. ૭-૫-૬૦ માંથી]

[૩] ગોવા અંગે બોલતાં શ્રી નહેરૂએ કહ્યું હતું કે, 'પહેલાં એક નમ્ર યાદી પોર્ટુગલ ઉપર પાઠવવામાં આવી. અમને અવિધિસર રીતે જણાવ્યું કે, '૧૫ મી ૧૬ મી સદીનો ધર્મગુરુ પાસેથી અમને ગોવાના હક્કો મળ્યા છે.' એમણે કહેલી સાલ મને બરાબર યાદ નથી.' [જન્મભૂમિ તા. ૭-૫-૬૦]

આ ત્રણેય વિધાનો એટલું નિશ્ચિત કરી આપે છે કે 'કશી ય લડાઈ કર્યા વિના; માત્ર બુદ્ધિના દુરાચારથી છઠ્ઠા પોપે આખા વિશ્વની માલિકી પોતાની છે.' એમ સ્વીકારી લઈને વિશ્વની વહેંચણી બે દેશોને કરી આપી.

'૭૪ની સાલના મે માસના 'નવનીત' ડાયજેસ્ટ માસિકમાં વિજયગુપ્ત મૌર્યનો, 'જગતની વહેંચણી સાથે' લેખ આવ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે :-

'ગયા માર્ચમાં પોર્ટુગલમાં લશ્કરી બળવો કચરાઈ ગયો ત્યારે એક વખત ફરીથી એ જુનવાણી દેશ સમાચારોમાં ચમક્યો હતો. યુરોપમાં સ્પેન અને પોર્ટુગલ બે દેશ એવા છે કે જ્યાં હજી ૨૦મી સદીનો પવન પહોંચ્યો નથી અને તેના રાજકર્તાઓ હજી ૧૬મી સદીની ભવ્યતાના સ્વપ્નમાં જીવે છે. પોર્ટુગાલી રાજકર્તાઓ ઘુવડ જેવા છે, જેઓ વાસ્તવિકતાના સૂર્યનો સ્વીકાર કરતા નથી. આથી તેઓ દીવ, દમણ અને ગોવાને હજી પોર્ટુગલના પ્રાંત ગણે છે. પોર્ટુગાલી પાર્લામેન્ટમાં આ 'પ્રાંત'ના સરકારનિયુક્ત પ્રતિનિધિઓ પણ બેસે છે. અને આ 'પ્રાંત'નો 'વહીવટ' ચલાવવાની કચેરી પણ પોર્ટુગલમાં છે! પોર્ટુગલના બજેટમાં દીવ-દમણ-ગોવાના વહીવટી ખર્ચનો

પ્રબંધ કરવામાં પણ આવે છે! અને તેના 'ગવર્નર' પણ નિમાય છે! ૧૯૬૧માં આપણે દીવ-દમણ-ગોવાને મુક્ત કર્યા એ બનાવ જાણે બન્યો જ નથી.

પોર્ટુગાલી વહાણવટીઓ મહાસાગરોમાં વધુ ને વધુ આગળ વધવા લાગ્યા અને છેવટે દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ભારત, અગ્નિ એશિયા અને છેક ચીન તથા પેસિફિક મહાસાગર સુધી પહોંચ્યા. **ધર્મચુસ્ત (કહો કે ધર્મઝનૂની) પોર્ટુગાલીઓને પોપે દુનિયા દાનમાં આપી દીધી હતી!** તેઓ જે દેશ-પ્રદેશો શોધે તે તેમના અને તેઓ ત્યાં રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મ ફેલાવીને ત્યાંની પ્રજાઓને નરકમાં જતાં બચાવે! જેઓ ખ્રિસ્તી ધર્મ ન સ્વીકારે અને સામનો કરે તેમની કતલ પણ થતી હતી. ગોવામાં તેમણે કત્લેઆમ ચલાવી હતી.'

વિજયગુપ્ત મૌર્ય જેવા રાજકારણના કહેવાતા અઠંગ અભ્યાસી પણ પોર્ટુગલના લોકોની ભેદી વર્તણૂકના ભેદ ન પામી શકે તો બીજાનું તો શું ગજું ?

સમગ્ર વિશ્વ ઉપર આજે પણ સ્પેન-પોર્ટુગલની માલિકીનો દાવો કાયમ છે એ વાત હજી બીજા પુરાવાથી મગજમાં સ્થિર કરીએ.

'ગુજરાત સમાચાર' તા. ૨૭-૧૨-૭૧માં 'પોર્ટુગલ પરંપરા' શીર્ષક હેઠળ આવેલું લખાણ અક્ષરશઃ ધ્યાનમાં લઈએ. **'ભારતમાં ગોવા, દીવ અને દમણની સ્વાધીનતાની દશાબ્દી ઉજવાતી હતી ત્યારે પોર્ટુગલમાં ગોવા-દીવ-દમણ પર ભારતના આક્રમણની દશાબ્દી ઉજવાતી હતી અને આ ત્રણેય યાવચ્ચંદ્રદિવાકરો પોર્ટુગલના જ રહેશે એવું એલાન પોર્ટુગલના વડાપ્રધાન આપતા હતા.**

સમારોહમાં પોર્ટુગલના વડાપ્રધાન ડૉ. કાટાનોએ ૧૮મી ડીસેમ્બરે કહ્યું 'ગોઆ-દીવ-દમણ પોર્ટુગલનો જ એક ભાગ છે. અને સદાકાળ રહેશે. આજે ભારતની એડી નીચે ત્યાંની પ્રજા કચડાઈ રહી છે, પરંતુ એનો આત્મા તો અજેય છે આજે પણ આ ત્રણેય પ્રદેશ ઈસાઈ છે, અને પોર્ટુગલના છે.'

આ શબ્દો ઉચ્ચારતાં વડાપ્રધાને પોતાના ઉદ્બોધનમાં ભારત-પાક યુદ્ધના પણ ઉલ્લેખ કર્યા અને કહ્યું, 'જગતનો સૌથી નિકૃષ્ટ આક્રમણ અને યુદ્ધપ્રિય દેશ ભારત છે.'

બંગલાદેશ મુક્ત થયું એ પછી પણ જગતના અનેક દેશો વાસ્તવિકતાને જે રીતે નકારી રહ્યા છે, તે જોતાં પોર્ટુગલનું આ વલણ થોડું સમજી શકાય છે. આજે પણ પોર્ટુગલની નેશનલ એસેમ્બલીમાં ભૂતપૂર્વ 'પોર્ટુગીઝ ભારત'ના બે પ્રતિનિધિઓ બેસે છે. 'હાઈ કમિશનર ફોર ધી સ્ટેટ ઓફ ઇન્ડિયા'નું પદ એક પોર્ટુગીઝ અધિકારી સંભાળી રહ્યા છે.

હજી આ વાત થોડી વધુ પાકી કરી લો. 'ગુજરાત સમાચાર' તા. ૧૮-૯-૬૬ના અંકમાં અમેરિકાની શોધ કર્યા પછી કોલંબસે શું જોયું ? તેનો અહેવાલ કોલંબસના જ શબ્દોમાં આપ્યો છે; જેનો સારભાગ અહીં રજૂ કરું છું.

'હું કાદિઝથી રવાના થયો. ત્યાર પછી ૩૩મા દિવસે હું હિંદી મહાસાગરમાં પ્રવેશ્યો અને ઘણા ટાપુઓ મારી નજરે ચડયા. આ ટાપુઓ પર અસંખ્ય માણસો વસવાટ કરે છે. આપણા મહાન નસીબવંતા રાજા વતી મેં એ તમામ ટાપુઓ કબજે કરી લીધા છે. મેં આપણા વિજયનો ધ્વજ ફરકાવ્યો અને

સૂત્રો પોકાર્યાં ત્યાર પણ કોઈએ જરા સરખો પણ પ્રતિકાર કર્યો નહોતો.

મેં જે પહેલો ટાપુ કબજે કર્યો તેનું નામ મેં 'સેવિઅર' રાખ્યું છે. ઇન્ડિયનો આ ટાપુને ગુઆનાહની તરીકે ઓળખે છે. બીજા ટાપુઓનાં નામ સાન્ટા મારિયા, ફર્નાન્ડીના ઇસાબેલા, જુઆના એ પ્રમાણે રાખ્યાં છે.

અગત્યની હકીકત એ છે કે આ બધાને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવવો. હું સત્ય કહું છું કે એ લોકો પણ આ માટે તૈયાર છે અને તેમનું પણ મન છે. હું આશા રાખું છું કે આપણા આદર્શ રાજાની ઇચ્છા પણ આવી જ હશે.

આ તો પરિકથાઓ જેવી વાત છે. તેથી આપણા મહાન નસીબવંતા રાજા અને રાણી તેમજ રાજકુંવરો અને ખ્રિસ્તી ધર્મ પાળનારાં બીજાં રાજ્યોએ પણ ભગવાન ઈસુનો આભાર માનવો જોઈએ. તેમણે જ આપણને આટલી મોટી જીત અને બક્ષિસ આપી છે. ઠેર ઠેર ધાર્મિક ઉત્સવો મનાવો, ધર્મવિધિ આદરો, અને ધાર્મિક વરઘોડા કઢાવો. જેમ સ્વર્ગમાં ભગવાન ઈસુ ચેનમાં મહાલે છે તેમ પૃથ્વી ઉપર પણ ભગવાન ઈસુને આનંદનો અનુભવ થાય. કારણ કે અત્યાર સુધી બેપત્તા રહેલા આટલા બધા આત્માઓ હવે આત્મકલ્યાણ અર્થે એને ઘૂંટણીએ આવશે.'

લિસ્બન, માર્ચની ઈદીસ પહેલાંનો દિવસ (૧૪ મી માર્ચ ૧૪૯૩)

ક્રિસ્ટોફર કોલંબસ
એડમિરલ ઓફ ધી ઓશન ફ્લીટ

ઈ. સ. ૧૪૯૨ના બુલથી ખ્રિસ્તી ધર્મગુરુ પોપે આખા વિશ્વને પોતાની માલિકીનું બનાવ્યું છે. એ ઉપરની માહિતીઓથી

ખૂબ જ અસંદિગ્ધ રીતે જણાઈ આવે છે. આ કેટલું બધું ભયંકર અકાર્ય છે ?

શું આજે હું કે તમે ભારત કે અમેરિકાની માલિકી જાહેર કરીએ એટલે ભારત કે અમેરિકા આપણી માલિકીનું બની જાય ? કોઈ ધનેચ્છુ બ્રાહ્મણ ધન મળતાં પેલા દાનવીરને કહી દે કે 'જા, હવે સ્વર્ગ અને પાતાળનાં રાજ્યો તને આપ્યાં !' તો તે કેટલું બેહૂદું કહેવાય ?

આવું જ આ પોપે ઠંડી તાકાતથી આ અકાર્ય કર્યું છે, અને સ્પેન પોર્ટુગલને અડધું અડધું વિશ્વ વહેંચી પણ આપ્યું ! અને તે વાત તે જ રીતે બરોબર હોય તેમ તેનો અમલ પણ થયો !

હજી આ વાતને વિશ્વના અચ્છામાં અચ્છા રાજકારણના કીડાઓ અને બુદ્ધિજીવીઓ સ્વીકારવા તૈયાર નથી, અને તેથી જ ગોરી સિવાયની (લાલ, પીળી અને કાળી) પ્રજા અને તેની સંસ્કૃતિઓ સર્વનાશની ખીણ તરફ ભયાનક વેગથી ધસી રહી છે.

આખાય વિશ્વ ઉપર આજે પણ ગર્ભિત રીતે તે સત્તા ગોર પ્રજાની છે. માટે જ ભારત વગેરેને જે સ્વરાજ અપાયું છે તો પણ ભારત વગેરે સ્વતંત્ર રાષ્ટ્રો કબૂલવામાં આવ્યાં નથી પરંતુ યુનાઈટેડ કિંગડમના ડોમીનિયન ગણાયા છે.

અમૃત બજાર પત્રિકાના તા. ૧૫-૮-૬૫ ના અંકમાં જણાવ્યું છે કે 'India is not a sovereign Republic but a part of Her Magesty's Dominions out side the United Kingdom.

'એ હિસ્ટરી ઓફ ઇન્ડિયા'ના ૩૩૨મા પેઈજ ઉપર જણાવ્યું છે કે :- On that day the Constituent Assembly

in Delhi declared India a Dominion within the British Commonwealth with Lord Mount-batten as its first Governer General [અનુવાદ : 'તે દિવસે બંધારણ સભાએ હિન્દુસ્તાનને બ્રિટિશ કોમનવેલ્થમાંના ડોમીનિઅન તરીકે, અને સાથે જ તેના પહેલા ગવર્નર જનરલ તરીકે લોર્ડ માઉન્ટ્ બેટનને જાહેર કર્યા.]

આ જ 'એ હિસ્ટરી ઓફ ઇન્ડિયા' પુસ્તકના ૧૪૩મા પેઇજ ઉપર કંડારાયેલા અતિ મહત્વના શબ્દો વાંચો :–

'To-add tone the whole Prcceedings and to Secure the alliance or atleast the awareness, of Heaven in the undertaking Bull was procurd from Pope Alexander VI Bargia in 1494 to thc effect that all land to the eats of a line drawn north and south three hundred and seventy miles frcm the Coast of Europe were the perquisite of the King of Portugal. In reality, an extension of that super Empire of christ whose hee is thea Pope.'

[અનુવાદ : 'તે આખી કાર્યવાહીને વધારે તેજસ્વી કરવા માટે અને સ્વર્ગ લેવાની પ્રવૃત્તિમાં વધારે મદદ મળે માટે ૧૪૯૪માં પોપ એલેકઝાંડર છઠ્ઠા બોર્ગીઆ પાસેથી બુલ મેળવ્યું. તે બુલથી યુરોપના કિનારાથી ૩૭૦ માઈલે ઉત્તર–દક્ષિણ જતી લાઈનનો (પૂર્વ) ભાગ પોર્ટુગલના રાજાની નીચે લાવવામાં આવ્યો. જે ખરેખર ક્રાઈસ્ટનું મોટું સામ્રાજ્ય લંબાવવા માટેનું છે. કે જેના વડા પોપ છે.']

આ લખાણ ઉપરથી એ ગોરી–પ્રજાના અગ્રણી રાજકારણીઓ એમ જ ઠસાવવા માંગે છે કે વિશ્વ–માત્ર ઉપર અમારી જ હકુમત છે.

મુંબઈ સમાચાર, તા. ૨૧-૮-૬૪ ના અંકમાં માઇકલ એડવર્ડે લખેલા પુસ્તક 'હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા'માંથી જે લેખનું અવતરણ કરવામાં આવ્યું છે તેમાં જણાવ્યું છે કે આધુનિક વિશ્વમાં વેટીકનની કાર્યપ્રણાલિકા વિષે બોલતાં નામદાર વેલેરીઅન કાર્ડીનલ ગ્રેસીયસે જણાવ્યું હતું કે, 'ખ્રિસ્તી ધર્મના સિદ્ધાન્તોમાં માનનારા તેમજ નહિ માનનારા વિશ્વના દરેક માણસ ઈશ્વરીય સંસ્થા તરીકે નહિ તો છેવટે ઐતિહાસિક સંસ્થા તરીકે ચર્ચમાં રસ ધરાવે છે.

આ બધાં વિધાનો સ્પષ્ટ રીતે એક વાત કાનમાં કહી જાય છે કે, 'આખાય વિશ્વ ઉપર ગોરાઓનું રાજ છે.'

જો આ હકીકત બરોબર સમજાઈ જાય તો 'સ્વરાજ'નો અર્થ ખૂબ સ્પષ્ટ રીતે સમજાશે; અને તેનો જૂઠો અર્થ મગજમાં ઠસાવીને અ-ગોર પ્રજા જે રીતે ભ્રમણાનાં વમળોમાં નષ્ટ-વિનષ્ટ થઈ રહી તેમાંથી સત્વર ઊગરી જશે.

આપણને ગોરાઓએ સ્વ-રાજ આપ્યું તો 'સ્વ' એટલે કોણ? કોનું આ રાજ? સ્વનું એટલે કોનું?

આજ સુધી આપણે એમ સમજીએ છીએ કે આ દેશમાં આપણું રાજ છે. જ્યારે હકીકતમાં સમગ્ર વિશ્વમાં પોતાની માલિકીનો ઉપરોક્ત રીતે દાવો કરતા ગોરાઓ 'સ્વ.' એટલે પોતાનું [ગોરાઓનું] રાજ કહે છે.

હવે જો એમને પોતાનું રાજ આ દેશની ધરતી ઉપર કાયમ માટે સ્થિર કરી દેવું હોય તો તેમણે આ દેશની પ્રજાને નષ્ટ કે નિર્માલ્ય તો કરવી જ પડે. જે દેશની જે પ્રજા, પોતની જે સંસ્કૃતિને કારણે ભારે મગરૂબીથી જીવતી હોય તે સંસ્કૃતિને ખતમ કરવી જ પડે.

દરેક સંસ્કૃતિ ધાર્મિક, આર્થિક, સામાજિક અને રાજકીય માળખાની સુવ્યવસ્થા દ્વારા જ પોતાની પ્રજાને બળવાન રાખે છે,

માટે આ ચારે ય સુવ્યવસ્થાઓને તોડીફોડી નાંખવી જ રહી. જો આ દેશની ધરતી ઉપર ગૌર પ્રજાને પોતાનું રાજ [સ્વ-રાજ] કાયમ માટે-કોઈ રોકટોક વિના સ્થિર કરી દેવું હોય તો તેમણે તે દેશની પ્રજાની સાંસ્કૃતિક વ્યવસ્થાઓનાં માળખાંઓને સંપૂર્ણપણે છિન્નભિન્ન કરી નાંખવાં પડે. આ કામ ગૌર પ્રજાના નેતાઓ સીધી રીતે, સહેલાઈથી ન જ કરી શકે. કેમકે તેમાં બળવા થવાનો સંભવ રહે; એટલે તે અ-ગૌર પ્રજાને ઉલ્લુ બનાવીને પ્રાગતિક શિક્ષણ દ્વારા કબજે લઈને એને જ ટોચ કક્ષાના સ્થાનો ઉપર બેસાડીને પ્રગતિના ઓઠા નીચે એના જ દ્વારા એની જ પ્રજાનાં સાંસ્કૃતિક માળખાંઓને તોડી-ફોડી નાંખવાનું કાર્ય ખૂબ સરળ અને અત્યંત સફળ બની જાય.

આથી જ આઝાદીના નજીકના સમયમાં ભારતને કોમનવેલ્થનું સભ્ય (ગુલામ) બનાવી દઈને, પાશ્ચાત્ય શિક્ષણથી વટલાયેલા ભારતીય લોકોના જ હાથમાં ઈ. સ. ૧૯૪૭ની સાલમાં પોતાને ભાવીમાં જરૂરી આદર્શ 'સ્વરાજ' સ્થાપવા માટે, એ ગોરીપ્રજા આ દેશમાંથી ચાલ્યા જવાનો અત્યંત સફળ દેખાવ કરી ગઈ!

## [૨] ગૌર પ્રજાની કૂટનીતિઓ

વિશ્વમાં સામાન્યતઃ ચાર રંગની પ્રજાઓ કહી શકાય. ગોરી, લાલ, પીળી અને કાળી.

વિશ્વમાં ધર્મો અનેક છે, જેમાં બહુમતિની દષ્ટિએ ઈસાઈ, બૌદ્ધ, ઈસ્લામ, વૈદિક, શીખ, જૈન વગેરે ગણી શકાય.

પોતાના રંગની ચામડી પ્રત્યે અને પોતાના ધર્મના અનુયાયી પ્રત્યે કોઈ પણ ધર્મપ્રેમીને મમત્વ થાય તે સુસંભવિત છે. આવા મમત્વનો તિરસ્કાર પણ કેમ કરી શકાય? પરંતુ પોતાનાથી અન્ય રંગની ચામડીવાળા લોકો અને અન્ય ધર્મોના અનુયાયીજનો પ્રત્યે ધિક્કાર-બુદ્ધિ જાગે, એમને આ જગતમાંથી જ નામશેષ કરી દેવાની વૃત્તિ જાગે અને તેવી પ્રવૃત્તિઓ પણ વ્યવસ્થિત રીતે થતી રહે એ તો અત્યંત ગંભીર બાબત ગણાય.

મુસ્લિમોએ તલવારના જોરે અન્ય ધર્મો અને અન્ય પ્રજાને ખતમ કરવાની હિંમત કરી પણ તેઓ નિષ્ફળ ગયા.

અંગ્રેજો વધુ મુત્સદ્દી નીકળ્યા. એમણે પોતાનો ભેદી કાર્યક્રમ જગતમાં મૂકયો. એનો પાયો 'મૈત્રી સ્વાંગ' રહ્યો.

મુસ્લિમોએ તલવારથી અન્ય પ્રજાના નાશની કારવાહી કરી. અંગ્રેજોએ સંસ્કૃતિનાશથી પ્રજાનાશની કારવાહી કરી. પહેલાં પાંચસો વર્ષ મુસ્લિમોનાં હતાં, પછીનાં-છેલ્લાં પાંચસો વર્ષ અંગ્રેજોનાં બની ગયાં.

તળાવની લાખો માછલીને કોઈ છરીથી મારે તો કેટલી મારે? કોઈ પાણી સૂકવી નાખીને મારે તો બધી મરે.

સમગ્ર વિશ્વમાં યુરોપિયન લોકોને ઈસાઈ ધર્મ ફેલાવી દેવો હોય અને ગોર પ્રજાનો જ સર્વત્ર વસવાટ કરાવવો હોય તો બાકીના ધર્મો અને વર્ણોને એણે ખતમ કરવા જ પડે.

સબૂર ! બીજી પ્રજાઓ અને બીજા ધર્મોને ખતમ કરવા જતાં એણે એ કાળજી તો રાખવી જ પડે કે એ પ્રજાની ધરતીઓ ખતમ ન થઈ જાય.

•

[હા...નકામી ધરતીની વાત જુદી છે.] કેમકે તે ધરતીઓ [રાષ્ટ્રો] તો આબાદ બનવી જ જોઈએ, એથી એની વધતી જતી ગોર પ્રજાને વસવાટ માટે ખૂબ કામમાં આવી જાય. એ જ ધરતીના લોકો દ્વારા એમની જ ધરતીને આબાદ બનાવતાં બનાવતાં, એ ધરતીની પ્રજાને નષ્ટ કરવી પડે. જો પ્રજાનો નાશ બોમ્બ વગેરેથી કરે તો ધરતી ઉપર ઊભેલાં નગરો, ઔદ્યોગિક વસાહતો, બંધો, પ્લાન્ટો વગેરેનો પણ નાશ થઈ જાય, જે તેમને જ ઇષ્ટ નથી. એમણે તો એ ધરતીઓમાં અદ્યતન નગરો, વિરાટ વસાહતો ઊભી કરવા માટે જ અઢળક સંપત્તિ એ દેશના સત્તાધીશોને આપી છે એ સંપત્તિનું ફળ શું મળે ?

એટલે જ ભારત જેવા રાષ્ટ્ર [ધરતી]ને એ ગોરપ્રજા અદ્યતન રીતે સમજાવતું જ રહે, અને એની સંસ્કૃતિનો નાશ કરવા દ્વારા એની પ્રજાને નિર્માલ્ય અને અન્તે મરણશરણ કરી દે તે રીતે જ તેણે કામ કરવું જોઈએ.

જગતની સૌથી બળવાન પ્રજા એશિયન પ્રજા ગણાય છે. એની અભણ અને જંગલી ગણાતી પ્રજાઓ પણ અત્યંત બલિષ્ઠ છે. એટલે જ ધરતીને આબાદ કરતા જઈને પ્રજાઓને બરબાદ કરીને નષ્ટ કરી દેવાના ક્રૂર કાર્યક્રમનું મુખ્ય લક્ષ એશિયાના દેશોને બનાવાયેલ છે.

ટૂંકમાં યુરોપિયનોએ દેશ (રાષ્ટ્ર)ને આબાદ બનાવતા જઈને, સંસ્કૃતિનાશાદિ દ્વારા પ્રજાને બરબાદ કરી નાંખવાનો કાર્યક્રમ છેલ્લાં પાંચસો વર્ષથી અમલમાં મૂક્યો છે.

સર્વનાશની આ સિદ્ધિ પામવા માટે પોપની સર્વોપરી માલિકીને પૂર્વમાં એશિયા, આફ્રિકા પૂરતી પોર્ટુગલમાં સંક્રમાવવામાં આવી અને તે સિવાયની પાશ્ચાત્ય દુનિયામાં સ્પેનની માલિકીને સંક્રમાવી. પોર્ટુગલ અને સ્પેને બીજાં રાજ્યોમાં પોતાની માલકી સંક્રમાવી અને તે રાજ્યો દ્વારા સંસ્થાનો દ્વારા દરેક સંસ્થાનોમાં પોતાની માલિકી સંક્રમાવી.

આમ ઈંગ્લાન્ડ મારફત ભારતમાં સર્વોપરી માલિકી દાખલ થઈ. આ માલિકી કંપની સરકાર, બ્રિટિશ પ્રાર્લામેન્ટ, કોમનવેલ્થનું સભ્ય-પદ અને છેવટે સ્વરાજની ભારતીય લોકશાહી પાર્લામેન્ટ દ્વારા આજે પણ ચાલુ રહી છે, અને તે યુનોના સામ્રાજ્યમાં હોવાથી, તેના વડા ખ્રિસ્તી ધર્મગુરુ પોપ હોવાથી આજે ય પાશ્ચાત્ય માલિકી, સત્તા, સર્વોપરી અધિકાર ભારત ઉપર છે જ.

આવા પ્રકારની લોખંડી માલિકી સાથે એ અંગ્રેજો દરેક અ-ગોર પ્રજાની સાંસ્કૃતિક વ્યવસ્થાઓને નષ્ટ-ભ્રષ્ટ કરી દેવાની કારવાહી કરી રહ્યા છે. ધાર્મિક, આર્થિક, સામાજિક અને રાજકીય આ ચારેય સાંસ્કૃતિક માળખાંઓને તોડવામાં ન આવે તો તે પ્રજાનો નાશ અસંભવિત છે.

અનેક પદ્ધતિઓથી આ બધાં માળખાંઓને તેણે તોડયાં છે, કેટલેક ઠેકાણે તેને તોડવાનું કામ આજે પણ ચાલુ છે. છતાં કૂટનીતિજ્ઞ યુરોપિયનો બીજી પ્રજાની સાંસ્કૃતિક વ્યવસ્થાઓને છિન્ન-ભિન્ન કરવા માટે કે તેની બળવાન પ્રજાને નિર્માલ્ય કે નષ્ટ કરી દેવા માટે મુખ્યત્વે ચાર તરકીબો અજમાવતા હોય તેમ અભ્યાસ કરતાં જણાય છે.

એ ચાર તરકીબો આ છે:

(૧) ચીરો (૨) વિકાસ (૩) ભેળસેળ (૪) એકતા.

પહેલાં કકડા કરવા [ચીરો પાડવો], પછી એક કકડાનો વિકાસ કરવો, પછી એમાં ભેળ કરવો, પછી એકતા કરવી...અને તે એકતા દ્વારા પહેલા કકડા ઉપર આક્રમણ કરીને તેની અવશિષ્ટ શક્તિને ય ખતમ કરી નાંખવી.

એકતાનો સ્વાંગ સજેલો ભેળસેળિયો અને કૃત્રિમ વિકાસ પામેલો કટકો તો એના જ પાપે ખતમ થઈ જવાનો છે. એટલે આ રીતે બે ય કકડાનો સંપૂર્ણ નાશ થઈને જ રહે.

આ ખૂબ જ સૂક્ષ્મ વસ્તુસ્થિતિ છે. અત્યંત શાન્તચિત્તે જ સમજાય તેવી આ બાબત છે. સમગ્ર વિશ્વની અ-ગોરી પ્રજાઓનો નાશ કરવાને કટિબદ્ધ થયેલા લોકોની આ કૂટનીતિને સમજવાનું કામ અત્યંત મુશ્કેલ છે.

આ કૂટનીતિજ્ઞોએ પોતાની નીતિને અમલમાં મૂકવા માટે પોતાનાથી જેટલું કામ થાય તેટલું કામ તો તે લોકો જાતે જ સાક્ષાત્ રીતે પૂરું કરી દેતા હોય છે. પરંતુ સ્વ-સંસ્કૃતિના ગૌરવથી ખીચોખીચ ભરાયેલા મગજવાળી બળવાન પ્રજાઓની બધી સંસ્કૃતિને ખતમ કરી નાંખવાનું કામ તો અત્યંત કપરું છે. તે તે દેશોની ખેતીનો નાશ કરી નાખવો, વેપાર છિન્નભિન્ન કરી દેવો, સંસ્કૃતિના મૂળભૂત પાયારૂપ નારી-શીલને નષ્ટભ્રષ્ટ કરી દેવું, પ્રજાને ધનના વિષયમાં ભ્રષ્ટાચારી, શીલના વિષયમાં અનાચારી અને ભોજનના વિષયમાં માંસાહારી બનાવી દેવી. પ્રજાની જીવાદોરી સમાન પશુગણનો નાશ કરવો. પ્રજાને ધર્મહીન અને અધર્મપ્રચુર બનાવવી વગેરે વગેરે કાર્યો પરદેશી લોકો સાક્ષાત્ રીતે કરી શકે એ તદ્દન અસંભવિત બાબત છે એટલે એ માટે તો એમણે એ પ્રજાના જ

કેટલાક બુદ્ધિજીવી અને પુણ્યવાન માણસોને એવા તૈયાર કરવા જોઈએ અને એમને એટલા બધા 'મોટા ભા' બનાવીને એમની પ્રજા સમક્ષ ખડા કરવા જોઈએ...કે પ્રજાનો ઘણો મોટો ભાગ ભારે અહોભાવથી પોતાના એ માણસોને જુએ, એમનો પડતો બોલ ઝીલવા સદા તૈયાર થઈને રહે.

આવું કરવા માટે એ જ પ્રજાના કેટલાક માણસોને પસંદ કરીને તેમનું આખું ય મગજ સંસ્કૃતિ-વિરૂદ્ધ અને પ્રગતિ-તરફદાર બનાવવું જોઈએ. એ માટે તેમને વકીલાત વગેરેનો પ્રાગતિક અભ્યાસ કરાવવો પડે. પરદેશી યુનિવર્સિટીમાં વિશિષ્ટ અધ્યયન પણ કરાવવું પડે. આટલું કરીને એમની એક વિશિષ્ટ 'ઇમેજ' તૈયાર થાય એ પછી એમને એમની જ પ્રજા સામે 'મોટા ભા' તરીકે ખડા કરી દેવામાં આવે.

આવા સેંકડો 'મોટા ભા' તૈયાર કરવા પડે, કે જે બધા ય દેખાવે કાળા છતાં, જન્મે હિન્દુસ્તાની છતાં હકીકતમાં તો તે ગોરાઓના જ પાળેલા પોપટ જેવા, રબર-સ્ટેમ્પ જેવા, તેમના અદકેરા એજન્ટ જેવા બની રહે. આવા લોકોનું સ્વરૂપવર્ણન એક જ વાકયમાં કરવું હોય તો એમ કહી શકાય કે 'તેઓ ઈસુખ્રિસ્ત વિનાના ખ્રિસ્તીઓ, યુરોપિયનો છે.' [ ધે આર ઓલ ક્રિશ્ચિયન્સ વિધાઉટ ક્રાઈસ્ટ ] અથવા દેશી અંગ્રેજો છે.

આ રીતે દરેક દેશની પ્રજામાં પોતાની પદ્ધતિનું શિક્ષણ ફેલાવી દઈને ગોરાઓએ પોતાના એજન્ટો તૈયાર કર્યા છે. ભારતનાં નગરોમાં તો આવા એજન્ટો ઘણી જંગી બહુમતિમાં છે. એટલું જ નહિ પણ ભારતની ગવર્નમેન્ટના વહીવટીતંત્રમાં તો સર્વત્ર આ ગોરા-એજન્ટો જ ગોઠવાઈ ગયેલા છે.

ગોરાઓ જ એમાંથી કોઈને ભારતના રાષ્ટ્રપતિ, કોઈને વડાપ્રધાન બનાવે છે, તો કોઈને કેબીનેટ પ્રધાન કે પંતપ્રધાન બનાવે

છે. આ આખી એજન્ટ-ટોળકી ગોઠવાય પછી એના હાથ નીચેના વહીવટીતંત્રમાં એજન્ટોની આખી ને આખી વણઝાર ગોઠવાય છે એમની પણ નીચે એવા જ શિક્ષિતો — ગોરા-એજન્ટો ગોઠવાતા રહે છે. અશિક્ષિતોનો તો અહીં કોઈ 'કલાસ' જ ન હોય એટલે એમના અવાજને રજૂ કરવાનો અહીં કોઈ અવકાશ રહેતો નથી.

આમ એવા બે ત્રણ લાખ સ્વદેશી અંગ્રેજો સમગ્ર દેશની અશિક્ષિત, સરળ, ધર્મી પ્રજા ઉપર પોતાની હકુમત ફેલાવે છે. આખું ય તંત્ર પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણમાંથી તૈયાર થયેલા ભેજા દ્વારા જ ચાલતું રહે છે. એમાં ય થોડીક પણ સાંસ્કૃતિક છાયા આવી ન જાય તે માટે સેક્રેટરીઓનાં ચાવીરૂપ સ્થાનોમાં તો ગોરાઓ પણ ગોઠવાયેલા રહે છે.

પ્રધાનો જ ભારતીય, પણ એમને દોરવણી આપતા સેક્રેટરીઓ તો ખુલ્લેખુલ્લા ગોરાઓ (પરદેશીઓ) કે, છેવટે ગોરાઓના અનન્ય વફાદાર સાથીદારો.

એવી અગમ્ય રીતે આ જાળ દરેક દેશમાં ફેલાવાય છે કે જેની જલદી ગંધ પણ આવતી નથી. હવે આ ગોરાઓના એજન્ટોના હાથે પૂર્વોક્ત તમામ સાંસ્કૃતિક વ્યવસ્થાઓને છિન્નભિન્ન કરી દેવાનું કામ ભારે મુશ્કેલીભર્યું તો ન જ રહે. પશુઓની કત્લેઆમ ગોરાઓના રાજમાં ગોરાઓ જેટલી ન કરાવી શકે તેટલી કત્લેઆમ પાશ્ચાત્ય શિક્ષણ લઈને તૈયાર થયેલા દેશી અંગ્રેજો સહેલાઈથી કરાવી શકે.

ટૂંકમાં, દરેક અગોર દેશની પ્રજાઓનું નિકંદન એમની જ પ્રજાના કેટલા હજાર શિક્ષિતો દ્વારા જ કઢાઈ રહ્યું છે. આ ક્રમ જો ચાલુ જ રહે તો એ પ્રજા એના જ પ્રજાજનો દ્વારા પોતાનો સર્વનાશ વહોર્યા વિના રહે નહિ.

આ સિદ્ધિ પામવા માટે જ 'સ્વરાજ' આપવામાં આવે છે. જેથી દેશની ધરતી પોતાની (અંગ્રેજોની) ઇચ્છા મુજબ વિકાસ પામતી જાય અને સંસ્કૃતિના નાશ દ્વારા પ્રજા બરબાદ થતી થતી અંતે નષ્ટ થાય. પેલી આબાદ બનેલી ધરતી આખી ને આખી એ ગોર પ્રજાના હાથમાં પાકેલા ફળની જેમ આવીને પડે.

હવે પછી આપણે જે વિચારણા કરીએ ત્યાં 'ગોરા' શબ્દ આવે એટલે તે શબ્દથી ગોરી પ્રજા અને ગોરી પ્રજાએ કાળી વગેરે પ્રજામાંથી તૈયાર કરેલા એજન્ટોને પણ યથાયોગ્ય રીતે સમજવા. એટલે કે 'ગોરાઓની ચાલબાજી' એમ કહેવામાં આવે ત્યાં સાક્ષાત્ ગોરાને જ ન સમજતાં એના તૈયાર કરેલા એજન્ટોને પણ યથાયોગ્ય રીતે સમજવાનું રાખવું. તે જ પ્રમાણે ઉપર આવેલ ગોરાએજન્ટ શબ્દનો પણ 'ગોરાઓએ કાળી પ્રજામાંથી તૈયાર કરેલા એજન્ટો'—'દેશી અંગ્રેજો' એવો અર્થ કરવો.

આટલી સ્પષ્ટતા કરી લીધા પછી અગોર પ્રજાના સર્વનાશની પથરાયેલી ભેદી શેતરંજનાં ખતરનાક પ્યાદાંઓને વિચારીએ.

## [૩] ચીરો :

ગૌર પ્રજાના ભેદી મુત્સદ્દીઓને જેનો નાશ કરવો હોય છે તે અવિભક્ત અંગના બે ચીરા (કકડા) કરે છે. તેમાંનો જે એક કકડો તેમને હાથમાં લેવાનો ઇષ્ટ લાગે તેને હાથમાં લે અને બીજા કકડાના નાશ માટે વધુ શક્તિનો વ્યય કરવા જેટલી મૂર્ખતાને તેઓ અપનાવે નહિ. તેઓ તો એમાં એક ચીરો મૂકયા પછી જે ઇષ્ટ કકડો હોય છે તેને જ પકડે.

(૧) આ ભારતવર્ષ એટલે સંતો અને સજ્જનોનો જ દેશ છે. છતાં 'ગામ હોય ત્યાં ઢેડવાડો પણ હોય' એ ન્યાયે દુર્જનો ય આ જ દેશમાં મળી તો રહે, છતાં સંતો અને સજ્જનોની સાથે દુર્જનો અવિભક્ત રહેતા હોવાથી તેમના 'આસુરી' તત્ત્વનું તોફાન આગળ વધી શકતું નહિ.

પણ...આ અવિભક્ત અંગમાં ચીરો મુકાયો; બેયને જુદા પાડી દીધા.

(૨) આ જ રીતે રાજાશાહીમાં ચીરો મૂકીને બળવાનને હાથમાં લીધા અને નબળાઓને જુદા પાડયા. અવિભક્ત મરાઠાઓમાં વૈમનસ્ય ઊભું કરીને છૂટા પાડીને ખૂબ લડાવ્યા; પંજાબના મહારાજાઓથી મરાઠાઓને છૂટા પાડીને લડાવ્યા. મુસ્લિમ રાજાઓમાંય ભાઈ–ભાઈ સુદ્ધાંને જુદા પાડીને પણ લડાવી માર્યા.

(૩) ભારતની અવિભક્ત પ્રજામાં ચીરો મૂકયો...ભણેલી અને અભણ; એમ બે કકડા કર્યા. ભણેલી પ્રજાને હાથમાં લીધી; અભણ પ્રજાને રઝળતી મૂકી.

(૪) હિન્દુસ્તાની લોકોમાં બીજી રીતે પણ ચીરો મૂકયો. તેના બે કકડા કર્યા, હિન્દુ અને મુસલમાન ... હિન્દુઓને વધુ પ્રદેશાદિ આપીને મુસ્લિમોમાં ઉશ્કેરાણીઓ ઊભી કરાવી.

(૫) હિન્દુમાં ય ચીરો કર્યો અને બે કકડા કર્યા. સવર્ણો અને અને હરિજનો; બેયને લડાવ્યા.

(૬) બીજી રીતે પણ હિન્દુઓમાં ચીરો મૂકયો. વૈદિકો અને જૈનો : વૈદિકોનું વિપુલ સંખ્યાબળ અને જૈનોનું વિપુલ બુદ્ધિબળ, આ બે ય ભેગાં મળીને ચાર પુરુષાર્થની સંકૃતિની રક્ષા કરતાં હતાં. હવે એ બેયને છૂટાં પાડયાં. બન્નેયનું બળ તૂટી ગયું.

(૭) ભારતીય શિક્ષણ એક જ પ્રકારનું હતું, જેને માટે એમ કહી શકાય કે એ શિક્ષણ મોક્ષપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિના પાયાનું શિક્ષણ હતું. એ શિક્ષણમાં ધર્મ અને અર્થ–કામનો વ્યવહાર બે ય આવી જતાં. પણ ગૌર પ્રજાના નાયકોએ એમાં ચીરો મૂકયો. એના બે કકડા કર્યા. ધાર્મિક અને વ્યાવહારિક. એમાંના વ્યાવહારિક વિભાગને હાથમાં લીધો...તેમાંથી ધાર્મિક શિક્ષણની 'સિકયુલર સ્ટેટ'ના નાતે હાકલપટ્ટી કરી. પાઠશાળા, મદ્રેસાઓ, વગેરેમાં અપાતું ધાર્મિક શિક્ષણ રઝળતું મૂકયું.

(૮) વળી ધર્મમાં ય મોટો ચીરો મૂકયો, અને તેના બે કકડા કર્યા. એકનું નામ ધર્મ અને બીજાનું નામ સંપ્રદાય. બહુમતિમાં હોય તેને ધર્મ કહેવાની વ્યાખ્યા હાલ ગર્ભિત રીતે રાખી છે. પણ તે વ્યાખ્યા મુજબ લઘુમતિમાં રહેતા ધર્મોને સંપ્રદાયો ઠરાવીને નષ્ટ કરવાની તેમની ચાલબાજી છે. આથી જ આજે તેઓ અનેક ધર્મોને સંપ્રદાય કહે છે. સંપ્રદાયોને બગડેલા કહે છે, નાબૂદ કરવાની વાતો વહેતી મૂકયા કરે છે.

(૯) વળી ધર્મોના બીજી રીતે પણ બે ટુકડા કરતો ચીરો તેમણે મૂકયો છે. સાંપ્રદાયિક ધર્મો અને બિનસાંપ્રદાયિક ધર્મો. આમાં

દરેક ધર્મના જે તે ક્રિયાકાંડો છે તે વિભાગને તેઓ સાંપ્રદાયિક કહે છે અને અહિંસા, માનવતા, દયા વગરે સર્વધર્મ–સાધારણ ધર્મો છે તેને તેઓ બિનસાંપ્રદાયિક કહે છે. બિનસાંપ્રદાયિક ધર્મોને જ ઉત્તેજન આપવાની લોભામણી વાતો કરીને તે લોકોએ ધર્મના પ્રાણ સ્વરૂપ ક્રિયાકાંડોને 'સંપ્રદાયનું ઝેર' જણાવ્યું અને તેના તરફ ઘોર નફરત પેદા કરાવી, તેની ઘોર અવગણના કરાવી.

(૧૦) 'અહિંસા' ધર્મમાં ચીરો મૂકીને બે કકડા કર્યા: વ્યવહારુ અને અવ્યવહારુ.

કીડી, મંકોડીની દયાસ્વરૂપ અહિંસાને અવ્યવહારુ કહી, અને રોગી માનવી કાજેની દવાઓ તૈયાર કરતી વખતે થતી અબોલ પ્રાણીઓ ઉપરની ઘોર રિબામણથી માંડીને મરણ સુધીની હિંસાને તેમણે રોગીની દયાસ્વરૂપ 'વ્યવહારુ અહિંસા' જાહેર કરી.

(૧૧) ગર્ભપાત: કાયદેસરનો અને ગેરકાયદેસરનો;

(૧૨) નાણું: કાળું અને ધોળું;

(૧૩) છૂટાછેડા: કાયદેસરના અને ગેરકાયદેસરના;

(૧૪) દારૂ: લાઈસન્સનો અને લાઈસન્સ વગરનો;

(૧૫) ચોરી: કાયદેસરની અને ગેરકાયદેસરની;

(૧૬) ખૂન: કોર્ટથી સાબિત થતું અને સાબિત નહિ થતું;

(૧૭) વેપારી: લાઈસન્સવાળો અને લાઈસન્સ વિનાનો અથવા મોટો અને નાનો વગેરે દષ્ટાંતો આપી શકાય.

આવી રીતે ચીરાઓ પાડીને, જે ખરેખર પાપ છે તેવા પણ કાયદેસરના ગર્ભપાત, છૂટાછેડા, દારૂ, ચોરી વગેરેને અ–દુષ્ટ ઠરાવ્યા છે, અને એ રીતે ભારતીય સંસ્કૃતિની પાયમાલી બોલાવી દેવામાં આવી છે.

અનુભવીઓ કહે છે કે અંગ્રેજોની નીતિ 'ડિવાઈડ એન્ડ રૂલ'ની હતી. ભેદ પાડો અને રાજ કરો.

પણ ના. એ વિધાન સંપૂર્ણ સાચું જણાતું નથી, એમની નીતિ 'ડિવાઈડ એન્ડ રૂલ'ની ન હતી. ભેદ પાડો અને ખતમ કરો.

આ લોકોએ પોતે જ આ દેશમાં સાક્ષાત્ રહીને પવિત્ર સંસ્કૃતિનો અને ખમીરવંતી પ્રજાનો બુકડો બોલાવી દેવામાં 'ચીરા'ની ઘાતકી નીતિને ખૂબ જ અગ્રિમતા આપી છે, અને તેઓ તેમાં મહદંશે સફળ પણ થયા છે. આ દેશની પ્રજાને, પ્રજાના પોતાના જ દેશમાં ઘાતકી રીતે લડાવી મારી છે. જ્યારે જ્યારે આ લોકો આ દેશના રાજાઓ વગેરેમાં કકડા પાડીને અમીચંદો, મીરજાફરો કે જયચંદો ઊભા કરી શકયા નથી ત્યારે પ્રચંડ સૈન્ય અને ભયાનક તોપોના બળથી પણ આ દેશને જીતી શકાયા નથી એ વાતની સ્પષ્ટ ગવાહી ઇતિહાસ પૂરે છે.

## [૪] વિકાસની મહાજાળ

'ચીરા'ની પહેલી યોજના જ્યાં લાગુ થઈ ત્યાં બીજી યોજના લાગુ થાય છે. એનું નામ છે : વિકાસ.

આ 'વિકાસ' માત્ર દેખાવ પૂરતો હોય છે. વસ્તુતઃ તો એ વિકાસ છેવટે જઈને વિનાશનો જ સર્જક બને છે. આ જ તો ગોરાઓની ભયંકર મુત્સદ્દીગીરી છે કે તેઓને કરવાનું હોય છે કાંઈક જુદું જ અને દેખાવ કરે છે તેથી સાવ જ વિપરીત.

દેખાડે વિકાસ, અને થાય વિનાશ. આથી જ એ બધા વિકાસને આપણે વિકાસની 'મહાજાળ' કહીશું, હવે આ મહાજાળને વિગતથી, દૃષ્ટાન્તોથી સમજવા કોશિશ કરીએ.

**[૧] રાજાશાહી :** રજવાડાંઓને ખતમ જ કરવાં હતાં માટે તેમણે રાજાઓને ખૂબ છાપરે ચડાવ્યા. તેમને ઝૂકી ઝૂકીને સલામો કરી. તેમનાં વખાણ કરતાં તેઓ કદી થાકયા નહિ. બ્રિટિશ-તાજ તરફથી માખણો લગાડવામાં અને ખિતાબો એનાયત કરવામાં તેમણે કદી પાછું વળીને જોયું નહિ. રાણીઓને ભણાવવા માટે ખાસ પરદેશી વિદ્વાનોને અહીં મોકલવામાં આવતા. રાજકુમારોને પરદેશોની શિક્ષણસંસ્થાઓમાં ભણાવવા માટે લઈ જવામાં આવતા. કયારેક રાજા ભૂલ કરી બેસતો અને પ્રજા વીફરતી તો આ ગોરા રેસિડંટો વગેરે વચમાં પડતા અને પ્રજાને કહેતા, 'રાજા તો આપણો ભગવાન કહેવાય. એની ભૂલને ભૂલ તરીકે જોવાય જ નહિ.'

પરદેશ ગયેલો રાજા સ્વદેશ આવતો ત્યારે ૩૧-૩૧ તોપોની સલામી આ જ અંગ્રેજો આપતા. હિન્દુસ્તાનના બીજા રાજાઓને

ઉશ્કેરીને લડાવતા પણ અંગ્રેજો; અને એ ભય નીચે રાજાઓના સૈન્યને મજબૂત બનાવવાનું કામ કરતા પણ એ જ અંગ્રેજો. આ અંગ્રેજોની પ્રજાની દુષ્કાળ આદિની આફતોને પણ પરદેશથી ધન-ધાન્ય વગેરે મંગાવીને નિવારતા અને આ રીતે અનેકાનેક યુક્તિ-પ્રયુક્તિઓથી રાજાશાહીનો ખૂબ વિકાસ કરતા રહ્યા. આની પાછળ મુખ્ય આશય તો રાજાશાહીના વિનાશનો જ હતો. કેમકે સમગ્ર હિન્દુસ્તાનનો એકચક્રી કબજો મેળવવા માટે રાજાશાહીને ખતમ કર્યા વિના ચાલે તેમ ન જ હતું. એ ખંધા અંગ્રેજોએ જાણી લીધું હતું કે હિન્દુસ્તાન ઉપર જે કોઈ બહારનું આક્રમણ આવ્યું તેમાંનો કોઈ પણ રાજા [ જે અહીંનો વતની બની જઈને પ્રજામય બનવાની યોગ્યતા ન ધરાવતો હોય તેવો ] એકચક્રી શાસન સ્થાપી શક્યો નથી. કેમ કે હિન્દુસ્તાનમાં અનેક રાજાઓ; તે દરેકની ધરતી ઉપર તેની પોતાની જ હકુમત...હવે એમાંથી કેટલાને જીતવા ? હિન્દુસ્તાનની ધરતીમાં ઊંડે ઊંડે જતાં આફતો કેટલીય આવે. સૈન્યને ખાધાખોરાકીની પણ પ્રજા તરફથી ભારે મુશ્કેલી ઊભી કરાય. બધા રાજાઓને જીતી લેવાય નહિ ત્યાં સુધી સમગ્ર હિન્દુસ્તાન કબજે આવે નહિ, એટલે આખી રાજાશાહીનું વિલીનીકરણ થાય અને સમગ્ર હિન્દુસ્તાન ઉપર દિલ્હીનો એક જ દરબાર થઈ જાય તો ભારતને જીતી લેવા માટે ફક્ત દિલ્હીને જ જીતવું પડે. ભારતને નબળું કરીને નષ્ટ-વિનષ્ટ કરી દેવા માટે દિલ્હીના તંત્રના ઢાંચા કબજે કરીને નબળા પાડી દેવાનું જ કામ કરવાનું રહે.

આ સિદ્ધિને પામવા માટે રાજાઓ સામે જંગે ચડીને રાજા-શાહીને ખતમ કરવાનું કામ તો આસમાનના તારા તોડવા કરતાંય વધુ કઠિન હતું. એટલે જ આક્રમક બનીને રાજાશાહીનો વિનાશ કરવાની યોજના ન ઘડતાં રાજાશાહીના સંરક્ષક અને સંવર્ધક બનવાનો દેખાવ કરીને, જ્યાં ને ત્યાં—જે તે રીતે યોગ્ય લાગ્યું તે મુજબ

ચીરાઓ પાડતા ગયા. કકડા કરતા ગયા. નબળાઓની અવગણના કરીને તેમને વધુ નબળા પાડીને નષ્ટ કરતા ગયા અને સબળ કટકાને 'વિકાસની મહાજાળ'ના લપેટામાં ફસાવતા ગયા. રાજાશાહીના એ વિકાસે અંતે એ રાજાશાહીનો ભારતની ધરતી ઉપરથી કેવો વિનાશ કર્યો એ વાત સહુને સુવિદિત છે.

એ અંગ્રેજો જાણતા હતા કે ભારત ઉપર કાયમના આપણા સ્વરાજની સ્થાપના કરવી હોય તો તેમાં સૌથી વધુ બાધક બનનારી છે; સંતશાહી. સંતશાહીને ખતમ કરવાનું કામ અતિ કઠિન હતું. લોકહૈયે સંતોની પ્રતિષ્ઠા એટલી બધી ઉત્કૃષ્ટ હતી કે તેને તોડવાનું કામ અત્યંત કપરું હતું. વળી વિકાસની કોઈપણ ચાલબાજી રમવા જાય તો એ દીર્ઘદ્રષ્ટા સંતો એમાં ફસાઈ જાય એ સંભવિત ન હતું. એટલે જ સંતશાહીનો નાશ કરવાની એમની મુરાદ હોવા છતાં વિનાશની તોપનું મોં એમણે રાજાશાહી તરફ દેખાડયું. અને એના સામે લોકશાહીનું એક કૌભાંડ ઊભું કર્યું. ભેળસેળની ત્રીજી યોજના દ્વારા એમાં ફુગાવો ઉત્પન્ન કર્યો. પછી લોકશાહીને એની સામે ખડી કરીને એને ખતમ કરી. 'રાજા' એ પણ ભારતનો એક પ્રકારનો સંત જ હતો. મહાસંતોનો એ સંરક્ષક હતો. એને ખતમ કરતાં સંતશાહી અને સજ્જનશાહી બે ય નષ્ટપ્રાયઃ થયાં.

આમ લોકશાહી દ્વારા સંતશાહી, સજ્જનશાહી અને રાજાશાહી ત્રણેયને ખતમ કરવામાં આવી. ભારતમાં પોતાના આદર્શ 'સ્વરાજ'ની આડે આવતી આ ચીની-દીવાલો ઊખડી ગઈ. માર્ગ ઘણો મોકળો થઈ ગયો.

[૨] **વેપારી** : અનેક રીતે આ વર્ગમાં ચીરાઓ પાડીને તેના કકડા કરવામાં આવ્યા છે. એ પછી જ્યારે ઠીક લાગ્યો તે કકડા ઉપર વિકાસની લોભામણી મહાજાળ બિછાવાઈ છે. ખૂબ જ

ધનાઢ્ય વેપારીઓને મોટા માનચાંદ અપાયા છે. 'જગતશેઠ' સુધીનાં બિરૂદો આપીને એમને ય 'મોટા–ભા' બનાવાયા છે. આજે પણ 'લાઈસન્સ' વગેરે એવા 'મોટા–ભા'ને આપીને નાના વેપારીના બીજા કટકાને ધંધાથી બરબાદ કરી દેવામાં આવ્યો છે. હવે તો નાના વેપારીઓને હાથકડીઓ પહેરાવવાની, ભરબજારે હંટરથી મારવાની યોજનાઓ પણ અમલમાં મુકાતી હોવાનું સાંભળવા મળે છે. આમ અમુક પુણ્યવાન વેપારીઓને વિકાસની જાળમાં લઈને ઇજારાશાહી, ફુડ કોર્પોરેશનો વગેરેનાં આયોજનો દ્વારા એમને એવી રીતે માતબર કરીને, જગતના મહાન માણસો તરીકે જાહેર કરીને, રાષ્ટ્રના પરમ રખેવાળો તરીકે બિરદાવીને 'મોટા–ભા' કરાયા છે અને પછી તે જ વેપારી સંસ્થાના બીજા કટકાનો કે જેમાં લાખો નાના ધંધાના વેપારીઓ છે તેનો નાશ કરવાનું કામ અત્યાર સુધી એકધારી રીતે ચાલી રહ્યું છે.

[૩] **ખેતી :** અહીં પણ વિકાસની મહાજાળ બિછાવાઈ છે. વેપારીઓ સામે લડવા ખેડૂતોને ખડા કરી દેવા માટેની બધી જ યુક્તિઓ અને ભેદી યોજનાઓ કામે લગાડાઈ છે. ઋણરાહતધારો, ગણોતધારો વગેરે દ્વારા, કરમાફી દ્વારા; ઉદાર ધિરાણ દ્વારા ખેડૂતને ખૂબ સુખી કરી નાંખ્યાનો દેખાવ ઊભો થયો છે. પરંતુ અંતે તો સહકારી ધોરણની ખેતીના ખંજરથી આ જ ખેડૂતોને ખતમ કરાશે. રાક્ષસી યાંત્રિક ટ્રેકટરોની મદદથી ખેતી કરવા માટે અંગ્રેજો (રશિયનો) ખેતીનો સઘળો વ્યવસાય પોતાને કબજે કરી લેશે. રાસાયણિક ખાતરો, જંતુઘ્ન દવાઓ, હાઈબ્રીડ બીજના પ્રયોગો દ્વારા ખેતીમાં ઉત્પાદન ખૂબ વધારી મૂકવામાં આવ્યું છે, તેની પાછળ માનવમનની ધનલાલસાની નબળી કડી ખૂબ જ ઉપયોગી બની છે; પરંતુ આવા જંગી ઉત્પાદનના વિકાસથી—ખૂબ હંટરો મારીને દોડાવી મૂકેલા ઘોડાની શક્તિનો નાશ કરી નાંખવાની જેમ : કે અમુક ખોરાક આપીને

ગાયનું વધુ પડતું દૂધ મેળવી લેવાની જેમ ખેતીની જમીન રસકસ વિનાની થશે; બળી પણ જશે; જેને ભારતીય ખેડૂ પુનઃ સજીવ કરી શકવાને અસમર્થ બની જશે.

'વધુ ઉત્પાદન'ની ધૂનમાં, જે વિકાસની મહાજાળ બિછાવાયેલી છે તે ભાગ્યે જ કોકની નજરે ચડે તેવી છે. 'વધુ વિકાસ'ની યોજના સાથે 'વધુ ઉત્પાદન'નો ગાઢ સંબંધ છે. વધુ વિકાસ માટે 'વધુ યાંત્રિક વાહનો' અનિવાર્ય છે. આથી ઉત્પાદન પામતું ઘણું ખરું અનાજ વગેરે એ યાંત્રિક વાહનોથી પરદેશ ભેગું થઈને જ રહે છે. હૂંડિયામણની વળગાડાયેલી આંધળી ઘેલછા આમાં ફેર વિચાર કરવા દેતી નથી. આથી જ સ્વદેશના માણસોને ચીજવસ્તુઓ પણ પ્રાપ્ય નહિ બનતાં મોંઘવારી, ભૂખમરો અને બેકારી સર્વત્ર વ્યાપી જાય છે.

જો વધુ ઉત્પાદનની ઝુંબેશ પડતી મુકાય તો યાંત્રિક વાહનોની જરૂરિયાત ઘટી જાય; અને હૂંડિયામણ, નિકાસની ઘેલછા શાન્ત પડી જાય. આથી માલની હેરફેર બળદગાડાં વગેરેની સહાયથી થવા લાગે. માલ ભરેલાં એ બળદગાડાં દોડીને ય કેટલે દૂર જઈ શકે? એટલે પોતાના જ તાલુકામાં કે જિલ્લામાં કે રાજ્યમાં જ એ માલ પહોંચતો થઈને પૂરો વેચાઈ જતાં સર્વત્ર ચીજવસ્તુની છત થઈ જાય.

બળદની જરૂર વધતાં છાણ-મૂત્ર વગેરે પણ વધે: એટલે એ ખાતરથી જમીનના રસકસ વધે. બીજી બાજુ યાંત્રિક વાહનોની હેરફેર ઘટતાં પેટ્રોલની જરૂર ઓછી થાય; ગેસની જરૂરિયાત ઘટે. છાણની જરૂર વધે, એથી પશુઓની આવશ્યકતા વધે.

એમ થતાં દૂધ-ઘી વગેરે વધે; આરોગ્યાદિને એના કહેવાતા લોકમાન્ય ભૌતિક લાભો પણ પ્રાપ્ત થાય.

પરંતુ જેને સર્વનાશ જ કરવો છે એ લોકો આ વાત સાંભળે જ નહિ, અને એમના કબજે ગયેલા શિક્ષિતો પણ આ વાત સમજવા ય તૈયાર થાય નહિ એ તદ્દન સમજાય તેવી વાત છે.

[૪] **નારી-સંસ્થા :** વિકાસની મહાજાળમાં 'નારી'ને તો આ લોકોએ આબાદ સપડાવી છે. 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ' એ આર્ષ-વાક્યની આ લોકોએ પેટ ભરીને ઠેકડીઓ તો ઉડાવી જ છે; પણ 'ગોબેલ્સ' નીતિ અપનાવીને હિંદુસ્તાનની અત્યંત બુદ્ધિમાન પ્રજાના પુરુષવર્ગને ય મંતરી નાખ્યો ! અરે ! સ્ત્રીને પણ આપઘાતની આ તરકીબમાં પોતાનું કલ્યાણ સમજાવી દીધું !

વિકાસને નામે નારીને શિક્ષણ, સહશિક્ષણ, પુરુષ સાથેનો મુક્ત સહચાર, છૂટાછેડાની સગવડ, ગર્ભપાતની અનુકૂળતા, આંતર-જ્ઞાતીય, આંતરખંડીય લગ્નોની સ્વતંત્રતા, ઘોડિયાઘરમાં આયાઓથી બાળકોનો વિકાસ, પતિથી સંપૂર્ણ રીતે મુક્ત જીવન; નોકરી કરીને પગભર થવાની ઝુંબેશ, આજીવન કૌમાર્યની ભલામણ, પુરુષ સમો-વડીપણું વગેરે અનેક આકર્ષણો આપી દીધાં.

આ બધાથી નારીના જીવનનો વિકાસ થયો. પરંતુ હકીકતમાં તો; નારી એક પુરુષની પત્ની હતી; જે હવે અનેક પુરુષની ગુલામ બની; 'બોસીઝમ'ના સ્ટીમ રોલરની નીચે કચડાઈ મરી.

નારી તો મુખ્યત્વે રક્ષ્યા હતી; ભોગ્યા તો ગૌણરૂપે ગણાતી. એનું જીવન મહાસતી સાધ્વીનું કે સતી એવી સ્ત્રી તરીકે જ રહેતું. સ્વચ્છંદી જીવન જીવવાનું એને સ્વાતંત્ર્ય બેશક ન જ હતું; પરંતુ ઘરની તો એ રાણી હતી; ઘરની, પતિની સંપત્તિનો વહીવટ એ કરતી; બાળઉછેરથી એ મસ્ત રહેતી. એને માથે જગતની કોઈ જ જવાબદારી ન હતી.

અફસોસ ! એના જીવનના વિકાસના નામે એના મસ્ત પવિત્ર જીવનનો વિનાશ કરાવાયો.

ભારતે પોતાની જીવાદોરી સમું 'નારી-શીલ' ખોઈ નાખ્યું, એથી પ્રજા નિર્માલ્ય પાકી. ભ્રષ્ટાચાર, અનાચાર અને માંસાહારનું સેવન કરતી થઈ.

જેનું બીજ બગડયું...એનું બધું જ બગડયું,

[૫] **આયુર્વેદ :** આયુર્વેદ એ ભારતીય પ્રજાનું ખૂબ જ સસ્તું અને નિર્દોષ જીવનઘડતર માટેનું અનન્ય શાસ્ત્ર હતું. આજે એના વિકાસના નામે સ્ટેથોસ્કોપ, થર્મોમીટર, ઈંજેકશન, અંગ્રેજી ઢાંચામાં દવાઓનું રૂપાંતર, દવાઓની બાટલીઓ, પેકિંગો, રેપરિંગ અને નામો સુદ્ધાંમાં પશ્ચિમનું અનુકરણ થયું છે.

આ સમગ્ર વિકાસ આયુર્વેદના મૂળભૂત વિજ્ઞાનને કયારનોય ખતમ કરી ચૂકયો છે.

[૬] **હરિજન :** 'શૂદ્ર' પૈકીમાંનો એક છે હરિજન.

આ બિચારાની આજે કેટલી ભયંકર સ્થિતિ કરી! એના વિકાસનું બૂમરાણ મચાવીને એના મૂળભૂત ધંધાઓથી એને છૂટો કર્યો, હાથશાળનું વણાટકામ વગેરે જો એની પાસે હોત તો એનો રોટલો એ આજે ય 'અભણ છતાં' રળતો હોત. પણ એના પડખે કેટલાક માણસો ચડી ગયા. બે-ચારને પ્રધાન બનાવ્યા; બે-ચાર ટકા જેટલાને ગામઠી નિશાળો વગેરેમાં નોકરી અપાવી. ઢોલ પીટી પીટીને આ વિકાસની જાહેરાત કરી.

બાકીના બધાયનો ભુકડો બોલાઈ ગયો. ન મળે તેમના મૂળભૂત ધંધા; ન કોઈ તેમને રાખે પોતાના પ્રાગતિક ધંધામાં...'અતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ' જેવી બિચારાની દશા થઈ.

અબ્રાહમ લિંકને ઘાતકી એવી ગુલામીની પ્રથા નાબૂદ તો કરી પણ પછી એ ગુલામોને રોટલો આપનાર કોઈ ન મળ્યો, રોટલો માગવા જતાં ગુલામોને અમેરિકન શ્રીમંતો વ્યંગમાં કહેતા; 'તમે

હવે સ્વતંત્ર થઈ ગયા છો?' આસ્તો એક ઘણી મોટી આનંદની બાબત છે ને?' અસ્તુ.

[૭] **દૂધની ડેરીઓ :** દૂધના વિકાસ માટેની કહેવાતી આ ડેરીઓ જ્યારથી થઈ ત્યારથી દૂધ મોઘુંદાટ થતું થતું નષ્ટ થવા લાગ્યું છે. ઢોરોની ઓલાદ સુધારવાના નામે રશિયન વગેરે ઢોરો દ્વારા ભારતીય ઢોરોની ઓલાદ બગાડીને ખતમ કરવાનું કૌભાંડ વ્યવસ્થિત રીતે ચાલી જ રહ્યું છે.

[૮] **શાકાહાર :** આના વિકાસના નામે વસ્તુતઃ શાકાહારનો નાશ કરીને માંસાહાર જ પ્રચારવાનો છે. 'શાકાહારી માંસ' વગેરે ખવડાવીને માંસની સૂગ દૂર કરાવવાની છે, અને પછી પ્રજાને માંસાહાર કરતી કરી દેવાની છે. શાકાહારના પ્રચારમાં રહીને માંસાહારનો વિરોધ ન કરવો એ શાકાહારીઓનો માંસાહાર પ્રચારમાં જ ફાળો છે ને?

ટૂંકમાં એમ કહી શકાય કે આ ગૌર લોકો અને તેમના એજન્ટો જેને પ્રેમથી અડવાનો દેખાવ કરતા હોય છે તે વસ્તુ જ આ જગતમાંથી ગાયબ થઈ જવા લાગે છે.

'બે બળદની જોડ'નું પ્રતીક કોંગ્રેસે સ્વીકાર્યું કે પછી બળદ આ ધરતી ઉપરથી વિદાય થવા લાગ્યો.

ગાય-વાછરડાનું પ્રતીક શાસક કોંગ્રેસે સ્વીકાર્યું કે પછી દર વર્ષે ૩ કરોડ ગાયોનું માંસ આરબ દેશોમાં મોકલવાનો ઠરાવ થયો.

દારૂબંધી દાખલ થઈ પછી જ દારૂ ખૂબ ફેલાયો.

સ્વદેશીની ઝુંબેશ વધી ત્યારથી જ પરદેશી માલની ધૂમ આયાત ચાલુ થઈ.

ગોરી પ્રજાના એજન્ટો—આપણા ભારતીય શિક્ષિત સત્તાધીશો ઘઉંને અડયા તો ઘઉં ડૂલ; જો ખાંડને અડયા તો ખાંડ ડૂલ; જો તેલને અડયા તો તેલ ડૂલ.

અને આ જ ન્યાયે હવે જો ધર્મને અડયા તો ધર્મ પણ ધરતી ઉપરથી ડૂલ થઈ જ જવાનો.

મને પેલી રાજાશાહીના સમયની વિષકન્યા યાદ આવે છે; જેને એ અડી; એનું મોત થયું. અને પેલા વાઘનખ પહેરેલા શિવાજી યાદ આવે છે; અફઝલખાનને ભેટયા અને એ બિચારો ! ઊભો જ ચીરાઈ ગયો !

'વિકાસના નામે સ્પર્શ કરો...અંતે જઈને એનો વિનાશ કરો...' ગોરા લોકોની વિકાસની આ મહાજાળ જેટલી વહેલી જાણીએ એટલું આપણું મોત દૂર તો ઠેલાય જ.

આપણાં ધર્મશાસ્ત્રોમાં કસાઈના બોકડાનું અને કસાઈની ગાયનું રૂપક દષ્ટાંત આવે છે. બોકડાને રોજ પૌષ્ટિક લીલા ચણા મળતા અને બોકડો તગડો બનતો. જ્યારે કસાઈને દૂધ પૂરું પાડતી ગાયને સામાન્ય ઘાસ પણ ન મળતું.

એક દી વાછરડાએ પોતાની માતાને આવા ભેદભાવનુ કારણ પૂછ્યું. માએ સમાધાન કરતાં જણાવ્યું કે એ બોકડો કોઈ દી મહેમાનો આવતાં ભોજન માટે કપાઈ જશે; આપણી એવી દુર્દશા નહિ થાય. ખરેખર એક દી એમ જ થયું. બોકડો કપાઈ ગયો.

બોકડાના વિકાસમાં જ બોકડાનો વિનાશ. પેલો પારધી ! જાળ પાથરીને ઘણાં કબૂતરોને ભેગાં કરે ! ખૂબ શાન્તિથી રાખે, ખાંસી પણ ન ખાય. ખૂબ ખાવા દે...

પણ અન્તે શું ? હમણાં કબૂતરો ખાય છે, પછી કબૂતરોને જ ખાઈ જવાનાં છે. વિકાસના દેખાવ નીચે જ સર્વનાશ.

[૯] **હજી થોડાં ઉદાહરણો લઈએ :** રામકૃષ્ણના અનુયાયી વર્ગની ભારતમાં જંગીબહુમતિ છે, આ બહુમતિના ધર્મોનો નાશ કર્યા વિના આદર્શ રૂપે 'સ્વ–રાજ'ને ભારતમાં સ્થાપી શકાય તેમ નથી. એટલે આ ધર્મોનો નાશ કરવા માટે જ એ ધર્મોના વિકાસની અતિ ઉગ્ર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

એ ધર્મોનાં ધર્મશાસ્ત્રોનાં સંશોધનો પણ વિપુલ ધનવ્યયથી કરવામાં આવ્યાં છે. એ જોઈને એકવાર તો ભોળા માણસને એમ જ લાગી જાય કે, 'આપણા ધર્મગ્રંથો ઉપર ગોર લોકોનો કેટલો બધો પરિશ્રમ ! આપણે વૈષ્ણવો કે બ્રાહ્મણો માત્ર ક્રિયાકાંડી ! આવો પરિશ્રમ લેવાનું તો કોઈનું ય ગજું નહિ.

આજે પરદેશોમાં ભારતીય ધર્મગ્રન્થો ઉપર 'રીસર્ચ' શરૂ થયેલ છે. રીસર્ચ ઇન્સ્ટીટયૂટો સ્થપાયાં છે. રીસર્ચનું તો જાણે કે ત્યાં ઘેલું જ લાગ્યું છે.

પણ વસ્તુના એ રીસર્ચથી આપણા ભારતીય ધર્મો અને ધર્મ-ગ્રંથોનો વિકાસ નથી. દેખાતા એ વિકાસની રાખ નીચે આપણા ધર્મોના વિઘાતક અંગારા જલી રહ્યા છે.

કેટલાંક વર્ષો પૂર્વે સો ઓસ્ટ્રેલિયનોએ પતંજલ યોગની સાધના શરૂ કરી. લગાતાર ત્રણ વર્ષ સુધી એ સાધનામાં બેઠા એવું જાહેર થયું. આપણા ભોળા હિન્દુસ્તાની લોકો આ સમાચાર સાંભળીને આનંદવિભોર થઈ ગયા. પણ જ્યારે ઓસ્ટ્રેલિયન સાધકોએ પતં-જલ–યોગની સાધનાનો અહેવાલ બહાર પાડયો ત્યારે સહુ સ્તબ્ધ થઈ ગયા. એમણે જાહેર કર્યું કે, 'અમને આ ભારતીય યોગ અત્યંત ગમ્યો છે, અને અદ્‌ભુત શાન્તિ પ્રાપ્ત થઈ છે. પણ અમારે એક જ વાત જગતને સૂચવવાની છે કે, મહર્ષિ પતંજલિએ તો આ યોગ સાધના કાળ દરમિયાન સુરા, સુંદરી અને મદ્યનો સ્પષ્ટ નિષેધ કર્યો છે, કેમ કે તેઓ આ ત્રણ વસ્તુઓના સેવનને સિદ્ધિમાં પ્રતિબંધક

માને છે. પરંતુ અમારા સાધના કાળમાં અમે આ ત્રણેયનું સેવન કરેલ છે છતાં અમને સિદ્ધિ (કોણ જોવા ગયું હતુ ?) મળી છે માટે યોગક્રિયા સાથે આ ત્રણેને વર્જ્ય સમજવાં નહિ !' જોયું ને ? કેવી આબાદ રીતે યોગને ભોગમાં જ પરિણમાવી દઈને નષ્ટ કરી દીધો ! યોગના વિકાસથી જ યોગનો વિનાશ !

[૧૦] **વેદપિતા મેકસમૂલર :** વેદોનું એટલું બધું ઉત્કૃષ્ટ સંશોધન મેકસમૂલરે કર્યું કે ભારતીય લોકોએ એને 'વેદપિતા'નું બિરૂદ આપી દીધું. આ ગોરાના 'પત્રો તથા જીવન' એમ બે વિભાગમાં એક પુસ્તક બહાર પડયું છે. ( લાઇફ એન્ડ લેટર્સ ઓફ ફ્રેડરિક મેકસમૂલર ) એમાં કેટલાંક એવાં ઉધ્ધરણો જોવા મળે છે; જેના ઉપરથી એના હૈયે પડેલો વૈદિક ધર્મો પ્રત્યેનો ભારોભાર ધિક્કારભાવ એકદમ છતો થઈ જાય છે. ઈ. સ. ૧૮૬૬ની સાલના એક પત્રમાં તેણે પોતાની પત્નીને જણાવ્યું છે કે વેદના અનુવાદનું મારું આ સંસ્કરણ ઉત્તર કાળમાં ભારત દેશના ભાગ્ય ઉપર ખૂબ સારો પ્રભાવ ફેંકશે. આ તેના ધર્મનું મૂળ છે. હું નિશ્ચયપૂર્વક કહી શકું કે છેલ્લાં ત્રણ હજાર વર્ષોથી વેદમાંથી જે કાંઈ ફેલાયું છે તે બધાયને ખતમ કરી દેવાનો ઉપાય એક જ છે કે વેદો શી રીતે ભારતના ધર્મોનું મૂળ છે એ વાત સ્પષ્ટ કરીને દેખાડી દેવાય.

[ This edition of mine and the translation of the Veda will hereafter tell to a great extent on the Fate of India. It is the Root of their religion and to show them what the root is, I feel sure, is tqe only way of uprooting all that has sprung from it during the last three thousand years [Vol. I, Ch. XV. page 346]

કેવા છે આ ગોરાઓ! ભારે જહેમત ઉઠાવીને વેદોનું સંશોધન કરે અને તેથી 'વેદપિતા'નું બિરૂદ મેળવે! પણ અંદરથી કેટલા મેલા! કે એ સંશોધન દ્વારા જ લોકહૃદયે નશીન થયેલા વેદોને જડમૂળથી ઊખેડી નાંખવાની પેરવીઓ કરે!

સંભવ છે કે વેદોને ખૂબ મહાન જાહેર કર્યા બાદ, ભૂગોળ સંબંધિત પૃથ્વીના સ્થિરત્વાદિની વેદોની માન્યતાને પ્રગટ કરીને એ ગ્રંથોની હાંસી ઉડાવી દેવાતી હોય!

[ પહેલાં વેદોને લોકહૃદયે પ્રતિષ્ઠિત કરવા દ્વારા બાકીના તમામ ધર્મગ્રંથોને લોકહૃદયેથી દૂર કરવાના હોય પછી ભૌગોલિક માન્યતામાં ભૂલો દેખાડીને વેદોને લોકહૃદયેથી ફેંકી દેવાના હોય! ]

[**૧૧**] વિકાસની કેવી ભયાનક જાળો બિછાવાઈ છે! આથી આ જ વેદપિતા (!) મેકસમૂલરે ભારત સચિવ, ડયૂક ઓફ આર્ગાઈલને ઈ. સ. ૧૮૬૮ની ૧૬મી ડીસેમ્બરે લખેલા પત્રમાં જણાવ્યું છે કે, 'ભારતનો પ્રાચીન ધર્મ હવે નષ્ટપ્રાય દશામાં છે, હવે જો ઈસાઈ ધર્મ એનું સ્થાન નહિ લઈ લે તો તેમાં દોષ કોનો ગણાશે?'

[ અંગ્રેજી : The ancient religion of India is doomed and if Christianity does not step in whose fault will it be ? [Vol. I, Ch. XVI, p.3781]

ઈંગ્લંડના આ મેકસમૂલરના સમકાલીન હતા; જર્મનીમાં આલ્બર્ટ વેબર. આ વિદ્વાને સંસ્કૃત ભાષાનો ઠોસ અભ્યાસ કર્યો હતો, પણ એનાથી એણે કૃષ્ણ ચરિત્ર વગેરે ગ્રંથોની હાંસી જ ઉડાવાનું કામ કર્યું. પ્રસિદ્ધ વિદ્વાન લેખક બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાના કૃષ્ણ ચરિત્રની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે પ્રસિદ્ધ વેબર સંસ્કૃત ભાષાના પંડિત તો છે જ; પરંતુ મને લાગે છે કે જે ક્ષણે તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો હશે તે ભારતવર્ષ માટેની ખૂબ જ

અશુભ ક્ષણ હતી. [મૂલ : 'વિરવ્યાતે વેબર' સાહેબ પંડિત બટે, કિન્તુ આમાર વિવેચાય તિનિ જે ક્ષણે તેમણે સંસ્કૃત શિખિતે આરંભ કરિયા છિલેન ભારતવર્ષેર પક્ષે સે અતિ અશુભ ક્ષણ]

[૧૩] **પ્રાધ્યાપક બોડન ચેર :** આજે તો જ્યાં ને ત્યાં જે તે વિષયના, ધર્મના કે ભાષાના પ્રેમીઓ યુનિવર્સિટીઓમાં તે પ્રિય વિષયના વિકાસ માટે મોટું દાન આપીને 'ચેર' મુકાવે છે. આ 'ચેર' દ્વારા તે વિષયનો ખરેખર વિકાસ કરાય છે કે વિનાશમાં ઉપયોગ? એ જાણવા માટે અહીં ઓકસફર્ડ વિશ્વવિદ્યાલયનું દૃષ્ટાંત ટાંકીશ. કર્નલ બોડને મોટું દાન આપીને આ વિદ્યાલયમાં સંસ્કૃત ભાષાના અધ્યયન માટે 'ચેરની' વ્યવસ્થા કરી હતી. આ ચેર ઉપર સંસ્કૃતના પ્રાધ્યાપક મોનિયર વિલિયમ્સ આવ્યા. તેમણે આ 'ચેર' મૂકવા પાછળનું કર્નલ બોડનના મનનું રહસ્ય છતું કરી દેતાં જણાવ્યું છે કે :

'એ સત્યની તરફ ધ્યાન દોરવાનું મને આવશ્યક જણાય છે કે હું બોડન પ્રાધ્યાપક પદનો બીજો જ અધિકારી છું. આના સ્થાપક કર્નલ બોડને અત્યંત સ્પષ્ટ શબ્દોમાં ઈ. સ. ૧૮૧૧ના ૧૫મી ઓગસ્ટના દિવસે પોતાના વીલમાં જણાવ્યું છે કે એની ઉદારતાપૂર્ણ ભેટનો વિશેષ ઉદ્દેશ એ હતો કે સંસ્કૃતના અધ્યયન પછી ઈસાઈ ધર્મગ્રંથોના સંસ્કૃતમાં અનુવાદ કરાય જેથી ભારતીય લોકોને ઈસાઈ બનાવવાના કામમાં અમારા દેશબંધુઓ આગળ વધે.'

મૂળ : I must draw attention to the fact that I am only the second occupant of the Boden chair and that its founder, Colonel Boden stated most explicitly in his will (dated August 15, 1811 A D) that the special object of his munificent bequest was to promote the translation of scriptures in to Sanskrit, so as to enable his-

countrymen to proceed in the conversion of the natives of India to the Christian religion [Sanskrit, English Dictionary by Sir Moneier Williams preface p. ix]

આ બોડન ચેરના પ્રાધ્યાપક મોનિયર વિલિયમ્સે કહ્યું છે કે, આથી બ્રાહ્મણ ધર્મનો નાશ સુનિશ્ચિત છે. ખરી વાત એ છે કે અત્યંત સાધારણ વૈજ્ઞાનિક વિષયો સાથે સંબંધ ધરાવતા જૂઠા વિચારો બ્રાહ્મણ ધર્મના સિદ્ધાંત સાથે એવા એકરસ થઈ ગયા છે કે ઈસાઈ મતની સહાયતા વિના પણ સાવ સાધારણ ભૂગોળ વિદ્યાના પાઠોથી પણ આ બ્રાહ્મણ ધર્મની જડ ઊખેડી નાંખી શકાશે.

[મૂળ: Brahmanism therefore must die out. In point of fact, false on ideas on the most ordinary scientistc sudjebts arefi mixed up with its doctrines that the commone so education the simplest lesson in geography with the deed of Christianity must inevitably in the end sap its foundations.—Modern India and the Indians. Third edition 1879, p. 261]

આ મોનિયર વિલિયમ્સે 'ધ સ્ટડી ઓફ સંસ્કૃત ઇન રિલેશન ટુ મિશનરી વર્ક ઇન ઇન્ડિયા' નામનું પુસ્તક વૈદિક ધર્મનો નાશ કરીને ઈસાઈ ધર્મના પ્રચાર માટે જ હતું એમ કહી શકાય. આમ છતાં ભારતના એક શિક્ષિત-વર્ગે એ પુસ્તકને 'નિષ્પક્ષપાતી પુસ્તક' તરીકે બિરદાવ્યું એ જ આ ભારતના વધુ પડતા ભોળપણની સાબિતી છે.

[૧૪] વેદના પિતાનું બિરૂદ પામેલા મેકસમૂલરે વેદો માટે ખૂબ જ હીન અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે: ઘણી મોટી સંખ્યાનાં વૈદિક સૂક્તો બાળક જેવી મૂર્ખતાથી ભરેલાં છે. વળી ખૂબ જટિલ, હલકી કોટિનાં અને સાવ સાધારણ છે.

[મૂળ : Large number of vedic hymns are childish in the extreme, tedious, low, commonplace—Chip from a German Workshop p. 27.]

[૧૫] **ઇતિહાસ-લેખક અંગ્રેજો** : ભારતીય ઇતિહાસ તૈયાર કરવાના બહાને અંગ્રેજોએ જે રીતે એને વિકૃત કરી નાખ્યો છે તે તો કદાચ આ વિશ્વની અત્યંત આઘાતજનક ઘટના હશે. ઇતિહાસનું આખુંય નિરુપણ અત્યંત વિકૃત કરીને ભારતીય ગૌરવોને ઉજાળતા પ્રસંગો તેમણે દૂર કર્યા છે; પોતાનાં જૂઠાં ગૌરવોને આગળ કર્યાં છે. વિપ્લવ દરમિયાન પોતે કરેલી ભારતના ગ્રામ-પ્રદેશોની ખાના-ખરાબીઓને અંધકારમાં ઢાંકી દઈને ભારતીયોના સામાન્ય હીણ-પતભર્યા પ્રસંગ ઉપર ભારે કાગારોળ મચાવી છે.

ઇતિહાસના વિકાસના નામે એ લોકોએ સાચા ઇતિહાસનો વિનાશ કર્યો છે.

છતાં ખેદની વાત છે કે આજે પણ આ દેશના લોકો ઇતિહાસ તો એમનો જ પ્રામાણિક ગણે છે અને એમનાં વિધાનો ઉપર જ આગળ ને આગળ નવું લખતા રહે છે. વળી વર્તમાનમાં બુદ્ધિજીવીઓ શાસ્ત્રોને જેટલાં પ્રામાણિક માને છે તેથી ઘણો વધુ ઇતિહાસને જ પ્રામાણિક માને છે અને ઇતિહાસ તો ચાલબાજીપૂર્વકનાં જુઠાણાંઓથી ભરપૂર હોય છે. વિકાસની મહાજાળ કેવી અદ્ભુત રીતે બિછાવાય છે? તે હવે કદાચ બરોબર સમજી શકાશે. એક બળવાન પ્રાચીન તત્ત્વોનો નાશ કરવા માટે પ્રથમ તો તેનું વિભાજન કરવામાં આવે છે; તેમાં ચીરો મૂકવામાં આવે છે; એ પછી એમાંના એકાદ ઇષ્ટ કકડાને વિકાસની પ્રક્રિયા નીચે લાવવામાં આવે છે. વસ્તુતઃ આ વિકાસ, સોજાથી જાડા થઈ ગયેલા શરીર જેવો અથવા તો અર્થતંત્રના ભયાનક ફુગાવાથી વ્યાપેલી ચલણી નોટો જ હોય છે. આ પછી ભેળસેળની યોજના કામે લગાડાય છે.

## [૫] ભેળસેળ

સારી ચીજમાં નકલીનો ભેળ કરી દેવાથી સારી વસ્તુ બરબાદ થાય છે. જગતમાં હાંસીપાત્ર થાય છે. એનું મૂલ્ય સાવ ઊતરી જાય છે.

અસલી વસ્તુ ઉપરના સીધા પ્રહાર કરતાં નકલની ભેળવણીનો પ્રકાર અત્યંત ખતરનાક હોય છે કેમ કે એનો ભંડો લાંબાગાળે શાન્તિથી ફૂટતો હોય છે અને તે દરમિયાન તે અસલી ચીજ પોતાનું વ્યક્તિત્વ તો ગુમાવી બેઠી હોય છે. હવે એને અસ્તિત્વ જ ગુમાવવાનું બાકી રહ્યું હોય છે.

અંગ્રેજોએ 'ભેળ'ના આ શસ્ત્રનો અતિ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે, અને અત્યંત વધુ જ્વલંત સફળતાઓ હાંસલ કરી છે. જ્યારે તે દેશના પોતાના સદ્ધર અર્થતંત્રના કારણે હિટલર એક દેશ ઉપર વિજય મેળવી શકતો જ ન હતો ત્યારે તેણે તે દેશની નકલી નોટો છાપીને વિમાનો દ્વારા તે દેશમાં વરસાવી દીધી. આથી અસલી-નકલી ચલણ એવું એકરસ બની ગયું કે ત્યાંની સરકારનું અર્થતંત્ર ફુગાવાની ઝપટમાં આવી ગયું. અંતે એનો જલદ ઉપાય કરવા માટે તે સરકારને બધી જ નોટો રદ જાહેર કરવી પડી. એ સમયમાં હિટલરે આક્રમણ કર્યું અને અન્યાયથી વિજય હાંસલ કર્યો.

વિશ્વના દેશોની અગૌર-પ્રજાના નાશ માટે 'ભેળ'નું શસ્ત્ર શી રીતે કામયાબ બનાય છે તે નહિ વિચારતાં ભારતની પ્રજા ઉપર ફેંકાએલા આ ખંજરને આપણે વિચારીએ.

**(૧) શાકાહાર** : ભારતીય પ્રજાને માંસાહારી બનાવી દેવા માટે શાકાહારનો પ્રચાર જોરદાર રીતે વહેતો કરવામાં આવ્યો છે, જે દયાળુ પ્રજા માંસાહારનો અને તેના ઉત્પાદક કતલખાનાં વગેરેનો જ સફળ બહિષ્કાર કરવા જેટલું ખમીર ધરાવતી હોય તે પ્રજાને છે ત્યાંથી વાળી લઈને શાકાહારના પ્રચારમાં જોડી દેવાય છે, એથી જ માંસાહારનો વિરોધ ન થતાં શાકાહાર-પ્રચારકો માંસાહારના 'અવિરોધ દ્વારા' માંસાહારના સમર્થક બનીને માંસાહારના પ્રચારક બને છે.

વળી ઈંડાને શાકાહારમાં ગણવામાં આવેલ છે તથા પશુના દૂધ વગેરેને માંસાહારમાં ગણવામાં આવેલ છે. આ બે ય વિધાનો માંસાહારના જ સમર્થક બને છે. કેમ કે દૂધ જો વર્જ્ય બને તો તેથી ઘણાં વધુ પશુઓ કતલને લાયક જ બની જાય.

ફાઓ સંસ્થા આવાં ઘણાં કાર્યો કરે છે. આપણી સંસ્કૃતિના પ્રાણતત્ત્વ સમી ભોજનવ્યવસ્થા ગણાય છે. 'જેવું અન્ન તેવું મન' એ આપણું વિખ્યાત સૂત્ર છે.

જો અન્ન બગડી જાય, તો મન બગડી જાય પછી તન અને જીવન પણ ખલાસ થઈ જાય. ભેદી લોકો આપણી અન્નવ્યવસ્થા વેરવિખેર કરવા માટે નિર્જીવ ઈંડાં, શાકાહાર વગેરેનો પ્રચાર જોરદાર કરે છે.

દૂધનો પાવડર, દળેલા લોટનાં પેકેટો, તૈયાર ભોજનનાં ફુડ પેકેટો, બાળકોને મફત દૂધ પાવા માટે દૂધના પાવડરોની ધૂમ ભેટ, વગેરે બધી બાબતો અન્નને ભાવીમાં દુષિત કરી દેવા માટે અમલમાં મુકાઈ રહી છે. આજે દૂધનો જ પાવડર ભેટ અપાય છે, પણ કાલે તેમાં અભક્ષ્ય તત્ત્વોનો ભેળ થઈને જ રહેશે. આજે ઘઉંના લોટની

રોટલીના પેકેટો વેચાશે, કાલે એ લોટની અંદર માછલીના લોટનો ભેળ હશે જ.

પરદેશની એક હોસ્ટેલમાં ભારતીય વિદ્યાર્થીઓનું પણ એક જૂથ હતું. એક દિવસ તે જૂથનો ભારતીય પદ્ધતિના ભોજનનો કાર્યક્રમ સંચાલકો તરફથી ગોઠવાયો. દાળ, ભાત, રોટલી, શાકનું ભોજન હતું. સમારંભ પતી ગયા બાદ અંગ્રેજ સંચાયલકોએ વિદ્યાર્થીઓને પૂછ્યું, કે, "તમને ભોજન કેવું લાગ્યું ? સ્વાદમાં કાંઈ પણ ફરક જણાયો ? વગેરે."

વિદ્યાર્થીઓએ ભોજનનાં ભરપેટ વખાણ કરતાં કહ્યું કે, 'સંપૂર્ણપણે એ ભારતીય ભોજન હતું.'

તરત જ સંચાલકોએ 'ફાઓ' સંસ્થા ઉપર એક પત્ર દ્વારા જણાવ્યું કે, 'ભારતમાં મચ્છીના લોટવાળા ઘઉંનો લોટ છૂટો મૂકો, જરાયે વાંધો નહિ આવે, કોઈને ગંધ પણ નહિ આવે કેમ કે એવા લોટની રોટલી અમારા ભારતીય વિદ્યાર્થીઓને જમાડી છતાં તેમને અરુચિકર ઓડકાર પણ આવ્યો નથી !'

**(૨) ધર્મ :** ધર્મના વિષયમાં પણ આ 'ભેળ'ની યોજના લાગુ કરવામાં આવી છે, **'હરે રામ, હરે કૃષ્ણ'** મિશનો આ ભેળની યોજનાનું જ સંતાન છે. આ મિશનો દ્વારા લાખો ગોરાઓ વૈદિક ધર્મોમાં પ્રવેશ કરીને વૈષ્ણવ બની જશે, એ વૈષ્ણવ ગોરાઓ વૈદિક ધર્મોનો કબજો લેશે અને છેવટે એના મૂળભૂત બંધારણીય ધર્માનુષ્ઠાનોને ( કે જે તે ધર્મને જિવાડનારું તત્ત્વ છે તેને ) 'દેશ-કાળ' 'જમાનો' વગેરેના નામે ઢીલા કરશે, વેરવિખેર કરશે, રદ કરશે, ઈસાઈ ધર્મમાં વિલીન પણ કરશે.

હિપ્પીઓ પણ આ ભેળસેળની ભયાનક યોજનાનો એક ભાગ જ છે. જેમને યમ-નિયમ પાળવા નથી, વ્રત-જપ કરવા નથી, તપ-

તપવો નથી, બ્રહ્મચર્યાદિના સદાચાર પાળવો નથી એવાઓને ભગવાં પહેરવાના અધિકાર જ શું છે? એવા નાટકીઆઓને જોઈને, એમની વિપુલ સંખ્યા જોઈને એમને ચોટી-માળા, તંબૂરા સાથે જોઈને જો ભારતના લોકોને વૈદિક ધર્મનો અભ્યુદય થતો જણાતો હોય તો મારે સ્પષ્ટ શબ્દોમાં એ કટુ-સત્ય જણાવી દેવું જોઈએ કે એમની આ 'મૂર્ખામી' જ આ દેશની પ્રજા અને સંસ્કૃતિનું નિકંદન કાઢી નાખશે.

ગાંજો, ચરસ, એલ. એસ. ડી. અને સ્ત્રીનો સુંવાળો સહચાર... એની સાથે યોગદશા, વૈષ્ણવજનપણું, ભોગના અતિરેકથી જાગેલા કંટાળાનું ધ્યાન વગેરે કેવાં કજોડાં છે?

ભારતીય સંતો! સાવધાન! આપને વટાળ પ્રવૃત્તિ ભયંકર લાગે છે, પણ હવે એનાથીયે ભયંકર આ પ્રવૃત્તિ શરૂ થઈ છે, એ તરફ આપનું લક્ષ કરો. વટાળ પ્રવૃત્તિ દ્વારા એક હિન્દુ ઈસાઈ બની જાય એ જેટલું ખરાબ છે એના કરતાં ઘણું ખરાબ ભેળસેળના કાર્યક્રમ દ્વારા એક હિન્દુ ઈસાઈ બને છે તે છે.

ઘરમાં પેઠેલા આ માયાવી-વૈષ્ણવો ઘરનો નાશ કરશે ત્યાં સુધી એની માયાવિતાનો કોઈ તાગ પણ પામી શકશે નહિ એ વાત હવે એકદમ ધ્યાન ઉપર લાવવાની મને જરૂર લાગે છે.

આ જ કારણે ઈસાઈ ધર્મગુરુઓએ ખ્રિસ્તી ધર્મવિધિઓની ભારતીયકરણ કરવાની જાહેરાત કરી છે. હવે માથે તિલક કરીને, ભગવાં વસ્ત્ર પહેરીને, સંસ્કૃત ભાષામાં, ઘીનો દીપક પ્રગટાવીને પણ કોઈ હિન્દુ ક્રોસ પાસે ઘૂંટણીએ બેસીને ઈસુની પ્રાર્થના કરે તો તેની સામે વાંધો લેવો નહિ એવી જાહેરાત થઈ છે. (જુઓ મારું

પુસ્તક 'ધર્મનાશની ભેદી ચાલ' પે. નં. ૫૫) તેમજ 'હરે રામ હરે કૃષ્ણ' નામના રાજકીય પક્ષની સ્થાપના પણ થઈ ચૂકી છે.

તેના પુરાવા તરીકે ગુજરાત સમાચાર, તા. ૧–૫–૭૪ના અંકમાં આવેલ 'હરે–રામ' મંડળીવાળાઓ પોતાનો સ્વતંત્ર રાજકીય પક્ષ સ્થાપી રહ્યા છે તેની વિગત મૂકી છે, વાંચો એ સમાચાર :

"**હરે કૃષ્ણ સંપ્રદાયનો રાજકીય પક્ષ.** જેના સભ્યો કેસરી ઝભ્ભાઓ પહેરે છે, માથે મુંડન કરાવે છે, અને જાહેર રસ્તાઓ પર નૃત્ય કરી હરે કૃષ્ણનું રટણ કરે છે. તેવા હરે કૃષ્ણ સંપ્રદાયે ગઈ કાલે એવી જાહેરાત કરી છે કે તેણે એક નવો રાજકીય પક્ષ સ્થાપ્યો છે. આ પક્ષનું નામ છે. 'ઈશ્વરમાં અમારો વિશ્વાસ' અને તે પવિત્ર નેતાઓ માટેનો પક્ષ છે. હરે કૃષ્ણ સંપ્રદાયના અનુયાયીઓ આ પક્ષ દ્વારા રાજકીય બાબતોમાં ઈશ્વરને કેન્દ્ર સ્થાને રાખવા માંગે છે અને ઈશ્વર અંગેની સભાનતાને ઉત્તેજન આપવા ઇચ્છે છે.

'આ સંપ્રદાયના એક પ્રવક્તા શ્રી સ્ટીફન રોઈસે જણાવ્યું હતું કે આ પક્ષની ટિકિટ પર ચૂંટણી લડતા ઉમેદવારો પાસે કડક ધોરણોમાં તંબાકુ, દારૂ, જુગાર, લગ્ન સિવાયના જાતીય સંબંધો, માંસ-માછલી, ઈંડાના આહારના ત્યાગનો સમાવેશ થાય છે. આ પક્ષ જ્યોર્જિયા, પેન્સીલવાનીઆ અને ન્યુયોર્ક ડિસ્ટ્રિક્ટમાંથી અમેરિકન કોંગ્રેસની ચૂંટણી માટે તથા વોશિંગ્ટન ડી. સી.માં મેયરની ચૂંટણી માટે પોતાના ઉમેદવારો ઊભા રાખનાર છે."

આ સમાચારને 'સામાન્ય' ગણીને અવગણશો નહિ. પચ્ચીસ વર્ષ પછી ભારતીય પ્રજાના વિનાશ માટે વાપરવામાં આવનાર અનેક બોંબમાંનો આ એક બોંબ છે. 'હરે રામ !' 'હરે કૃષ્ણ !'ની ભક્તિમાં જ જો એ અંગ્રેજો ખરેખર ઘેલા બન્યા હોત તો રાજકીય પક્ષ

સ્થાપવાના પ્રપંચમાં તે કદી પડવાની ઇચ્છા ન રાખત. પરન્તુ એ ભક્તિ તો ભારતીય પ્રજાને છેતરવા માટેની રમત જ હતી. અહીં જ તેમની મેલી મુરાદ છતી થાય છે. રામ-કૃષ્ણના નામે એ લોકો ધીમે ધીમે ભારતીય પ્રજાના દિલમાં અને દિમાગમાં પ્રવેશ કરશે. એના પેટમાં પેસશે. પગ પહોળા કરીને પેટ ફાડીને જ જંપશે. સાવધાન, ભારતીય સંતો! આપણું અસ્તિત્વ જોખમમાં છે.

ભેળસેળની ચાલ કેટલી કુટિલ છે અને કેટલી ગૂઢ છે એ વાત આ બધા પ્રસંગો અહીં ટાંચી શકાય. ભારતમાં એકાએક પ્રાગટ્ય પામેલો 'સેંટ થોમસ' પહાડ; ઈસુને પાલીતાણા ખૂબ જ ગમતું હતું. પાલીતાણા ઉપરથી જ પેલેસ્ટાઈન નામ પાડવામાં આવ્યું, ઈસુએ જગન્નાથના મંદિરમાં ધ્યાન ધર્યું હતું. ઈસુએ જૈન સાધુઓ પાસેથી પ્રેરણા મેળવી હતી, ઈસુના ધર્મમાં જૈનધર્મની કેટલીક છાંટ છે, ઈસુ ભારતમાં ઘણો સમય રહ્યા હતા, બીજી વાર તેમને કાશ્મીરમાં દફનાવાયા હતા માટે તે ભારતીય જ હતા.' વગેરે અનેક વાતો જોરજોરથી પ્રચારાઈ રહી છે. આની પાછળ હિન્દુસ્તાનના લોકોને ઈસાઈ ધર્મ પ્રત્યે ભારે અભિરુચિ પેદા કરવાનો અને પછી એ સંબંધના વેગથી ભારતમાં ફેલાઈ જવાનો બદ ઇરાદો હોઈ શકે એમ લાગે છે. અંદર ઘૂસી જઈને પગ પહોળા કરવા અને પેટ ફાડી નાખવું એ કળા ગોરાઓને તો સિદ્ધહસ્ત બની ચૂકી છે. એ માટે એમને અજોડ માયાવી બનતાં કે બેજોડ નાટકીઆ બનતાંય આવડે, જૂઠા પ્રંપચો કરવામાં એમને પાપ કદાપિ લાગ્યું જ નથી. મૈત્રીના દાવે શત્રુતા વિકસાવતી વિશ્વાસઘાતની પ્રક્રિયા પ્રત્યે એમને 'ફેર વિચાર' કરવાની જરૂર જણાઈ નથી.

એ ધર્માંધ લોકો છે, એમનામાં પરધર્મસહિષ્ણુતાનો છાંટો પણ નથી એમ કહું તો તે કદાચ તદ્દન સાચું હશે.

આપણે ત્રણ ભેદી યોજના વિચારી ગયા. ચીરો, વિકાસ અને ભેળસેળ.

જ્યાં આ ત્રણ તબક્કા પૂરા થયા હોય ત્યાં તે વસ્તુતત્ત્વના બધા જ સાંધા ઢીલા પડીને નિર્બળ થઈ ચૂક્યા હોય અને જે બળવાન કટકો હોય તેને તો ચીરાની પ્રક્રિયાથી રેઢો મૂકીને નિર્માલ્ય બનાવાતો જતો જ હોય...એ નિર્બળ બનતા જતા કટકાને સંપૂર્ણ-પણે ખતમ કરી દેવા માટે વિકાસ અને ભેળની પ્રક્રિયા પામેલા કટકામાં એકતાની પ્રક્રિયા લગાવાય છે. હવે આપણે એ એકતા ઉપર થોડો વિચાર કરીએ.

## [૬] એકતા

જો એકતાનો અર્થ યોગ્ય એકસંપી થતો હોય તો તેની સામે વાંધો નથી. પરંતુ ગોર લોકોએ એકતાનું જે ખંજર તૈયાર કર્યું છે તે અત્યંત જીવલેણ છે. ખૂબ જ ઘાતકી છે.

વિશ્વમાં શાન્તિ કરી દેવી હોય તો તેઓ માને છે કે "એકતા" કરવી જ પડે. એનો અર્થ ગર્ભિત રીતે એ છે કે વિશ્વમાં એક વર્ણની પ્રજા રહે, એક જ ધર્મ રહે, એક જ સૈન્ય, એક જ વહીવટ, એક જ કોર્ટ રહેવાં જોઈએ.

" જ્યાં સુધી આ જગતમાં અનેક વર્ણો, અનેક રાજ્યો વગેરે રહેશે ત્યાં સુધી ઝઘડા રહેવાના, વિશ્વશાંતિ કદી થવાની નહિ. અનેકો સંપીને જ કાયમ રહે એ વાત આદર્શ માટે સારી છે, પરન્તુ એ સંભવિત નથી, માટે બધું એક જ કરી દેવું જોઈએ, તો જ વિશ્વશાંતિ સંભવિત બને."

એનો અર્થ એ જ થયો કે એક જ ધર્મ વગેરે જગતમાં રહેવા લાયક છે. કયો ધર્મ ? કયો વર્ણ ? કોનું રાજ્ય ? એ પ્રશ્નોની સામે તેઓ કહે છે કે "તે માટે સર્વધર્મ પરિષદો વગેરે યોજો, અને આ પ્રશ્નનું નિરાકરણ કરો. જો દરેક ધર્મવાળા, રાજ્યવાળા, વર્ણવાળા લોકો પોતાના જ ધર્મ, વર્ણ કે રાજ્યને વિશ્વમાં રાખવાનું અને બાકીના ધર્મો વગેરેનું વિલીનીકરણ કરવાનું કહે તો શું કરવું ? આ ખેંચાખેંચનું નિવારણ એક જ રીતે થાય.

"એ છે મતદાન પદ્ધતિ. જેની બહુમતિ હોય તે ધર્મ, વર્ણ, રાજ્ય વગેરે આ જગતમાં રહે. બાકીનાઓ કાં એમાં સમાઈ જાય કાં આ ધરતી ઉપરથી વિદાય લઈ લે.

'એકતા' વિના વિશ્વશાન્તિ નથી. માટે એકતા તો કરવી જ જોઈએ."

ક્રૂરતાથી ખીચોખીચ ભરેલો આ કેવો અભિપ્રાય છે?

કૂતરો ખૂબ ભસે છે, ભૂખનો માર્યો! શાન્તિ ખૂબ અપેક્ષિત છે, કામ કરવા માટે. એટલે એને શૂટ જ કરો એમ? રે! શું એને રોટલી નાંખીને ભસતો શાન્ત કરી શકાતો નથી?

અફસોસ! ગૌરવર્ણના લોકોને તો અ-ગૌર, અ-ઈસાઈ લોકોને ખતમ કરીને જ વિશ્વશાન્તિ હાંસલ કરવી છે! હાય! તો તો 'વિશ્વશાન્તિ' કાજે કોઈ ધર્માનુષ્ઠાન કે તપ, જપ કરવાનું કહેવું એ તો પાપ જ કહેવાય ને?

જગતમાં ઘણા ચામડીના રંગો, ઘણા ધર્મો તથા ઘણાં રાજ્યો છે માટે જ ઝઘડાઓ છે ને? બધું ય એક જ થઈ જાય તો બધા ઝઘડા મટી જાય ખરા? કેવું ક્રૂર ગણિત! શું આ બધા જીવતા રહીને પરસ્પર સંપીને રહે તો વિશ્વશાન્તિ ન થઈ શકે? પણ આ ક્રૂર લોકોને એકસંપીની વિશ્વશાન્તિ ખપતી જ નથી.

એમને તો લઘુમતિમાં રહેનારા બીજાઓના વિનાશમાંથી સર્જાતી બહુમતિમાં રહેનારા લોકોની જ એકતા જોઈએ છે, ત્યાં શું થાય?

આવી વિશ્વશાન્તિ સિદ્ધ કરવા માટે જ રંગભેદ-નાબૂદીનો વિરાટ કાર્યક્રમ યુનો સંસ્થા તરફથી હાથ ધરાયો છે. કાળો, લાલ, પીળો, ગોરો, વગેરે ચામડીના જુદા જુદા રંગો છે. આ રંગોનો ભેદ શી રીતે જાય? એક જ રંગ જગતમાં રહે તો જ ને? એટલે બહુમતિમાં વિદ્યમાન ગોરો રંગ રાખવો અને બાકીના ચામડીના

રંગોએ કાં ઈન્જેકશનોથી ગોરા રંગમાં પરિણમી જવું પડે અથવા જગતમાંથી વિદાય થવું પડે. આમ રંગભેદ–નાબૂદીનો સાચો અર્થ તો રંગ–નાબૂદી જ છે.

આ રંગ–નાબૂદી કરવા માટે ધર્મ–નાબૂદી, તે માટે સંપ્રદાય ભેદ–નાબૂદી, અને તે માટે અસ્પૃશ્યતા નિવારણ પૂર્વ–પૂર્વમાં આવશ્યક બને છે.

અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમ દ્વારા અસ્પૃશ્યોનું જ બિચારાઓનું જગતમાંથી નિવારણ થાય. પછી સંપ્રદાયોના ભેદની ઝુંબેશ દ્વારા સંપ્રદાયો જ ખતમ થાય. પછી એ રીતે ધર્મોના અનેક ભેદનું નિવારણ લઘુમતના તમામ ધર્મોના નિવારણથી થાય, એટલે રહ્યો એક જ ધર્મ, જે બહુમતમાં હોય તે. એનું નામ ખ્રિસ્તી ધર્મ. અને લઘુમતિના રંગોનો નાશ થતાં રહ્યો એક જ રંગ, તેનું નામ ગૌર. એક જ ખ્રિસ્તી ધર્મ અને એક જ ગોરી પ્રજા, થઈ ગઈ વિશ્વશાન્તિ, મટી ગયા ઝઘડા...આપણે સ્મશાને સૂઈને ઝઘડા મિટાવવાના કાર્યક્રમમાં આપણો જ સહકાર!

રે! મરેલાની શાન્તિ કરતાં તો જીવતાના ઝઘડા સારા!

આવી એકતા તરફ ધસમસી રહી છે, સઘળી નાની–મોટી એકતાઓ,

રાજ્યો અનેક હતાં, હવે એક જ ભારત થયું, આક્રમકોને ફાવટ થઈ ગઈ. એકને જ જીતે એટલે આખું ભારત જીતાઈ જાય.

જ્ઞાતિઓ, જાતિઓ અનેક હતી, એનો નાશ કરાઈ રહ્યો છે, કોમોનો નાશ કરાઈ રહ્યો છે. સંપ્રદાયોનું વિલીનીકરણ કરાઈ રહ્યું છે. 'એક જ માનવ'ના આદર્શ તરફ એકતાનો કાર્યક્રમ ધસમસી રહ્યો છે. પછી કોઈ કોમના કે કોઈ સંપ્રદાયના માણસને, પોતાની કોમ કે સંપ્રદાયના દુઃખી માણસને મદદગાર થવાના ઉમળકા જ ન

જાગે. સ્વધર્મી તરીકેની પ્રીત કોઈ સ્વધર્મીને ય ન જાગે. કોઈનો કોઈ નહિ, સહુ સહુના ચોકામાં.

એકતાએ સર્જેલા હાહાકારનો ઇતિહાસમાં જોટો નથી. હવે તો આ ધૂન ખૂબ આગળ વધી રહી છે. થોડા જ સમય પૂર્વે એકતાપ્રેમી એક બુદ્ધિજીવીએ એવું નિવેદન કર્યું કે, 'હિન્દુ–મુસ્લિમોની એકતા થવી જોઈએ. એ માટે મુસ્લિમોએ હિન્દુઓની જેમ ગોમાંસનો ત્યાગ કરવો જોઈએ. પણ જો કોઈ સંયોગમાં મુસ્લિમો ગોમાંસનો ત્યાગ ન જ કરી શકે તો 'એકતા' ખાતર હિન્દુઓએ મુસ્લિમોની જેમ ગોમાંસનો સ્વીકાર કરી જ લેવો જોઈએ !

એકતા પરિષદો, સર્વધર્મ પરિષદો, ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ, સર્વધર્મ સંમેલનો આવી વિઘાતક એકતા તરફ જાણપણે કે અજાણપણે સહુ જઈ રહ્યા છે. બહુમતના જોર ઉપર લઘુમતોનું વિસર્જન અત્યંત સંભવિત છે માટે જ બહુમતવાદ ખરાબ છે. તેની પોષક અયોગ્ય લોકશાહી અને ચૂંટણીપદ્ધતિ ખતરનાક છે.

એકતા જરૂરી અપેક્ષિત છે પણ તેની રીતે તે એકતા હોવી ઘટે. સહુને જિવાડનારી એકતા હોવી ઘટે. ત્યાં લઘુમતિ કે બહુમતિ કે સર્વાનુમતિને પણ સ્થાન ન હોય. શિષ્ટમતિને જ ત્યાં સ્થાન હોવું જોઈએ.

જે શિષ્ટ છે, તે બધાયની એકતા. જે શાસ્ત્રયુસ્ત છે, તે બધાયનું સહજ સંગઠન !

પણ આજે તો શિષ્ટતા અને શાસ્ત્રચુસ્તતા તરફ તો નાક મચકોડાય છે. સંગઠનની બૂમો મચાવનાર ગમે તે પ્રકારનાં સંગઠનોની હિમાયત કરતા હોય છે. હા... દૂધ અને મીઠાનું કે આગ અને પેટ્રોલનું અથવા તો દૂધ અને તેજાબનું પણ સંગઠન તેમને ખપે છે. સંગઠન એટલે સંગઠન ! પછી તે ગમે તેવું હોય ?

આવા 'ખીચડા' જેવાં સંગઠનોએ જ આ દેશની પ્રજાનું અને તેની જીવાદોરી સમી સંસ્કૃતિનું નિકંદન કાઢી નાંખ્યું છે. અંગ્રેજોને સારી રીતે અહીં રાજ કરવું હતું તો ક્યારેય તેમણે મજૂરો વગેરેનાં યુનિયનો સ્થાપવા દીધાં નથી. અને હવે ચોમાસામાં બિલાડીના હજારો ટોપની જેમ સર્વત્ર યુનિયનો ઊભાં થઈ ગયાં ! બસ...લડ્યા જ કરે, મોંઘવારી માટે, પગારવધારા માટે, સગવડો માટે. રોજ લડાઈ...રોજ કજિયા...આ યુનિયનોની એકતાએ ઊભી કરેલી હડતાળો, એમનાં ધરણાં, ઘેરા અને લૂંટફાટો પ્રજાને સર્વનાશના પંથે લઈ જઈ રહી છે.

અફસોસ ! તોય ખીચડા સ્વરૂપ 'એકતા'ની હિમાયતો ઢોલ વગાડીને કરાતી રહે છે.

હવે આ વિષયનો ઉપસંહાર કરતાં જણાવીશ કે પ્રાચીન પરંપરાના બળવાન તત્ત્વમાં ચીરો મૂકીને બે કકડા કર્યા. પછી એમાંના એક કકડાનો કૃત્રિમ વિકાસ કરવામાં આવ્યો. પછી તેમાં ભેળસેળ થયો. ત્યાર પછી એ બધાની ખીચડાવાદી એકતા થાય. પરદેશીઓ અંદર ઘૂસ્યા હોય, સ્વદેશીઓ સાથે એકતા કરી હોય એટલે એ બે ય ભેગા થઈને છૂટા કરાયેલા બળવાન કટકા ઉપર આક્રમણ કરીને તેને ખતમ કરી નાખે.

અને પછી જે સ્વદેશી કટકો વિકાસ પામ્યો છે એ ય ખતમ... કેમકે પરદેશીઓએ તો પોતાના ઘાતકી સ્વાર્થો માટે જ એનો વિકાસ કર્યો હતો. એટલે કામ પૂરું થયા બાદ એનો ય નાશ નિશ્ચિત બની જાય.

આ રીતે ભારતીય સંસ્કૃતિનાં કેટલાંય ગૌરવોને ચીરો, વિકાસ, ભેળસેળ અને એકતાના ચક્રાવાઓમાં આજ સુધીમાં ખતમ કરી

નાંખવામાં આવ્યાં છે. હવે તો આ ભેદી યોજનાઓ સામે સહુ જાગે અને સાવધ બની જાય તો જ જીવનની આશા રહે.

## સંતસંસ્થા ઉપર ઝીંકાયેલો ઘણનો ઘા

કોઈ પણ પ્રજાનાં સાચાં સુખશાન્તિનું મૂળ ધર્મ છે. જો પ્રજાને દુઃખી દુઃખી કરી મૂકીને ધરતી ઉપરથી નષ્ટ કરી દેવી હોય તો તેને ધર્મભ્રષ્ટ કરવી જ પડે. કહેવાય છે કે ઈન્દ્રો પણ, પોતાના સિંહાસનનો કબજો, ઘોર તપ કરતા ઋષિ-મુનિઓ રખે લઈ લે એ ભયથી મેનકાઓને મોકલીને એમણે તપધર્મથી ભ્રષ્ટ કરી દેવાનો પ્રયત્ન કરતા.

ગૌરપ્રજાએ ભારતની સમગ્ર ધરતી ઉપર સ્વ (પોતાનું) રાજ સ્થાપવું હોય તો તેણે કરોડો ભારતીયોનાં હૈયાંના સમ્રાટ તરીકે બિરાજેલાં આર્યધર્મનાં મૂળિયાં હચમચાવીને ઊખેડી જ નાખવાં જોઈએ. એમના સીધા શાસનકાળમાં આ કામ એમણે કર્યું, પણ ધર્મનાં મૂળ તો આ દેશની પ્રજાના હૈયાની ધરતીમાં ખૂબ ખૂબ ઊંડે સુધી ગયાં હતાં. એટલે ઘણા પ્રયત્ને એને કાંઈક જ હચમચાવી શકાય, પણ ઊખેડવાનું કામ તો અસંભવિત હતું. આથી જ પાશ્ચાત્ય શિક્ષણ આપીને તૈયાર કરેલા ભારતીય લોકોના હાથે એ મૂળને ઊખેડી નાખવાનું કામ સોંપીને એને પાર ઉતારી દેવા માટે 'સ્વરાજ'ના બહાના નીચે તેઓ આ ધરતી ઉપરથી વિદાય થઈ ગયા છે. ખરેખર તેમનું ગણિત ખૂબ જ સાચું સાબિત થયું છે. જે કામ છેલ્લાં ૩૦૦ વર્ષમાં થયું ન હતું એથી સોગણું ધ્વંસનું કાર્ય સ્વરાજ પછીના ૨૭ વર્ષમાં જ થઈ ચૂક્યું છે. વૈદિક ધર્મો, વૈદિક આચારો તો ખૂબ વેરવિખેર થઈ ચૂક્યા છે.

આર્થિક, સામાજિક અને રાજકીય વ્યવસ્થાઓ તો હતપ્રહત થઈ ગઈ. પરંતુ ધર્મવ્યવસ્થા પણ કેટલાક અંશે હતપ્રહત થવા

લાગી. જે દેશમાં એક ગાયને કાપવી એ મોતને નોતરું દેવા બરોબર ગણાતું. મુસ્લિમ શાસકોમાં ય આ ધાર્મિક લાગણીઓને ચુસ્તપણે સાચવી લેવામાં આવતી, એનાં કડક ફરમાનો બહાર પડતાં, એ જ દેશમાં ગાયની લાખો–કોડોની સંખ્યામાં ઉઘાડી કત્લેઆમ ચાલી રહી છે અને છતાં કોઈના ય ગળામાંથી વિરોધની ચીસ પણ નીકળતી નથી.

સિનેમા, પરાવલંબન, પશ્ચિમનું અંધાનુકરણ, ઈશ્વરની પ્રીતિનું અને પાપની ભીતિનું નષ્ટ થયેલું તત્ત્વજ્ઞાન, સામાજિક મર્યાદાઓ, વડીલોના બહુમાનનો નાશ વગેરે વગેરે પ્રજાના જીવનના આધાર-સ્તંભો સમી સઘળી પરંપરાઓને પશ્ચિમના પાપી શિક્ષણે માનવીમાંથી નષ્ટભ્રષ્ટ કરી નાંખી. એથી એ નિર્માલ્ય સત્ત્વહીન, ગુલામ જેવો બની ગયો.

ખેર...હવે ધર્મધ્વંસનું આ ભયાનક વાદળ જૈન ધર્મ પાળતા અનુયાયીઓ ઉપર વીર નિર્વાણની પચ્ચીસમી શતાબ્દીનું નિમિત્ત લઈને ધસી આવ્યું છે. આ પૂર્વે જે કાંઈ વિનાશની ભૂમિકા કરવાની જરૂર હતી તે થઈ ચૂકી છે, એટલે ધર્મનાશના કાર્યમાં સફળતા મળે તો જરાય નવાઈ પામવા જેવું નથી. એટલું જ કે બીજા ધર્મોના અનુયાયી–અગ્રેસરો પોતાની ઉપર આ વાદળ ધસી આવ્યું અને વિનાશ વેરીને ચાલ્યું પણ ગયું તો ય એને પામી ન શક્યા, રે! કેટલાક તો સ્વનાશમાં જ સહકાર આપવાની અક્ષમ્ય અનેક ભૂલો કરી બેઠા. જ્યારે જૈન ધર્મના અનુયાયી અગ્રણીઓ–ખાસ કરીને જૈનાચાર્યો–શ્રમણો–આ અમંગળનાં એંધાણ પારખી ગયા અને સાવચેત બની ગયા. આ વાત અહીં જ હાલ પડતી મૂકીને આપણે ભૂતકાળમાં જરાક પાછા જઈએ અને શી રીતે જૈનધર્મના પ્રાણ–નાશની ભૂમિકા થઈ ચૂકી છે તે જાણી લઈએ.

સૌ પ્રથમ તો ગોરા મુત્સદ્દીઓએ હિન્દુ પ્રજાના જ બે ધર્મો –વૈદિક અને જૈન–હતા, છતાં તેમને છૂટા પાડયા. કોઈ પણ જૈન ધર્મે જૈન છે, પણ પ્રજાથી હિન્દુ જ છે. આમ છતાં 'હિન્દુ'ને પ્રજાવાચક શબ્દ ન રાખીને ધર્મવાચક શબ્દનું ભયંકર કૌભાંડ ગોરાઓએ ખેલી નાખ્યું. શબ્દના જ શસ્ત્રથી એ લોકોએ હિંદુ નામની પ્રજાનો નાશ કર્યો અને હિન્દુ નામનો ધર્મ બનાવી દીધો. આમ થતાં જૈન ધર્મ પાળતા જૈનો હિન્દુ ધર્મ નથી જ પાળતા માટે હિન્દુ મટી ગયા. વળી જેમ હિન્દુ નામની પ્રજા મટાડી દેવાઈ તેમ જૈન નામનો ધર્મ પણ મટાડી દેવાયો અને જૈન નામનો 'સમાજ' કહેવાયો. આમ ભારતની ખમીરવંતી એક પ્રજા અને ભારતનો ત્યાગપ્રધાન એક ધર્મ...બે ને દૂર કરી દેવામાં આવ્યા.

જૈનો અને હિન્દુઓ જુદા પાડતાં જ ભારતીય પ્રજાને ઘણો મોટો ફટકો પડયો. આ બે ય ભેગા મળીને જ એક પ્રચંડ બળનું નિર્માણ થતું હતું. સંખ્યાબળ હિન્દુઓનું હતું, અને બુદ્ધિબળ જૈનોનું હતું. સંખ્યા અને બુદ્ધિ બે યની આપણને જરૂર હતી પણ બેયને જુદા પાડતાં એકલું સંખ્યાબળ અને એકલું બુદ્ધિબળ નિર્બળ બની ગયાં. છૂટા પડેલા બે એકડાની કિંમત એક–એક જ થાય. પણ તે બે ય ભેગા થઈ જાય તો દરેક એકડાની કિંમત ૧૧ થઈ જાય–૧૧ ગુણી બની જાય.

હવે આ વિનાશનો વાયરો જૈન ધર્મ ઉપર કેવો આગળ વધે છે તે જોઈએ. જૈન ધર્મની રક્ષા અને પ્રભાવનાનું કાર્ય એના પ્રકાશક તીર્થંકરદેવોએ સંસારત્યાગી, સર્વવિરતિધર શ્રમણ–શ્રમણીઓને અને ગૌણરૂપે શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓને સોંપેલું છે. આ ચારેયનો સંઘ તે ચતુર્વિધ સંઘ કહેવાય છે. એમાં પ્રાધાન્ય શ્રમણોનું જ સર્વદા નિશ્ચિત હોવાથી જૈન ધર્મનો સંચાલક ચતુર્વિધ

સંઘ એ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ કહેવાય છે. સંસારત્યાગી શ્રમણોને હૈયે વિશ્વમાત્રના સર્વ જીવો પ્રત્યે એકસરખું કારુણ્ય છલકાયેલું હોય છે.

નિર્વાણમાર્ગની આરાધના દ્વારા નિર્વાણપદની પ્રાપ્તિ એ જ એમનું લક્ષ છે અને વિષય-કષાયની વાસનાઓથી ભરેલા સુખમય સંસાર તરફ પણ તેમણે પીઠ કરી લીધી હોય છે. શાસ્ત્રોનો સ્વાધ્યાય અને તપોમય જીવનને લીધે તેઓ સદૈવ તપ-સ્વાધ્યાય નિરત હોય છે એટલે તદ્દન સહજ રીતે એમનું આત્મદ્રવ્ય, એમની ચિત્ત-શુદ્ધિ, એમની વ્યાવહારિક પવિત્રતા, એમનું ચિંતન-મનન, સ્ફુરણા વગેરે અત્યંત ટોચ કક્ષાનાં હોય છે. આથી જ ચતુર્વિધ સંઘના જ એ સાચા માર્ગદર્શક રહેતા નથી, પરંતુ માનવમાત્રના સાચા માર્ગ-દર્શક બની રહે છે અને જીવમાત્રના એ હિતકારક બની રહે છે.

આવા મહાસંતોનું અધિપત્ય જ સમગ્ર જૈન સંઘનું મસ્તક અનેક ગૌરવોથી ઉન્નત રાખે છે, પ્રજાનું જીવનધોરણ પણ ઊંચું રાખે છે, અરે ! એમના શાસ્ત્રાજ્ઞા શુદ્ધ સંયમ જીવનના પ્રભાવે આખું ય રાષ્ટ્ર સુખચેનથી વિકાસ સાધતું રહે છે.

આટલા બધા ટોચ-કક્ષાના પ્રભાવક શ્રમણ મુનિવરો-જૈના-ચાર્યોનું આધિપત્ય તોડી પાડ્યા વિના જૈન ધર્મના કિલ્લા તૂટે નહિ, અને તે સિવાય ભારતીય પ્રજાને નષ્ટભ્રષ્ટ કરી શકાય નહિ એ વાત ગોરાઓ બરોબર જાણતા હતા. એટલે એ લોકોએ વિનાશના ખાડે આખી સંસ્કૃતિની ઇમારતને નાંખવા માટે એની પાયાની ઇંટ સમી શ્રમણ સંસ્કૃતિને તોડી છે. શ્રમણોના પ્રચંડ વર્ચસ્વ ઉપર ૩૦૦ વર્ષથી ફટકા મારે રાખ્યા છે.

સૌ પ્રથમ શ્રીપૂજ્યોની જે શ્રમણપરંપરા હતી તે જ તેમના માટે પેટના શૂળના દુઃખાવા સમી હતી. આ શ્રીપૂજ્યો ભલે કદાચ

ક્યાંક–કોઈક ગૌણ આચારની બાબતમાં શિથિલમાં શિથિલ હતા. પરંતુ ચુસ્ત બ્રહ્મચર્ય અને ધર્મની અવિહડ ખુમારીથી તેઓ ટોચ કક્ષાનું ધર્મપ્રભાવકપણું પામ્યા હતા. ધર્મના અનેક પ્રભાવક કાર્યો કરતા હતા, ધર્મ ઉપરની આફતોને મંત્રતંત્રની સાધનોઓના બળથી પળવારમાં મારી હઠાવતા હતા.

નિરીહ એવા સંવિગ્ન મુનિઓ જે કેટલીક મંત્રાદિની સાધના ન કરતા તે સાધનામાં શ્રીપૂજ્ય આચાર્યો સિદ્ધિ મેળવતા. આથી જ આ અપેક્ષાએ એમનું જૈન ધર્મ ઉપર ઘણું પ્રદાન હતું.

ગમે તે રીતે, આ શ્રીપૂજ્યોની અબાધિત સત્તાને તોડવામાં આવી. સંવિગ્ન મુનિવરો સાથે 'શૈથિલ્ય'ના કારણે ટકરામણ કરાવાઈ. ચીરો મુકાયો. બે કકડા થયા. સંવિગ્ન મુનિઓને વિકાસની યોજના લગાડાઈ. એ વિકાસ અને એ એકતાને શ્રીપૂજ્યોના રખવાળાને ધક્કો લગાવ્યો.

જૈન ધર્મ ઉપરની એક મોટી એકચક્રી સત્તાનો અંત લાવી દેવામાં આવ્યો.

પણ હજી સંવિગ્ન મુનિઓ પાસે જૈન સંઘનું આધિપત્ય તો હતું જ. તેને પણ તોડવાનું અનિવાર્ય હતું. પણ એ માટે એમની સામે કોઈ બળવાન જૂથ ઊભું કરવું પડે તેમ હતું.

આ બળવાન જૂથ તે બુદ્ધિજીવી, સિદ્ધાન્તહીન, જમાનાવાદી, જૂઠા દેશકાળવાદી, શિક્ષિતોનું જૂથ.

સંપૂર્ણપણે શ્રદ્ધાભ્રષ્ટ આ લોકો પોતાના ભયાનક પાપની પરવા કર્યા વિના જગતમાં ગૌરવભેર ફરતા રહ્યા અને શ્રદ્ધાથી પરિપ્લાવિત હૃદયવાળા સંવિગ્ન મુનિઓના કાંઈક આચાર–શૈથિલ્યને મેરુ જેવડું બનાવીને જગતમાં વગોવતા રહ્યા.

આની સાથે સાથે સંવિગ્નોમાં પરસ્પર વિક્ષેપ પડે તેવી કુટિલ ચાલ પણ આંશિક્ષિતો રમ્યા અને તેમાં પણ કેટલાક અંશે ફાવ્યા. બીજી બાજુ આવા કુકર્મ કરનારાઓને ગવર્નમેન્ટ તરફથી મોટા ખિતાબો અપાયાઃ એમનાં જાહેરમાં માન-સન્માન થયાં; ધંધાઓમાં એમને ખૂબ અનુકૂળતાઓ મળવા લાગી. એટલે આ લોકો વધુ વકર્યાં; વધુ ફટક્યા. એમણે ચારે બાજુ મુનિજીવન ઉપર પ્રહારો કરવાનું ચાલુ રાખ્યું. નાની વાતોને ઉગ્ર સ્વરૂપ આપવા માંડયું. મુનિઓના પક્ષ-વિક્ષપો બનાવીને; તેમની પડખે ચડીને તેમને લડાવવાનું હિચકારું પાપ પણ કર્યું અને ક્યાંક કેટલાક શ્રમણો છદ્મસ્થ ભાવે કે ભવિતવ્યતાના યોગે એમાં ફસાઈ પણ ગયા.

આમ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનો એક અતિ ગૌરવવંતો કાળ અસ્ત પામવા લાગ્યો. છિન્નભિન્નતા વધતી ચાલી અને શ્રમણનું પ્રાધાન્ય તૂટું-તૂટું થવા લાગ્યું.

ગોરાઓની (કાળા-શિક્ષતોની) એક અત્યંત કૂટ નીતિ છે કે તેઓ જ્યારે જેની ઉપર આક્રમણ કરવાના હોય છે ત્યારે તે પૂર્વે જ તે છાવણીને છિન્નભિન્ન કરી મૂકે છે તેમનામાં એકવાકયતા રહેવા દેતા નથી, તેની સ્થિતિ નિર્નાયક કરે છે; તેને નિસ્તેજ અને નિર્માલ્ય બનાવે છે. આ પછી જ એની ઉપર આક્રમણ થાય છે. આ આક્રમણને મારી હઠાવવા જેવી તાકાત નહિ હોવાના કારણે ભૂંડો પરાજય વેઠવો જ પડે છે.

ભૂતકાળના ભારતના ઇતિહાસ ઉપર નજર કરીશું તો આ વાત સ્પષ્ટ સમજાઈ જશે. રાજાઓની હસ્તિને મટાડી દેવા માટે અસાધારણ ભયંકર દુષ્ટ નીતિઓ એ લોકોએ અપનાવી છે. પ્રભુનો પણ સાથ મેળવ્યો છે અને અંતે રાજાશાહીનો નાશ કર્યો છે!

જૈન ધર્મના વિષયમાં પણ બરાબર આવું થયું છે. જૈન સંઘમાં ચીરા મૂકીને ગૃહવર્ગને વિકાસની જાળમાં લીધો, એમાં શિક્ષિતોની ભેળસેળ કરી. એ બધાયની એકતા થઈ, અને એ બધા ભેગા થઈને હવે ઉજવણીના ઓઠા નીચે રહીસહી શ્રમણસત્તાને ખતમ કરવા માટે કટિબદ્ધ બની ગયા છે.

જૈનોના ચાર ફીરકા કહેવાય છે. (હકીકતમાં મૂળપરંપરાનો જે ધર્મ હોય તે ધર્મ જ કહેવાય, તેને ફીરકો કહેવાય પણ નહિ, એ મૂળપરંપરામાંથી જે ત્રણ પેટા ભેદો નીકળ્યા છે તેમને ત્રણને જ ફીરકા કહેવા જોઈએ.) આ ચારેય ફીરકામાં જમાનાવાદી શિક્ષિત લોકો છે. આ બધા ય પાશ્ચાત્ય શિક્ષણના ભયાનક પ્રભાવ નીચે આવેલા હોવાથી એમને ધર્મના વિશ્વકલ્યાણકર મૂળભૂત તત્ત્વોનાં ગૌરવોનું અને તેની સર્વાંગીણ કલ્યાણકારિતાનું જ્ઞાન પણ ન હોય તે તદ્દન સ્વાભાવિક છે, કેમકે મુનિવર્ગ પ્રત્યેની સૂગને કારણે તેમને ગુરુગમથી કોઈ જ્ઞાન તો મળ્યું જ નહિ. એઓ બહુ બહુ તો પોથીપંડિત હોય કે શબ્દપંડિત હોય પણ જીવનસમૃદ્ધ તો હોય જ નહિ. ધર્મશાસ્ત્રોની અતિગંભીર અને પરમોદાર વિશિષ્ટતાઓ તો એ બિચારાઓના કાને પણ કદી પડી ન હોય. એમણે તો જૂઠા ઇતિહાસો ઉપર અને બુદ્ધિના ધર્મસંબંધિત અપરિપકવ વલણ ઉપર જ પોતાના વિચારોનાં સંતાનોને જન્મ આપીને પાળ્યાં, પોષ્યાં અને મોટાં કર્યાં હોય, એટલે આ લોકો ધર્મક્ષેત્રને ઘણું મોટું નુકસાન કરી જાય એ તદ્દન સંભવિત છે.

જૈન ધર્મના કહેવાતા આ ચારેય આમ્નાયમાં જેમ સ્વધર્મ-પરંપરાને ચુસ્ત રીતે પાળનારાઓનો એક વર્ગ છે તેમ તે દરેક આમ્નાયમાં આવા શ્રદ્ધાભ્રષ્ટોનો પણ વર્ગ છે. એ બધા ય ભેગા થઈને બુદ્ધિવાદના ઓઠા નીચે પાંચમો ફીરકો જ ઊભો કરી રહ્યા છે. આ પાંચમો ફીરકો પણ ચારેય ફીરકાના બુદ્ધિજીવીઓનો બનેલો હોવાથી

ચતુર્વિધ ફીરકો છે. એ સ્વાયત્તશાસિત છે, એને માથે શ્રમણોનું લગીરે વર્ચસ્વ નથી; એમનું અધિપત્ય એણે સ્વીકાર્યું જ નથી.

આ લોકોએ પોતાની એકકા કરી છે. એમની એકતા સહેલાઈથી થાય તેવી પણ છે; કેમકે કોઈ પણ સિદ્ધાન્તનો ત્યાગ કરી દેવામાં કે કોઈ પણ અપસિદ્ધાન્તનો સ્વીકાર કરવામાં જે ટોળાની વૃત્તિ જોરમાં હોય તે ટોળાને એકતા કરવામાં જરાય મુશ્કેલી ન જ પડે. આવી સિદ્ધાન્તહીન એકતાનું આ જૂથ જૈન ધર્મના ચારે ય આમ્નાયો ઉપર ત્રાટકી રહ્યું છે. મુહપત્તિ, મંદિર, સંવત્સરી, મુક્તિ, તીર્થ સંબંધિત મતભેદોને દફનાવી દેવાની વાતો દ્વારા મુહપત્તિ આદિ અંગના સિદ્ધાંતોને જ દફનાવી દેવાના હેતુથી, એણે ભારે ગોકીરો મચાવ્યો છે.

સિદ્ધાન્તના ભોગે મતભેદો દૂર થતા હોય કે કજિયા ઓછા થતા હોય તો ય તે ખોટું છે. કલેશોનું ઉન્મૂલન જરૂર સુંદર છે. પરંતુ સિદ્ધાન્તનો ભોગ લઈને કદાપિ નહિ.

લેણદાર પાસે સો રૂપિયા લેવાના નીકળે છે અને પ્રથમ તબક્કામાં જ તેની માંડવાળ કરી નાંખીને તેની સાથે કલેશ પતાવી દેવાનું કામ કોઈ પણ શાણો વેપારી કરતો નથી.

દેશ ઉપરના આક્રમણ વખતે શત્રુની માંગણી પૂરી કરી આપીને યુદ્ધનાં બજતાં નગારાં બંધ કરી દેવાનું એલાન આપનાર સેનાપતિ નિર્માલ્ય ગણાય છે.

તિજોરી લૂંટીને જતા ચોર સાથે કલેશના ભયથી કશો ય મુકાબલો નહિ કરનાર માણસ મર્દ ગણાતો નથી; મુડદાલ ગણાય છે.

એકતા કે સંગઠન અત્યંત જરૂરી છે; પણ બધાં કપડાં ઉતારી આપીને જો એકતા કે સંગઠન કરવાનાં હોય તો તે હરગિજ મંજૂર નથી. એમાં ય ધર્મ તો સમગ્ર વિશ્વના સર્વ જીવોના હિતની જીવા-

દોરી છે. એવા સિદ્ધાંતોના આડેધડ ભોગ આપી દઈને એકતાઓ કરવાનો આપણને શો અધિકાર? એવી એકતાઓ સસ્તી કીર્તિ કમાઈ લેવા સિવાય બીજું કયું ફળ આપે છે? વળી એવી સિદ્ધાન્તહીન એકતાઓનું આયુષ્ય પણ કેટલું? અંતે તો એકતાથી જ અનેકતા...યાદવાસ્થળી સર્જાય છે. નામ જ એકતાનું પણ પરિણામ લડાઈનું...વધુ દુર જવાનું...વધુ વેર ઊભું કરવાનું.

જો આટલી જ વાત બધાયને સમજાઈ જાય તો મને લાગે છે કે બુદ્ધિવાદનાં તોફાનો સામે પ્રત્યેક જૈન સખ્ત શબ્દોમાં બોલતો થઈ જાય.

થોડાક સમય પહેલાં શ્રી કાલેલકરે જૈન ધર્મના બે ટુકડા કરવાનું વિધાન કર્યું છે.

પશ્ચિમના રંગે ઠીક ઠીક રંગાયા છતાં દાઢી વગેરે રાખવાથી ભારતના સંતશા એ દેખાય છે એટલે એમને વધુ પડતું વજન મળતાં આપણી સંસ્કૃતિને વધુ વેઠવું પડયું હોય તેમ લાગે છે. જે લોકો હકીકતમાં પશ્ચિમપરસ્ત હોય અને વેષ વગેરેમાં સંસ્કૃતપ્રેમી દેખાતા હોય તેમનાથી આ દેશની સંસ્કૃતિને મોટા ફટકા ખમવા પડે કે પ્રજાને વધુ ઉલ્લુ બની જવું પડે તે અત્યંત સંભવિત છે.

આ અજૈન બંધુએ જૈન ધર્મમાં ચીરો મૂકીને બે કકડા કરવાની હિમાયત કરી છે. ક્રિયાકાંડ વિભાગનો એક કકડો અને તત્ત્વજ્ઞાન વિભાગનો બીજો કટકો.

એમાંનો ક્રિયાકાંડ વિભાગ ક્રિયાકાંડી રૂઢિચુસ્તોને સોંપી દેવાની વણમાગી સલાહ આપીને આગળ વધતાં એમણે કહ્યું છે કે 'તત્ત્વજ્ઞાન' વિભાગને લઈને આપણે વિશ્વમાં ફરીએ. સહુને આ વિભાગ વિકસાવવાની રજા આપીએ. એ વિકાસ કરવામાં જો એમને પોતાની રીતે કોઈ સુધારો, વધારો, ઉમેરો (ભેળસેળ જ ને?) કરવાની

જરૂર લાગે તો તેમ કરવાની આપણે તેમને રજા આપીએ. દરેક દેશની અનુકૂળતા મુજબ જુદી જુદી જૈન ધર્મની અનેક આવૃત્તિઓ થાય તેમાં શું ખોટું છે?

પાંચમા ફીરકામાં ઘૂસેલા આ એકતાવાદીઓ ધર્મમાં ચીરો મૂકીને ક્રિયાકાંડ વિભાગ સ્વરૂપ વ્યવહાર-ધર્મને અચેતન બનાવવા રઝળતો મૂકે છે; તત્ત્વજ્ઞાન વિભાગ [એકલો વ્યવહાર નિરપેક્ષ નિશ્ચય એ જૈનધર્મ જ નથી; તેનું કોઈ અંગ પણ નથી]ને વિકાસની પ્રક્રિયામાં લઈ જાય છે. અન્ય દેશો દ્વારા તેમાં ભેળસેળ કરવાની રજા અપાવે છે! આનો અર્થ તો એ જ થયોને કે ક્રિયાકાંડસ્વરૂપ વ્યવહાર-ધર્મ કે જે વસ્તુતઃ જૈન ધર્મની અવિચ્છિન્ન પરંપરાનું અસાધારણ બળ છે તેને આપમેળે મરવા દેવો; અને તત્ત્વજ્ઞાન અંશને વિકાસના ફુગાવાથી અને ભેળસેળના રાજકારણથી મારી નાંખવો.

વાહ, એકતાવાદીઓ! ધન્ય છે તમારી ચાતુરીને!

આવી જ વાત બીજા એક બુદ્ધિજીવીએ કરી છે. તેણે 'બે મહાવીર' બતાવ્યા છે. પૌરાણિક અને ઐતિહાસિક.

વીતરાગ, સર્વજ્ઞ, યથાર્થવાદી, ત્રિલોકગુરુ, તીર્થંકર, શાસનપતિ પરમાત્મા મહાવીર એ પૌરાણિક મહાવીરદેવ છે.

જ્યારે જ્ઞાતિજાતિના નાશક, સ્ત્રી-સ્વાતંત્ર્યના હિમાયતી, યજ્ઞ-યાગની હિંસાના નાશ માટે લીધેલા અવતારવાળા, સામ્યવાદના આદ્ય પિતા, ટોચમર્યાદાના હિમાયતી, બાળદીક્ષાના વિરોધી, કામ પુરુષાર્થની પણ હિમાયત કરનારા મહામાનવ મહાવીર એ ઐતિહાસિક મહાવીર.

એ બંધુએ કહ્યું કે "ચાલો, આપણે પૌરાણિક નહિ; પણ ઐતિહાસિક મહાવીરની શતાબ્દીની ઉજવણી કરીએ."

ફ્રાન્સનો એક ગોરો સ્વામી હંસાનંદ બન્યો છે. તેણે પોતાના અનેક ગોરા શિષ્યોને નવકારમંત્ર શીખવ્યો છે. આમાં જૈન ધર્મનો અભ્યુદય કોઈ જોશો મા ! આ તો છે; જૈન ધર્મના વિકાસ અને ભેળસેળના કાર્યક્રમનો ખતરનાક અંશ.

આ લોકો 'હરે રામ...'ની જેમ નવકારમંત્ર ગાતાં ગાતાં ટોળે વળી ભારતમાં આવશે. જૈન ધર્મ ઉપર 'લેકચરો' કરશે; અહીંના મહાસંયમી જૈન સાધુઓને પોતાની વિદ્વતા અને વાક્છટાના જોરે ઝાંખા પાડશે. કામચલાઉ દીક્ષાઓ લેશે. પેટમાં પેસીને પગ પહોળા કરશે; પેટ ફાડી નાંખશે.

થોડા જ સમય પૂર્વે 'જિમ મોરગીન' નામના અમેરિકન વિદ્યાર્થીએ ૭ દિવસ પૂરતી તેરાપંથી દીક્ષા લીધી હતી !

આ બધું ય કૌભાંડ ત્યારે જ અમલમાં આવી શકે તેમ છે જ્યારે જૈન ધર્મ ઉપરથી જૈનાચાર્યોનું અને શ્રમણોનું વર્ચસ્વ તોડી પાડવામાં આવે.

એક વખત ચીનમાં બાઈબલની માંગ ખૂબ વધી પડી. ઓર્ડરો આવવા લાગ્યા. લાખો કોપીઓ જવા લાગી. આથી ઈસાઈ ધર્મીઓ ખૂબ ખુશ થઈ ગયા. એમણે ચીનમાં ઈસાઈ ધર્મનો જબ્બર ફેલાવો કલ્પી લીધો ! પણ તપાસ કરતાં જ્યારે ખબર પડી કે, 'બાઈબલની કોપીઓ તો તેનાં સુંદર પાનાંમાંથી બનતાં કાગળનાં રમકડાં બનાવવા માટે જ મંગાવવામાં આવે છે.' ત્યારે ઈસાઈઓનાં મોં કાળાંમેંશ જેવાં થઈ ગયાં.

યાદ રાખો કે ધર્મ તો એના મૂળભૂત સ્વરૂપે જ પ્રકાશે; અને વિસ્તરે...ભલે પછી તેનું ક્ષેત્ર કદાચ નાનું પણ હોય.

દૂધ થોડુંક પણ જો ચોખ્ખું હોય તો લોહી કરે, પાણી નાંખીને એનું પ્રમાણ વધારવાથી લાભને બદલે નુકસાન જ થાય.

જૈન ધર્મ આચારથી વિસ્તરે, થોડોક કે ઘણો એ સવાલ જ અસ્થાને છે. એવી ઇચ્છા જ ખોટી છે.

થોડોક પણ શુદ્ધ આચાર પાળતો એક જૈન; જૈનશાસનનો રક્ષક છે. નામ-જૈનોનાં ટોળાં ભેગાં કરવાથી તો જે દશા કોંગ્રેસની થઈ તે જ દશા જૈનોની થાય.

પણ આ બધું તો હેતુપૂર્વક થઈ રહ્યું છે, આચારપ્રધાન જૈન ધર્મને હાથે કરીને પ્રચારપ્રધાન બનાવાયો છે, નિર્વાણલક્ષી ધર્મને ભોગલક્ષી બનાવવા માટે જાણીબૂઝીને ભૌતિક કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે.

આમ કરીને એના મૂળભૂત નિર્વાણલક્ષ્યના તત્ત્વને, તેનું સાધન સર્વવિરતિ ચારિત્રને અને તેના અસંખ્ય યોગોને નબળા-દુબળા પાડીને ખતમ જ કરવાની મેલી મુરાદ છે.

# [૭] અને છેલ્લે

જો જૈન ધર્મે-એના ચારેય ફીરકાએ-આ જગતમાં ટકી જવું હોય તો તેવા શ્રીસંઘે જૈન આર્યધર્મો સાથે સંપ કરવો જ પડશે, એકબીજાની રક્ષામાં એકબીજાએ સાથ આપવો જ પડશે.

એ જ રીતે એના જે ચાર ફીરકા છે એમણે પણ પોતાની માન્યતાને વફાદાર રહીને એકબીજા સાથે સંપીને રહેવું પડશે. એકબીજા સાથે સંઘર્ષ ન થાય તેની કાળજી કરીને સમગ્ર જૈન ધર્મ ઉપરનાં આક્રમણો સામે એમણે પણ એકસંપી કરવી પડશે.

એ પછી દરેક આમ્નાયના ચતુર્વિધ સંઘે શક્ય હોય તેટલું વધુમાં વધુ શાસ્ત્રોક્ત જીવન જીવવાનો પ્રયત્ન કરવો પડશે. જેટલું આંતરિક બળ વધશે તેટલું આપોઆપ મહાવિઘ્ન પણ દૂર થઈ જશે. આંતરિક શૈથિલ્યો, બાહ્ય આક્રમણો સામેના યુદ્ધમાં અચૂક નિષ્ફળતા લાવે છે. એટલે વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસન અને જૈન ધર્મની રક્ષા કરવાની વૃત્તિવાળા તમામ જૈનોએ પોતાનું જીવન વધુ ને વધુ જિનાજ્ઞાપ્રધાન બનાવવું પડશે.

તે પછી ભવિતવ્યતાના યોગે જે કાંઈ વૈમનસ્યો ઊભાં થયાં હોય તેને શાસ્ત્રસાપેક્ષ દેશ, કાળ લગાડીને સત્વર દૂર કરી દેવાં જોઈએ. આ વૈમનસ્યોને કાયમ રાખીને પણ એ કોઈ સંઘ સભ્ય બાહ્ય આક્રમણ સામે વિજય મેળવી લેવાની ખુમારી રાખતો હોય તો તે યોગ્ય નથી.

કપાયેલા ઘોડા ઉપર સ્વાર થઈને ચાબુકો મારીને દોડાવવાના જીદભર્યા સંકલ્પ કરતાં ઘોડેસ્વાર જેવું માનસ આપણે કેમ ધરાવી શકીએ ? વૈમનસ્યોને તો સૌ પ્રથમ દૂર જ કરીએ.

અને પછી જો શક્ય બને તો : શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના શ્રમણોનું સંગઠન કરો; એકચક્રી શાસન તળે સ્થિર કરો.

જો સહુ કોઈની આંખે અમી ઉત્પન્ન થશે; મોંએથી મીઠાશ ઝરશે; હૈયે સરળતા ઊભરાશે તો સંઘ-સંગઠન એ જરાય મોટી બાબત નથી; વૈમનસ્યનો વિનાશ જરાય દૂર નથી.

આજે ય ઝળહળતું છે : જૈનશાસન : અનેક દીપકોએ દીપી રહ્યો છે; જૈન સંઘ. જમાનાવાદની ભયાનક આંધી વચ્ચે ય હજુ અડોલ બનીને ઊભો છે; જૈન ધર્મ. ધરતીને વિભુષિત કરી છે; તીર્થો વગેરેની સંપત્તિએ...શુદ્ધ મોક્ષમાર્ગની દેશના આજે ય એના શ્રમણભગવંતો નીડરપણે પ્રસરાવી રહ્યા છે.

કોઈ વાતે કમીના નથી.

જુઓ, ભસ્મગ્રહ પણ ઊતરી રહ્યો છે, સંભવ છે કે આપત્તિઓ પણ ભાવિના અભ્યુદયકાળ માટે અત્યંત જરૂરી એવી ધર્મખુમારી; અને આજ્ઞાબહુમાન જગાડવા માટેનું નિમિત્ત બનીને જ આવી હોય. જૈન સંઘની અનેક શિથિલતાઓને ખંખેરી નાખવા માટે જ એનું આગમન થતું હોય.

નવી પેઢીમાં ધર્મતત્ત્વ તરફની સજાગતા ઉત્પન્ન થતી જણાય છે.

તો એ બધા લાભો આપણે શા માટે ન મેળવી લેવા ? બીજું જે કાંઈ અનિષ્ટ થશે તો ય તેને નિર્મૂળ કરી દેવાની તાકાત ધરાવતું યુવાશ્રમણોપાસકોનું એવું એક સંઘબળ જ શા માટે તૈયાર કરી ન દેવું કે જે બધાં ભાવિ અનિષ્ટોના આગમનને મારી હઠાવે.

ચાલો ત્યારે, જુઓ ભસ્મગ્રહ ઊતરી રહ્યો છે.

વિજયની નોબતો દૂર દૂર સંભળાઈ રહી છે. 'હવે જાગી ગયા છીએ એ જ આપણી અડધી જીત છે...આ ઉપકાર છે એ જ બુદ્ધિજીવીઓનો; ન વિસરાય તેવો...

હવે શા માટે ધર્મશાસનની રક્ષા અંગે ગંભીરપણે વિચારો ન કરવા જોઈએ? શા માટે પૂજનીય ગચ્છનાયકો એકત્રિત ન થાય? શા માટે આપસી પ્રશ્નોને હલ કરીને સંઘબળનું સર્જન ન કરાય? જો ભસ્મગ્રહ ઊતરે જ છે તો આવા પ્રયત્નોનું પરિણામ સારું જ આવવાની આશા છે. ભસ્મગ્રહ બેસતો હોત તો કદાચ આવા પરામર્શો વધુ તડાં પાડનારા બની જાત.

તો આ તકને ઝડપી લઈએ. એનો જે લાભ છે તેને વિચારી લેવા જેટલી વિચક્ષણતા આપણે દાખવવી જ રહી.

દેશની પ્રજાનો સર્વનાશ બોલાવી દેતા ગોરાઓએ છોડેલા-ઝંઝાવાતી પવનોની વચમાં આપણે ઊભા છીએ એ વાતને સતત નજરમાં રાખીને જ આપણે કોઈ પણ બાબત વિચારવી જોઈએ. આ ઝંઝાવાતી પવનોએ પ્રજાને સુખ અને શાંતિ બક્ષતી આર્થિક, સામાજિક અને રાજકીય વ્યવસાયોને વિકાસ, ભેળસેળ વગેરેની અને કુટિલ નીતિઓ દ્વારા છિન્નભિન્ન કરી નાખી છે. ખેતી, નીતિ, ન્યાય, વેપાર, ભણતર, સમાજ વગેરે બધાં જ મજબૂત તંત્રો હલબલાવી નાખ્યાં છે. પશ્ચિમની સંસ્કૃતિ આપણી વેરણ બની છે. આપણે આ બધું ય શી રીતે સુધારવું? કૃત્રિમ દુષ્કાળો, કૃત્રિમ ગરીબી, કૃત્રિમ મોંઘવારી, કૃત્રિમ બેકારી...હાય! ન જાણે કેટલાય લાખો પ્રશ્નો કાળા ભોરીંગ નાગની જેમ મોં ફાડીને આપણી સામે ઊભા છે. ક્રોડો આર્યો આ નાગોના ભરડામાં આવીને ખતમ થઈ જશે. ચારે બાજુ લાખો સમસ્યાઓ સળગી ઊઠી છે. છે કોઈ સમગ્ર આર્યપ્રજાને બચવાનો આરોવારો? છે કોઈ ઔષધ; લાખો રોગનું?

હા...ધર્મમહાસત્તાને પુનઃ વ્યવસ્થિત કરો. સહુ સ્વધર્મમાં સ્થિર થાઓ. સ્વ-સ્વ ધર્મનાં મોક્ષપ્રાપક અનુષ્ઠાનોને ઘરઘરમાં સહુ સેવો, ઈશ્વરપરાયણ બનો...એકબીજાના ધર્મીઓ એકબીજા સાથે

ખૂબ પ્રેમથી રહો. આ રીતે ધર્મતત્ત્વનું આધ્યાત્મિક બળ વધશે તેમ તેનો જ વિશુદ્ધ પ્રભાવ સળગેલી લાખો સમસ્યાઓને આપમેળે હલ કરશે.

ઘરઘરમાં ધર્મના સેવનથી ધરતી ઉપર પુણ્ય તો વધતું જ જાય એટલે એ પુણ્ય જ દુષ્કાળો વગેરેને મારી હઠાવશે. ફરી આપણા આર્ય-જીવનનો પ્રાણ ધબકવા લાગશે.

પણ સબૂર ! આવા સુંદર જીવનની ઘરઘરમાં અને આત્માના ઘટઘટમાં પ્રતિષ્ઠા કરવા કાજે ભોગ-વિલાસ, મોજ-શોખ, એને વૈભવી જીવનની લલચામણી સુંવાળપને દેશવટો દેવો જ પડશે.

કુપથ્યો ચાલુ રાખીને તો હજારો ઔષધની ખીચડી બનાવીને કોઈ રોગી ખાય તો ય નીરોગી ન જ બની શકે.

માટે કુપથ્યનો ત્યાગ પણ માન્ય કરવો જ જોઈએ.

રે ! જો આપણા ધર્મપરાયણ જીવનથી ક્રોડો આર્યોને; અને વિશ્વના સમગ્ર માનવોને ના...વિશ્વના અનંત જીવોને સુખ-શાન્તિ કે દુઃખમુક્તિ પ્રાપ્ત થતાં હોય તો શા માટે ભોગવિલાસ ઓછાવત્તા અંશે પણ જીવનમાંથી દૂર ન કરવા ? શું આપણા ભોગોનો થોડોક પણ ભોગ આપી ન શકાય ? અનેક જીવોની સુખ-શાંતિ કાજે ?

સઘળી સારી વાતની શરૂઆત ઘરથી જ કરવી જોઈએ એ ન્યાયે સૌ પ્રથમ શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ આ ધર્મમહાસત્તાની ઘર-ઘરમાં પ્રતિષ્ઠા કરે. પછી ચારેય ફીરકામાં એ પ્રતિષ્ઠા વ્યાપે. 'એકતા'ના વિઘાતક તૂતનો ત્યાગ કરીને પરસ્પર એકસંપી સાધે. એનાથી જે પુણ્યબળનું જાગરણ થશે એ પુણ્યબળના અણુ-પરમાણુઓ ભારતના સર્વ ધર્મના અનુયાયીઓમાં પણ વિશુદ્ધિના નવચૈતન્યનો સંચાર કરશે. આમ સઘળા કાર્યોનું એકઠું થયેલું એ પુણ્યબળનું (ધર્મબળ) ભારતની સળગતી સઘળી સમસ્યાઓને હલ

કરીને જ રહેશે. પછી ભારતના સંતો અને સજ્જનો વિષયવાસનાની શાન્તિનો અને કષાયોની અગનવર્ષાની શાંતિનો સંદેશ આપશે; ઈશુના અનુયાયીઓને ઈસુનો જ માનવતાવાદી સંદેશ સંભળાવીને એમની સર્વનાશક ધર્માંધતાની કબર ખોદાવશે. સહુને એકસંપીથી સંગઠિત થવાનું એલાન કરશે. પછી એકબીજાના ભાઈચારાનો મહાયજ્ઞ આરંભાશે.

જે હશે એ મહાયજ્ઞનો ભાવિ દિન... તે હશે વિશ્વમાત્રના જીવોના સાચા સુખશાન્તિના ઉદ્‌ગમ માટેનો સુવર્ણ-દિન.

જો ધાર્મિકક્ષેત્ર મજબૂત થશે તો તૂટીફૂટીને ખલાસ થઈ ગયેલું આર્યપ્રજાનું આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્ર પણ પાછું પગભર થશે.

જો ધાર્મિકક્ષેત્ર તૂટીફૂટી ગયેલું હશે તો મજબૂતમાં મજબૂત અર્થતંત્ર, સમાજતંત્ર અને રાજતંત્ર પણ ૨૫-૫૦ કે ૧૦૦ વર્ષમાં તૂટીફૂટીને ખતમ થઈ જશે.

ગોરાઓની સર્વઘાતક ભેદી નીતિના હવે જો આપણે જાણકાર બન્યા હોઈએ તો ધર્મક્ષેત્રની રક્ષા અને પ્રભાવનામાં આપણું જીવન લગાડી દઈએ. ધર્મક્ષેત્ર સામે આંખ પણ ઊંચી કરનારા માનવોને એમની મૂર્ખામી બદલ કડકમાં કડક પાઠ શીખવી દઈએ.

ધર્મસંસ્કૃતિની રક્ષા સામે 'વ્યક્તિ'-કોઈ પણ વ્યક્તિ-અત્યંત વામણી છે; ચાલો ત્યારે; જય જયકાર મચાવીએ શ્રીધર્મશાસનનો.

સર્વ ધર્મ-સંસ્કૃતિઓનો; એકસંપીનો.

ચાલો ત્યારે ખુલ્લી પાડી દઈએ વિઘાતક યોજના...
વિકાસની મહાજાળો...
ભેળસેળની તરકીબો...
એકતાની બનાવટી ફિલસૂફીઓ...

# લોકશાહી શાસન–પ્રણાલિ અને ચૂંટણી ભારતીય જીવનપદ્ધતિને સંપૂર્ણ પ્રતિકૂળ

ચૂંટણી એ વિદેશથી આવેલી લોકશાહી પ્રણાલિ છે. લોકશાહીનું વર્તમાન સ્વરૂપ પણ વિદેશી જ છે. એમ પણ કહેવાય છે કે લોકસ્વાતંત્ર્ય અને માનવના મૂળભૂત અધિકારની કલ્પના પણ વિદેશી છે. પરંતુ ભારતે ક્યારેય લોકશાહી અને લોકસ્વાતંત્ર્ય કે માનવ-અધિકાર એક પ્રજા રૂપે ભોગવ્યા જ નથી એવું તો ઇતિહાસ કહેતો નથી. બૌદ્ધોના સમયમાં ગ્રામસભા અને ગ્રામસ્વરાજ હોવાનું ઇતિહાસ નોંધે છે, પરંતુ તેનું સ્વરૂપ ભારતીય હતું. અત્યારે 'સામંતશાહી નામે નિંદાતી પ્રથા તો મધ્યયુગ અને તે પછીની પરંપરા લાગે છે. નહિતર ગાંધીજી જેવા 'રામરાજ્ય'નો આદર્શ વીસમી સદીમાં યે પ્રજા સમક્ષ ન મૂકે. રાજાશાહી વધારે ભ્રષ્ટ થઈ હોય તો બ્રિટિશ શાસન દરમ્યાન જીવી ગયેલી ખંડિયા રાજાશાહી, એ તો બ્રિટને ટકાવેલી નિર્માલ્ય રાજાશાહી હતી. એમાં આદર્શ દેશી રાજ્યો હતાં ખરાં, અને તે બ્રિટિશ શાસન કરતાં યે પ્રગતિશીલ હતાં. ભારત સ્વતંત્ર થયા પછી એ રાજાશાહીનો અંત આવ્યો અને આવી ચૂંટણી દ્વારા પ્રજાકીય સરકારો.

ચૂંટણી લોકશાહીનો મૂળ આધાર મનાય છે. લોકશાહી શાસન પ્રણાલિમાં ચૂંટણી અનિવાર્ય છે. અને અત્યારે આપણે ચૂંટણીના હવામાનમાં જીવીએ છીએ. ભારતીય દર્શન કે વિચારસરણી ચૂંટણીના અત્યારના સ્વરૂપને જેમ ને તેમ ભાગ્યે જ સ્વીકારી શકે. ભારતનો આજ સુધીનો ચૂંટણીઓનો—અનુભવ ચૂંટણીનાં પરિણામો-ભાગ્યે જ સંતોષકારક કહી શકાય. લોકશાહી શાસનપ્રણાલિ પક્ષવાદ ઉપર આધારિત છે. તે ભારતીય દર્શનને અનુકૂળ નથી. સર્વ લોકો માટેનું રાજ્ય લોકોના તમામ પ્રતિનિધિઓના એક મતે ચાલતું નથી. બલકે, પક્ષીય ધોરણ અને વિચારે ચાલે છે, આથી નર્યું સમર્થન અને નર્યો વિરોધ–એવી સાવ અબૌદ્ધિક પ્રવૃત્તિ પર આ લોકશાહી આધારિત રહે છે. આમાં કશું અજૂગતું છે એવું યે કોઈને લાગતું નથી, કારણ કે નીતિ તરીકે સ્વીકાર્યા પછી એને વિશે કશો વિચાર કરવા જેવું યે કોઈને લાગતું નથી ! એક પક્ષે સરકાર ચલાવવાની જવાબદારી છે, તો બીજા પક્ષે પોતાની દૃષ્ટિએ સરકારનાં કામો અને કારભારની ટીકાત્મક સમીક્ષા કરવા સિવાય બીજી કોઈ જવાબદારી હોય એવું મનાતું લાગતું નથી !

પક્ષશાહી સાથે રાજકીય વિચારસરણી યે આવે છે. કોઈ જમણેરી તો ડાબેરી પક્ષ બની જાય છે ! પ્રજાની સરકાર જાય ! પ્રજાની ઇચ્છા સરકાર પક્ષે સ્વીકારેલી વિચારસરણી પ્રમાણેની જ છે, એવું કહી શકાય નહીં, પણ સરકાર પક્ષ પોતાની જ વિચારસરણીને અમલમાં મૂકવા મથે છે અને એ જ દેશની પ્રજા માટે સૌથી વધારે સારી હોવાનો દાવો યે કરે છે, તો વિરોધ પક્ષ એનું વાચિક ખંડન કર્યે જાય છે. સત્ય કે આદર્શ સ્થિતિ આ ન હોય, પણ લોકશાહી શાસન પ્રણાલિ એક આવી ફોર્મ્યુલા છે. શાસક જેટલા વિચારવંત, વિવેકી અને માનવમૂલ્યોનો આગ્રહી હોય એટલી આ ફોર્મ્યુલા માનવીય બને, નરી યાંત્રિક ન બની જાય. એમ લાગે

છે કે આ કરતાં વધારે સારી શાસનપ્રણાલિ આપણે શોધી નથી એટલે અનિવાર્ય રૂપે લોકશાહી શાસનપ્રણાલિ સ્વીકારી છે. એમાં સુધારા થાય છે તેને વધારે માનવીય સ્વરૂપની બનાવવા માટે, એવું આશ્વાસન લઈ શકાય એમ નથી અને ચૂંટણી; જે હું સાચો, તું ખોટો; અમે આદર્શ, તમે કનિષ્ઠ–જેવી ધૃષ્ટતા દ્વારા વેરઝેર, અહંકાર, પક્ષાંધતા. કેવળ પક્ષહિત, પક્ષ–વિચાર પ્રવર્તાવે છે અને લોકોના શાણપણને હચમચાવીને ભ્રમિત કરી મૂકે છે, તેને ભારતીય દર્શન ભાગ્યે જ સ્વીકારી શકે.

## લેખશ્રીના અન્ય પુસ્તક 'ગાંધીવિચાર-સમીક્ષા'-નો ઉપોદ્ઘાત.

[ આ ઉપોદ્ઘાત વાંચીને લેખકનું એ પુસ્તક અચૂક વાંચી જવા અમારી ખાસ ભલામણ છે. ]

મોહનદાસ કરમચંદ ગાંધીએ ઈ. સ. ૧૯૦૮માં વિલાયતથી પાછા વળતાં આગબોટ ઉપર ગુજરાતીમાં જે મૂળ લખાણ કર્યું હતું તે જ 'હિંદ-સ્વરાજ' નામના પુસ્તકરૂપે પ્રગટ થયું. આ એક જ પુસ્તકને નજરમાં રાખીને તેમાં ગાંધીજીએ દર્શાવેલા કેટલાક વિચારોની મેં અહીં સમીક્ષા કરી છે.

'ગાંધીજી એ સર્વમાન્ય નિર્વિવાદ વ્યક્તિ છે' એવું પ્રતિપાદન કરવાનું સાહસ કોઈ અતિ-ભક્ત જ કરી છે.

રાજકારણ સંબંધમાં ગાંધીજીનો જે અભિગમ હતો એ અત્યંત વિવાદાસ્પદ હોઈ શકે એમ મને લાગે છે.

એક વ્યકિત પોતાના વિલક્ષણ પુણ્યના જોરમાં એવી કેવી વિરાટ પ્રતિમા બનીને જગત્‌ની સમક્ષ ખડી થાય ત્યારે જગત્‌ની નાનકડી આંખો એમાં અંજાઈ જાય એ સહજ છે. સામાન્ય જનતા તો અ-સામાન્ય ગણાતા માનવોના વિચારોની પાછળ સદૈવ દોરવાતી ઢસડાતી રહી જ છે. એટલું જ નહિ પણ વિશિષ્ટ ચિંતન કરવાની જનતાની અશક્તિ તો કોઈકના આકર્ષક વિચારો ઉપર મત્તુ મારવામાં જ પ્રસન્નતા અનુભવતી હોય છે; એવા માવજીભાઈ બનવામાં હોડ બકતી હોય છે.

આવી રીતે ગાંધીજી હિન્દુસ્તાની લોકોના મગજમાં વ્યાપક સ્વરૂપે પ્રસરી ગયા છે, 'વિરાટ' બનીને ત્યાં સ્થિર થયા છે અને

તેથી જ તેમની સામે કોઈ પણ વિચાર મૂકવાની હિંમત કરવાનું પણ જનતા માટે કઠિન બન્યું છે.

પરંતુ એ કપરી પણ કામગીરી વિનમ્રપણે બજાવવાની મારી ફરજ સમજીને હું અહીં કેટલીક વાતો અસંદિગ્ધપણે રજૂ કરવા માંગું છું. મારો અભિગમ સાચો જ હોવાનો મારો એકાંતે દાવો નથી, પણ છતાં તેની ઉપર સહુ કોઈ પરામર્શ કરે એટલી મારી અપેક્ષા જરૂર છે.

આર્યાવર્તમાં જે મહાપુરુષો અને મહાસંતો પૂર્વે થઈ ગયા એમના અતિશય ઉન્નત કોટિના આદર્શોથી ભરપૂર હતા, એમની એકેકી ચાલ; એમનો એકેકો શબ્દ, એમની પ્રત્યેક ઘટનામાં અતિ ભવ્ય કક્ષાના સંસ્કારનો ભરપૂર પ્રવાહ અસ્ખલિતપણે વહેતો હતો. કોઈ અધ્યાત્મની દુનિયાના બેતાજ બાદશાહો બન્યા; કોઈ વેપારી ક્ષેત્રે નામ કાઢી ગયા, કોઈ રાજકરણના ચોગાનમાં 'વિરાટ' બનીને ઊભા રહી ગયા.

મર્દો, અને પવિત્રોથી આ ધરતી ઊભરાઈ હતી.

પણ અફસોસ! ધગધગતો સંસ્કાર–વારસો આપીને આર્યાવર્તની નવી પ્રજાઓમાં નવી સંસ્કારસંપન્ન વિભૂતિઓ પકવતાં એ આદર્શ જીવનો ઉપર ગોરાઓએ અંધારપટ ફેલાવી દીધો. એ કથાઓને કાલ્પનિક કહી, એ પુરાણોને 'ગપ્પ' કહ્યાં, એ ચરિત્રોને 'આઉટ–ઓફ–ડેઈટ' જાહેર કર્યાં. જે રીતે જે શક્ય બન્યું તે રીતે તે મહાપુરુષોને ભુલાવી દેવામાં આવ્યા.

એથીસ્તો... પેલા માણભટ્ટો, કથકો, ચારણો અને ભવાઈકારો સિનેમાની લાઈનમાં ઊભા છે; ટિકિટ ન મળતાં નિસાસો નાંખી લથડતે પગે ઘર ભણી પાછા ફરતા જોવા મળે છે!

અંગ્રેજોએ બીજું કામ કર્યું; કેટલાકોને મહાન બનાવી દેવાનું. 'જેલ' એમાં મુખ્ય શસ્ત્ર બન્યું, વારંવાર જેલમાં મોકલીને,

પ્રચંડ લોકવિરોધ કરાવીને તે વ્યક્તિને લોકહૃદયની સમ્રાટ બનાવવામાં આવી. અને એ રીતે એમને 'પ્રાણપ્યારા નેતા' બનાવ્યા. અંગ્રેજોનું આ એક આર્ષ-સૂત્ર છે કે જૂનાને ખસેડવા નવું ઊભું કરો, એ નવાને ખૂબ મહત્તા આપો, નવાની સામે સખ્ત વિરોધ કરાવીને નવાને વધુ મહાન બતાવતા જાઓ અને પછી એ નવાના નામે જે કાંઈ સાધી લેવું હોય તે સાધી લો. પછી નવાને ય ફેંકી દો.

જૂનું તો નવા દ્વારા ગયું જ છે.

નવું પણ જવાનું જ છે.

ધ્રુવ જાય, તો અધ્રુવને જતાં કેટલી વાર?

જેના દ્વારા લાખો લોકો રોજી રળતા હતા તે હાથશાળ વગેરે ધંધાઓને તોડી પાડવા માટે જ ચરખો નહિ શોધાયો હોય શું?

હવે આજે નજર કરો.

હાથશાળનો ધંધો ય ગયો?

ચરખો ય ગયો!

અને...વધારામાં ઘોર બેકારી ઘર કરી ગઈ.

આવું દરેક પ્રાચીન ગૌરવ સંબંધમાં બની રહ્યું છે.

સંતશાહીને તોડવા માટે જ લોકશાહી ઊભી કરાઈ.

સંતશાહી તૂટી ગઈ.

લોકશાહી પણ નષ્ટ થઈ.

રહી; ચોફેર અંધાધૂંધી, અરાજકતા, સર્વના હિતને મારતી ગામ-ગામમાં.

મહાજન સંસ્થાને તોડી નાંખવા માટે જ પંચાયતો ગામે-ગામ ઊભી થઈ.

'મહાજન'નું અસ્તિત્વ નષ્ટ થયું,

પંચાયતો નામની જ ઊભી છે.

ઉપરથી સળગ્યા છે; ગામેગામ ચૂંટણીપ્રેર્યા કજિયા અને કંકાસ ?

હરિજન સાથે પણ જે દેશમાં ભાઈચારો હતો ત્યાં પટેલ-કણબી પણ લડે છે; સગા બે ભાઈ પણ શત્રુ બનીને એકબીજા સામે ટકરાયા છે !

'પુરુષ-સમોવડી નારી'ના નારા બુલંદ બનાવીને પુરુષની જગાએ નારી ગોઠવાઈ છે.

પુરુષ તૂટી રહ્યો છે.

નારી થાકી જવાની છે.

અવશેષ રહેશે નિર્માલ્ય સંતતિઓના...લયલા-મજનુઓના; રોમીઓ-જૂલીઅટના ! નહિ મળે કોઈ રામ-લક્ષ્મણો ! કોઈ સીતા-કૌશલ્યાઓ ! કોઈ રામ-દશરથો !

મનમાં ક્યારેક વિચાર ઝબૂકી જાય છે કે પ્રાચીન ગૌરવોને વામણાં કરી નાખવા માટે કે વિસ્મરણની ખાઈઓમાં ધકેલી દેવા માટે જ ગાંધીજી જેવા સરળ કહેવાતા આત્માનો દુરુપયોગ કરાયો નહિ હોય ?

જેમનો જન્મ જ એવી કોમમાં થયો છે કે જ્યાં બીજમાં જ સહજ રીતની નિખાલસતા, ધર્મપ્રિયતા, ભોળપણ વગેરે જોવા મળે.

અંગ્રેજોએ આ ગુણોનો જ દુરુપયોગ કર્યો હોય તે કેમ ન બને ? એક સજ્જન જેવા માણસને રાજકારણમાં મૂકી દેવા માટે એમને ખૂબ મહાન બનાવ્યા હોય અને પછી એ મહાનતાની આડશ લઈને અંગ્રેજોએ ભારતીય સંસ્કૃતિના પાયામાં જીવલેણ સુરંગો સિફતથી ગોઠવી દઈને ધાર્યું નિશાન પાર ઉતારી દીધું હોય એવું કેમ ન સંભવે ?

ખેર...આ વાત મારે જ વિચારવાની નથી. અંગ્રેજોની કુટિલ ચાલ આજે પણ આ દેશમાં યત્ર-તત્ર-સર્વત્ર રમાઈ જ રહી છે.

હવે નવી ભૂલો ન થઈ પડે તે માટે ભૂતકાળની વીતી ગયેલી ઘટના-ઓમાંથી બોધપાઠ લેવા માટે અનેક ભેજાંઓએ ચીલાચાલુ ચિંતનો વેગળાં મૂકીને શંકાની નજરે કેટલુંક વિચારવું તો જોઈએ જ.

ગાંધીજીના જીવનને આરંભનું, મધ્યનું અને અંતનું એમ ત્રણ તબક્કામાં આપણે વહેંચી નાંખીએ તો એમ કહી શકાય કે આરંભ-કાળમાં ગાંધીજી આર્યાવર્તની સંસ્કૃતિના પુરસ્કર્તા હતા; એટલું જ નહિ પરંતુ એનાં ગૌરવોની રજૂઆતમાં અને એ સંસ્કૃતિને ખતમ કરવા માટે કમ્મર કસતા સુધારકો સામે નીડરપણે જંગે ચડ્યા હતા. આ વાતની યથાર્થતા એમનું 'હિંદ–સ્વરાજ' પુસ્તક વાંચવાથી સમજાઈ જશે. આ પુસ્તકમાં તેમણે આપણી પ્રાચીન પરંપરાઓને ખૂબ વખાણી છે; જાણે કે તેને માથે લઈને તેઓ નાચતા હોય એવો આભાસ એ વાચનમાંથી ઉદ્ભવે છે.

આથી એમના જીવનના આ પ્રથમ તબક્કાને મહદંશે હું 'સમજણનો' તબક્કો કહું છું.

પરંતુ બીજો તબક્કો તો આર્યાવર્તની સંસ્કૃતિને માટે ખૂબ જ ગંભીર અને જીવલેણ ફટકો મારનારો અજાણપણે બન્યો હોય તેમ લાગે છે.

ભારે કુટિલનીતિ ધરાવતા અંગ્રેજો માટે મારી એવી સમજ છે કે વિશ્વમાત્રમાં અ–ગૌર વર્ણોની પ્રજાઓને અને અ–ઈસાઈ ધર્મોને તેઓ રહેવા જ દેવા માંગતા નથી. ક્યાંક અતિ ઘાતકી યુદ્ધો કરીને તેમણે તે દેશની પ્રજા અને તેના ધર્મોનો નાશ કર્યો છે તો ક્યાંક સંસ્કૃતિનો નાશ કરવા દ્વારા પ્રજાનો નાશ કર્યો છે.

હિન્દુસ્તાનમાં સંસ્કૃતિનાશ દ્વારા પ્રજાનાશનો કાર્યક્રમ અમલમાં મૂકવો છે. ઈ. સ. ૧૮૫૭ સુધી ખૂનરેજી બોલાવીને હિન્દુસ્તાનની બળવાન પ્રજાનો કચ્ચરઘાણ વાળ્યો અને ત્યાર બાદ પાશ્ચાત્ય સંસ્કૃ-તિનું શિક્ષણ ફેલાવીને સંસ્કૃતિનાશનો અઘોર કાર્યક્રમ શરૂ કર્યો.

ઈ. સ. ૧૮૫૭ થી ૧૯૫૭ના સો વર્ષના ગાળામાં તેમણે ભારતની પ્રજાના અનેક લોકોને શિક્ષણ દ્વારા દેશી–અંગ્રેજ બનાવ્યા છે.

જ્યારે એમને લાગ્યું કે હિન્દુસ્તાની પ્રજાની જે બદ્ધમૂલ સંસ્કૃતિને આપણે ઊખેડી શકયા નથી તે સંસ્કૃતિને હવે આ દેશી-અંગ્રેજો દ્વારા મૂળમાંથી ઊખેડી શકાશે, ત્યારે તેમણે આ દેશમાંથી વિદાય લીધી અને સ્વરાજ આપવાનો ભવ્યથી પણ ભવ્ય દેખાવ કર્યો.

હિન્દુસ્તાની પ્રજામાં ઈ. સ. ૧૮૫૭ પછી પણ હજી એટલું બધું બળ હતું કે તે ધારત તો લડીને અંગ્રેજોને ઠેઠ એમની ધરતી સુધી ભગાડી મૂકત અને આ ધરતી ઉપર ફરી કદી ન ડોકાય એવી સ્થિતિમાં મૂકી દેત, પરંતુ અંગ્રેજોએ એ ખમીરને પોતાની સામે થવા જ ન દીધું, ભારે કાબેલિયતથી તેમણે એ જંગ ઊભો થવા જ ન દીધો. આમાં મને એમ લાગે છે કે ગાંધીજી અંગ્રેજોને અજાણતાં ય ખૂબ ઉપકારક બની ગયા હોવા જોઈએ.

ધર્મ અને અધ્યાત્મના સ્થાનમાં જે અહિંસા દીપતી હોય છે તે અહિંસાને સંસ્કૃતિઘાતકોના ક્ષેત્રમાં બિરદાવાઈ અને તેથી જ ચર્ચા–વિચારણાનાં ટેબલો ઉપર 'સ્વરાજ'નો પ્રશ્ન ગોઠવાયો. ઇતિહાસના જાણકારોને ખબર છે કે એ પ્રશ્ન કેટલો ચૂંથાયો ? કેટલાં કમિશનો બેઠાં ? કેટલાં રિસામણાં–મનામણાં કોનાં કોનાં થયાં ? ગાંધીજીએ પણ ધોળે દહાડે કેવા તારા દેખ્યા ?

આ પુસ્તકનું લખાણ ઈ. સ. ૧૯૦૮માં થયું. તેની પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૨માં પ્રગટ થઈ અને છેલ્લી ઈ. સ. ૧૯૬૯માં.

ઈ. સ. ૧૯૦૮માં આ પુસ્તક લખાયા પછી ઈ.સ. ૧૯૩૯માં ગાંધીજીએ કયાંક ભાષાકીય સૂક્ષ્મ ફેરફાર કર્યો હતો. તે સિવાય તેવું ને તેવું જ એ વખતે થયું હતું. ગાંધીજીએ ૧૯૨૧માં આ પુસ્તક વિષે કહ્યું છે કે, ' તે ઈ. સં. ૧૯૦૮માં લખાયું છે, મારી

પાણિપતથી ટેબલ ઉપર ખસેડાયેલો પ્રશ્ન અંતે અંગ્રેજોના હિતોની સુરક્ષાપૂર્વક જ ઉકેલાયો. અખંડ હિન્દુસ્તાનના પૂર્વે તો ટુકડાઓ થયા જ હતા; હવે બીજા બે ટુકડામાં તે વહેંચાયું. અને તે પછી પણ બંગલા વગેરેના ટુકડે ટુકડામાં તે આજે પણ નષ્ટ-પ્રનષ્ટ થતું જ ચાલ્યું છે, છતાં કોઈ હિતૈષીની આંખ ઊઘડતી નથી. ક્ષાત્રવટ સિવાય આ આંખો ઊઘડે તેવી સ્થિતિ પણ નથી.

ટેબલ ઉપર જે 'સ્વરાજ' મળ્યું એ હકીકતમાં 'મળ્યું" નથી પણ 'અપાયેલું" છે. જેના દ્વારા હિન્દુસ્તાન ટુકડે ટુકડા થઈને ખતમ થાય તેવા સાણસાઓ ગોઠવવાની સાથે જ અંગ્રેજોએ 'સ્વરાજ'ની ખૂબ પ્રેમથી ભેટ આપી છે.

આમ છતાં દેખાવ કોઈ જુદો જ ઉપસાવાયો છે અને સહુ તે ગોબેલ્સ–પ્રચારમાં ફસાયા છે એ ભારે ખેદની બીના છે.

ગાંધીજીએ રાજકારણના ક્ષેત્રમાં દાખવેલી અહિંસા સ્થાનભ્રષ્ટ હતી એટલે જ એના પરિણામે હિતશત્રુઓ ખૂબ ખાટી ગયા અને હિન્દુ–મુસ્લિમ ભાઈઓ પરસ્પર લડી મર્યા; પરસ્પર સદા લડતા-મરતા રહે તેવી સ્થિતિમાં કાયમ માટે ગોઠવી દેવામાં આવ્યા.

વ્યવસ્થા માટે જે વર્ગભેદ આર્યાવર્તમાં હતો તે ભેદને ભેદભાવમાં ખતવીને તેનું સઘળું આંદોલન ગાંધીજી જેવાને સોંપાયું. એના પરિણામે મંદ પણ શાશ્વત આંતરવિગ્રહની સ્થિતિમાં આખી પ્રજા મુકાઈ ગઈ. નવા ભયંકર ભેદભાવવાળા વર્ગભેદો થતા ચાલ્યા, છતાં તેમની અવગણના કરાઈ અને સહુના હિતની વ્યવસ્થા માટેના, ભેદભાવ વિનાના એવા કેટલાક ભેદોને ચર્ચાના ધક્કે ચડાવીને એક ખૂબ મોટો ફટકો આર્યપ્રજાને અંગ્રેજોએ મારી દીધો. આજે પણ એ કળણમાંથી પ્રજા બહાર નીકળવાને બદલે એમાં ઊંડી ને ઊંડી ગરકાવ થતી ચાલી છે.

ગાંધીજીની આસપાસની સ્વાર્થસાધુઓએ પણ એમના નામે ખૂબ ખૂબ ચરી ખાધું છે. એ લોકોએ તો પ્રજા કે સંસ્કૃતિનું હિત કદી વિચાર્યું પણ નથી. સ્વાર્થસાધુઓનાં આ ટોળાંની પાછળ તો વ્યવસ્થિત રીતે અંગ્રેજોએ જ પહેલેથી જ ગોઠવાયાં હતાં. આથી જ અવસર આવતાં એ લોકોએ ગાંધીજીને પણ ' પાગલ ડોસો ' કહેવામાં વિલંબ કર્યો નથી.

એ તો સહેલાઈથી સમજાય તેવી વાત છે કે બધી રીતે તૈયાર થઈને ચોફેર ગોઠવાઈ જતા દેશી કે પરદેશી અંગ્રેજો ફસાવી મારવાની કે પોતાનાં કામ કઢાવી લેવાની બધી કલાથી ચતુર હોય અને સામો માણસ તેટલો જ પક્કો રાજકારણી ન હોય તો એની અસાવધતાના કારણે એ વારંવાર ગોથું ખાઈ પણ જતો હોય.

ગાંધીજી પણ આ રીતે અનેકશઃ ગોથું ખાઈ ગયા હશે એવું મારું અનુમાન છે. વાછરડા પ્રકરણ, શેષ જીવનમાં બ્રહ્મચર્યના પ્રયોગો વગેરેને આ બાબતમાં ટાંચી શકાય.

ટૂંકમાં એમ કહી શકાય કે ગાંધીજીના જીવનના 'ભોળપણ'ના તબક્કામાં અંગ્રેજોએ [ દેશી અને પરદેશી ] પોતાનાં પુષ્કળ હિતો સાધી લીધાં હોવાં જોઈએ, જેનાં અતિ ક્રૂર દુષ્પરિણામો હિન્દુસ્તાનની પ્રજા આજેય ભોગવી રહી છે.

ગાંધીજીના જીવનનો છેલ્લો તબક્કો આવે છે, લાચારીનો.

આ તબક્કામાં પોતે લાચાર બનીને નિઃસ્તબ્ધભાવે, મોં વકાસીને બધી પરિસ્થિતિ જોઈ રહ્યા. ભારતનું વિભાજન, નહેરૂ–સરદારનો સંઘર્ષ, અંગ્રેજોની ચાલબાજીઓ, બંધારણનું પરદેશી સ્વરૂપ એમણે લાચારીથી જોયા કર્યું. આથી જ જીવનના છેલ્લા કાળમાં ૧૨૦ વર્ષનું દીર્ઘ આયુષ્ય જીવવાની ઇચ્છા એમણે પાછી ખેંચી લીધી.

સ્વાર્થ ખાતર લડતા–ઝઘડતા કોંગ્રેસીઓને જોઈને એમણે એ સંસ્થાનું લોકસેવક દળમાં રૂપાન્તર કરી દેવાની ' અપીલ ' તૈયાર કરી.

પણ અફસોસ ! હવે આ 'ડોસા' (!)ને કોઈ પણ સાંભળવા પણ માગતું ન હતું એટલું જ નહિ પણ કોઈને એની કશી જરૂર જ ન હતી.

સ્વરાજ આપીને અંગ્રેજોને જે રીતે રગદોળી નાંખવુ હતું : ભારત–ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પ્રજા–એ રીતે એ રગદોળાઈ ગયાં. અંગ્રેજો; સવાઈ અંગ્રેજ બનીને આ દેશની પ્રજાના ઉપર બધી બાજુથી તૂટી પડ્યા. પેલા અંગ્રેજો કરતાં ય વધુ હિંસા, જૂઠ, ચોરી, રુશ્વતખોરી, ભ્રષ્ટાચાર, દારૂ વગેરે તમામ પાપોને આ દેશી અંગ્રેજોએ સર્વત્ર પ્રસરાવી દીધાં.

ગાંધીજી લાચાર બનીને એ બધું જોયા કરે એટલું જ એમના અધિકારમાં હતું; બાકીનું બધું અધિકાર બહાર.

અને અંતે એ આત્માએ દેહ છોડી દીધો. મુસ્લિમોનું જ વારંવાર હિત વિચારનારા તરીકે પંકાયેલા ગાંધીજીમાં કોઈએ હિન્દુ પ્રજાજનો તરફની ધિક્કારવૃત્તિ જોઈ. એનો આત્મા ઉશ્કેરાયો અને એણે ગાંધીજીનું ખુન કર્યું. એનું નામ હતું નાથુરામ ગોડસે.

આ છે; ગાંધીજી અંગેની મારી સમજ. ખેર, જે બન્યું તે બની ગયું. પણ હવે અંગ્રેજોની આજે પણ ચાલુ રહેલી કુટિલતાભરી રાજરમતોનાં પ્યાદાંઓને ન સમજવા જેટલા વધુ પડતા ભોળપણના ભોગ ન બનાય અને સહુ સફાળા જાગ્રત બની જાય તો એના તમામ દાવપેચોને નિષ્ફળ બનાવીને આર્યાવર્તની મોક્ષલક્ષી ચાર પુરુષાર્થની સંસ્કૃતિની પુનઃ પ્રતિષ્ઠા કરીને સર્વ રીતે સમૃદ્ધિની ટોચે આર્યાવર્તની પ્રજાને મૂકી દેવાનું કામ જરા ય કઠણ નથી, કેમકે ગૌરવોથી ખીચોખીચ ભરેલાં પ્રાચીન મૂલ્યો હજી નામશેષ નથી થયાં. એના અવશેષો પણ ઠેર ઠેર પડેલા જ છે.

હવે પ્રસ્તુતમાં આવી જઈએ.

જે પ્રતીતિ એમાં પ્રગટ કરી છે તે આજે અગાઉના કરતાં વધારે દૃઢ થયેલી છે.'

આનો અર્થ એ થયો કે ઈ. સ. ૧૯૦૮ના ગાંધીજીના વિચારો ઠેઠ ૧૯૩૮ સુધી અને ત્યાર પછી પણ એવા જ; એથી પણ વધુ દૃઢ બનીને રહ્યા છે. અને આથી જ આ પુસ્તકના વિચારોનું મહત્ત્વ વિશેષ વધી જાય છે.

કોઈક મને પૂછશે કે જૈન સાધુ થઈને પણ તમને ગાંધીજીના 'હિંદ-સ્વરાજ'ની સમીક્ષા કરવા માટે એવું તે કયું પ્રબળ કારણ મળ્યું ? આનું સમાધાન ગાંધીજીના એ પુસ્તકના જ બે વિચારો છે, જેનો ભાવાર્થ જ અહીં રજૂ કરું છું કેમકે તેનું શબ્દશઃ અવતરણ આગળ કરવાનું જ છે.

[૧] જ્યાં નીતિ અને ઇન્દ્રિયનો નિગ્રહ નથી તેવો કોઈ પણ સુધારો એ કુધારો છે. આવા સુધારાઓએ જ આ દેશની હોળી સળગાવી છે.

[૨] મારા મનનું જે સ્વરાજ છે તે ભારતની પ્રજાને આપવા માટે હું સમર્થ નથી કેમકે ભારતની પ્રજાને તો બ્રિટિશરોનું પાર્લામેન્ટરી પદ્ધતિનું સ્વરાજ જોઈએ છે. હવે મારે પણ ન છૂટકે તે જ સ્વરાજ આપવું પડશે, પણ સહુ એટલું ચોક્કસ યાદ રાખે કે પાર્લામેન્ટરી ઢબના સ્વરાજને પામીને હિન્દુસ્તાન થોડા જ સમયમાં પાયમાલ થઈ જશે.'

આ બે વિચારોમાં પ્રથમ વિચાર મને અધ્યાત્મના જાગરણવાળો જણાયો અને બીજા વિચારમાં સાચા દર્શનની સભાનતા મને જણાઈ. આથી જ હું આ પુસ્તકનો અભ્યાસ કરવા પ્રેરાયો. અભ્યાસ કર્યા બાદ મને લાગ્યું કે ગાંધીજીના જ કેટલાક વિચારો 'ગાંધી'ના નામે ચરી ખાનારા ગાંધીભક્તોની સામે જો મૂકવામાં આવે અને જો

તેઓ તે ભક્તિથી પ્રેરાઈને પણ પોતાની કુટિલતમ ચાલ બદલે તો પણ ખોટું તો નહિ જ. જે પાણીએ મગ ચડતા હોય તે પાણીએ ભલે ચડતા. આપણે તેમાં કોઈ પૂર્વગ્રહપ્રયુક્ત કદાગ્રહ શા માટે રાખવો ?

વળી જે નવી પેઢી માત્ર ગાંધીજીનું નામ જ જાણે છે તેની સામે પણ મારે એ વાત પ્રગટ કરીને મૂકવી છે કે ગાંધીજીના વિચારોનું 'સ્વરાજ' અને આજનું 'સ્વરાજ' એ બે વચ્ચે તો આસમાન-જમીનનું અંતર છે. આજના 'સ્વરાજ'નું સ્વરાજ માની લેવાની જીવલેણ ભૂલ કોઈ ન કરી બેસે.

અનેક ગાંધીભક્તોનું એવું માનવું છે કે ગાંધીજીના સઘળા વિચારોનાં 'બીજ' આ એક જ પુસ્તકમાં સમાઈ જાય છે.

આથી જ મેં પણ આ એક જ પુસ્તકની સમીક્ષા કરવાનું પસંદ કર્યું છે.

આર્યાવર્તના મોક્ષપ્રદાયક સઘળા સાંસ્કૃતિક વિચારોના મૂળમાં જામગરી ચાંપતા પ્રવાહો જ્યારે પૂરજોશમાં વહી રહ્યા હતા તેવા સમયે લખાયેલા એક પુસ્તકની સમીક્ષા કરવી એ કેટલું કઠિન સાહસ છે એ તો કદાચ કોક વિરલો જ સમજી શકશે. આવું સાહસ કરવા જતાં ભગવાન જિનેશ્વરદેવોની આજ્ઞા-વિરુદ્ધ ક્યાંય મારાથી લખાઈ ગયું હોય તો તેની અંતઃકરણથી ક્ષમા યાચું છું. આવી કોઈ પણ ક્ષતિ મને કોઈ વાચક બતાડશે તો હું તેનો ઋણી થઈશ.

લિ.

વિ. સં. ૨૦૩૧, ફા. વ. સાતમ.
નગીનદાસ મંડપ, પાટણ (ઉ. ગુ.)

ગુરુપાદપદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજય

## કમલ પ્રકાશન [પબ્લિક] ટ્રસ્ટ

ટ્રસ્ટ રજિ. નંબર ઈ. ૧૫૪૧ [તા. ૪-૧૧-૬૭]
ઑફિસ : ૫૦૮૨/૩, બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે,
રતનપોળના નાકે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
PHONE : 30081

●

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની જ્ઞાનવાણી
વહાવતાં

# આધ્યાત્મિક પુસ્તકો

[ ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ]

# મુક્તિદૂત માસિક

ચિન્તક : **મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

સંપાદક • હસમુખ સી. શાહ

: લવાજમ :
વાર્ષિક રૂ. ૫=૦૦ : ત્રિવાર્ષિક રૂ. ૧૫=૦૦
આજીવન સભ્ય રૂ. ૧૦૦=૦૦

## ટ્રસ્ટીમંડળનું નિવેદન

કમલ પ્રકાશન ટ્રસ્ટ [ અમદાવાદ ] મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે :

**૧. પુસ્તક વિભાગ ૨. માસિક વિભાગ**

**[૧] પુસ્તક વિભાગ :**

આજ સુધીમાં પૂજ્યપાદ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂકયા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈનદર્શનને યાવત્ ગૌરવંવતી આર્ય-સંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

ક્રમબદ્ધ રીતે નવાં નવાં પુસ્તકો અમે બહાર પાડી રહ્યા હતા. તેમાં અમને સુંદર આર્થિક સહકાર મળી જતાં જાંબૂવાલા ગ્રંથ-માળાનું નવું ક્ષિતિજ ખુલ્લું મૂકયું. ૧૯૭૧ની સાલથી દર વર્ષે પાંચ પુસ્તકોનો એક સેટ અમે આ ગ્રંથમાળાના અન્વયે ચાર વર્ષ સુધી પ્રગટ કર્યો હતો.

પણ અમને આટલાથી જ સંતોષ ન હતો, એટલે નવી પેઢીના યુવાનો અને યુવતીઓ માટે જીવન-ઘડતર વાંચનમાળાનું બીજું ક્ષિતિજ પણ ખુલ્લું મૂકયું. એના અન્વયે અમે વીસ નાની પુસ્તિકાઓ ( પોકેટ-બુક્સ ) બહાર પાડી છે.

અમારાં બધાંય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે; વળી અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે :

**શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીયા. મદ્રાસ**
**શ્રી કપૂરચંદભાઈ નરભેરામ સુતરીયા. મદ્રાસ**




જે **કમલ પ્રકાશન ટ્રસ્ટે** પ્રગટ કરેલા **'ગુરૂમાતા'** નામના પુસ્તકે અમારા ઉપરોક્ત ઉપકારી માતપિતાના જીવનમાં ચમત્કાર સર્જ્યો તે ટ્રસ્ટની ઋણમુક્તિ અર્થે અમે તેમના સુપુત્રો (રમેશચંદ્ર–દિલીપકુમાર તથા ભરતકુમાર) ટ્રસ્ટને રૂા. ૧૧૦૦૧ અર્પણ કરીએ છીએ.

---

**સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઈ વિરાણીએ સ્થાપેલ "શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરતબહેન રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ" તરફથી સ્વ. શેઠશ્રી રામજીભાઈની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.**

હા. મેનેજીંગ ટ્રસ્ટી,
**શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી**


**સ્વ. કાન્તિલાલ પ્રતાપશી મુંબઈ**
**સ્વ. સુભદ્રાબેન કાન્તિલાલ મુંબઈ**



જેમણે પોતાના બે પુત્ર–પુત્રી (**હાલ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી તથા સાધ્વીશ્રી મહાનંદાશ્રી**) ને ચારિત્રધર્મના સંસ્કારોનું ગળથૂંથીમાં જ પાન કરાવીને વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસનને સમર્પિત કર્યા તેમની પુણ્યસ્મૃતિમાં......

**હા. પ્રફુલ્લ કાન્તિલાલ પ્રતાપશી–મુંબઈ**

**શ્રી લાલજીભાઈ પદમશીભાઈ ઝવેરી–ચૂડા**
**શ્રીમતી જયાબેન લાલજીભાઈ ઝવેરી–ચૂડા**



પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના સતત સાનિધ્યે જેમના જીવનની અંતિમ પળો ધન્યતાને પામી, અને જેઓ પોતાના ધર્મસંસ્કારનો અણમોલ વારસો મને આપીને આ જગતમાંથી વિદાય થયા તે પૂજનીય માત–પિતાજીના સ્મરણમાં આ નાનકડા સુકૃતનો ભાગી બનીને ધન્યતા અનુભવું છું.

**—સુરેશ લાલજીભાઈ ઝવેરી**

| દાન | પદ | લાભ |
|---|---|---|
| રૂ. ૨૦૦૧ | શ્રુતભક્ત | સંસ્થાનાં ભૂત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૧૦૦૧ | શ્રુતાનુરાગી | સંસ્થાનાં ભૂત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૫૦૧ | શ્રુતસભ્ય | સંસ્થાનાં તમામ ભાવી પુસ્તકો ભેટ મળશે. |

ઉપરોક્ત તમામ દાતાઓની નામાવલિ સંસ્થા તરફથી પ્રગટ થનારાં [સિરીઝ સિવાયનાં] પુસ્તકોમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.

દાનવીરો ! 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ના નામથી આપની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલીને અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

■ પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.

## પુસ્તક વિભાગમાં અમારા કુટુંબીજનો

**શ્રુતસમુદ્ધારક :**

૧. શ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨. સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરીઆ-મદ્રાસ
૩. શ્રી રામજી શામજી વિરાણી અને સમરત રામજી વિરાણી ટ્રસ્ટ-રાજકોટ
૪. ,, પ્રવીણકુમાર દલીચંદભાઈ-મુંબઈ

**શ્રુતરક્ષક :**

૧. શ્રી વિશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનાદિ ધાર્મિક ફંડ ખાતું-જામનગર
૨. પૂજ્ય સાધ્વીશ્રી કંચનશ્રીજી મ. સા.ના ઉપદેશથી નવસારીમાં શ્રાવિકાબેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી-નવસારી

**શ્રુતભક્ત :**

૧. શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ-કલકત્તા
૨. ,, શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ-લીંબડી
૩. શ્રીમતી લીલમબેન મણિલાલ-મુંબઈ
૪. શ્રી ઝવેરી બ્રધર્સ-ચુડા
૫. ,, કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા-અમદાવાદ
૬. રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ.-મુંબઈ
૭. શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ-સુદામડા
૮. ,, નયનમલ ભુરમલજી જૈન-મુંબઈ
૯. ,, જૈન શ્વે. મૂ. પૂ. તગાગચ્છ સંઘ-ભુજ
૧૦. ,, જમનાદાસ ખુશાલદાસ વોરા સહાયક નિધિ હ. લાલદાસ જમનાદાસ-મુંબઈ
૧૧. ,, પાર્શ્વનાથ ભગવાનની પેઢી-નવસારી હ. મુનિશ્રી કીર્તિસેનવિજયજી મ.ની પ્રેરણાથી
૧૨. શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન. ધુલીઆ.

**શ્રુતાનુરાગી :**

૧. શ્રી માંડલિકભાઈ જયંતિલાલ ઝવેરી–મુંબઈ
૨. „ સુબોધચંદ્ર લાલભાઈ–અમદાવાદ
૩. „ કવરલાલ હીરાલાલ પારેખ–અમદાવાદ
૪. „ અચલગઢ જૈન પેઢી–અચલગઢ
૫. „ ધરમદાસ ત્રીકમલાલ કપૂરવાલા–મુંબઈ
૬. „ જૈન શ્વે. મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી–મહેસાણા
૭. „ ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ–અમદાવાદ
૮. શ્રીમતી પોપટબેન ભૂરમલજી–દહેલંદર
૯. શ્રી શાન્તિનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ
૧૦. „ બારેજા–બેફળી જૈન સંઘ–બારેજા
૧૧. „ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર પેઢી–રોહીડા (રાજસ્થાન)
૧૨. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. પ્રફુલચંદ્ર કાન્તિલાલ દલાલ–મુંબઈ
૧૩. સ્વ. મફતલાલ મોહનલાલના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી નવા ડીસા ( હાલ મુંબઈ )
૧૪. સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરીઆ–મદ્રાસ
૧૫. શ્રી દાદર આરાધના ભવન જૈન–પૌષધશાળા, દાદર–મુંબઈ
૧૬. બેન સરોજના સ્મરણાર્થે હ.જેસીંગભાઈ પેથાપુરવાળા-અમદાવાદ
૧૭. શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર
૧૮. „ ઝવેરી મોતીચંદ હેમરાજ જૈન ધર્મશાળાના જ્ઞાનખાતા તરફથી–જામનગર
૧૯. „ સુમનભાઈ મૂળચંદ વાડીલાલ શાહ–મુંબઈ
૨૦. „ વોરા અમુલખભાઈ કેશવજી (રાજપરવાળા) ભુજ
૨૧. „ લાલગર માધવગર કોન્ટ્રાકટર–ભુજ
૨૨. „ ચોપાટી જૈન સંઘ–મુંબઈ

૨૩. શ્રી ચંદ્રાલય જ્ઞાન ટ્રસ્ટ–અમદાવાદ હ. સા. ચંદ્રોદયાશ્રીજીની પ્રેરણાથી.
૨૪. „ ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતામ્બર સંઘ–કલકત્તા
૨૫. શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ ભગુભાઈ (પેથાપુરવાળા)અમદાવાદ
૨૬. શ્રી નવરંગપુરા શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ
૨૭. „ શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ રાજકોટ
૨૮. „ રણછોડભાઈ શેષકરણભાઈ શેઠ–મુંબઈ
૨૯. „ રસિકભાઈ ત્રિકમલાલ લોદરાવાળા–મુંબઈ
૩૦. „ ધનરાજ છોગાજી–નવા ડીસા
૩૧. „ સુરજબેન ડી. વોરા–મોરબી
૩૨. „ કેવલચંદ ખટોડ (જેતારણવાળા)–મદ્રાસ
૩૩. „ બી. પી. મહાજન–મદ્રાસ
૩૪. „ નાનાલાલ ભટ્ટ–મદ્રાસ
૩૫. „ પી. બી. શાહ એન્ડ કું–મદ્રાસ
૩૬. અજમેરા બ્રધર્સ ચેરીટેબલ ટ્રસ્ટ C/o. બોમ્બે સાયકલ ઇમ્પોર્ટીંગ કું-મદ્રાસ
૩૭. એમ. ડી. ટોળિયા કોર્પોરેશન–મદ્રાસ
૩૮. શ્રીમતી વસુમતિ રાજેન્દ્રકુમાર શાહ C/o રમેશ એન્ડ કું. સુરત
૩૯. શ્રી કોઠાડિયા ગણપતિ મલુકચંદ જત્રાટકર–નિપાણી.
૪૦. „ દોશી માનચંદ ખેતશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ–નવા ડીસા
૪૧. „ શાહ માવજીભાઈ લધાભાઈ–બેરાજા (કચ્છ)
૪૨. „ નવજીવન જૈન શ્વેતામ્બર સંઘ C/o જીવણલાલ કેશવલાલ મહેતા–મુંબઈ
૪૩. „ સિદ્ધપુર જૈન શ્વે. સંઘ. સિદ્ધપુર, હ. પૂ. પં. શ્રી ચરણવિજયજી મ. ની પ્રેરણાથી.

૪૪. શ્રી નવીનચંદ્ર ચંદુલાલ શાહ. મુંબઈ

**શ્રુતસભ્ય :**

૧. શ્રી મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ–
મહુવા–બંદર
૨. ,, સ્વ. છબીલદાસ સુખલાલ કાલીદાસ–લીંબડી
૩. ,, રસિકલાલ શીવલાલ ગાંધી–મુંબઈ
૪. ,, હિંમતલાલ શામળભાઈ શાહ–અમદાવાદ
૫. શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૬. શ્રી હાલારી વીશાઓસવાળ શ્વે. મૂર્તિપૂજક જૈન જ્ઞાતિ સમસ્ત
દેરાસર ટ્રસ્ટ–પડાણા (જામનગર)
૭. ,, વિજયસભા જૈન જ્ઞાન મંદિર–ડભોઈ
૮. ,, જામવણથલી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ–જામવણથલી
૯. ,, ભોગીલાલ મગનલાલ શાહ–ભાવનગર
૧૦. ,, રમેશચંદ્ર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૧. ,, દિલીપકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૨. ,, ભરતકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૩. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખીલોસવાળા)–જામનગર
૧૪. શ્રી ચોટીલા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–ચોટીલા
૧૫. ,, જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ-દાવણગીરી
૧૬. ,, સંઘવી ભવાનજી હીરાચંદના સમાધિપૂર્વકના સ્વર્ગવાસ
નિમિત્તે તેમના સુપુત્રો તરફથી–ભુજ
૧૭. ,, જયંતિલાલ વલમજી છેડા–ગઢસીસા
૧૮. ,, પત્રી જૈન સંઘ–પત્રી (કચ્છ)
૧૯. ,, પ્રવીણકુમાર દલીચંદભાઈ મુંબઈ
૨૦. શ્રી જૈન શ્વેતામ્બર તીર્થ પેઢી–અચલગઢ
૨૧. ,, રંભાબાઈ ડોસાભાઈ-કલકત્તા

૨૨. ,, ચંદ્રકાંતભાઈ કાંતિલાલ શાહ–અમદાવાદ
૨૩. ,, સુતરીઆ ચીમનભાઈ ઝવેરભાઈ (નાણાં ધીરનાર)–નડિયાદ
૨૪. ,, ઝીંઝુવાડા જૈન સંઘ–ઝીંઝુવાડા
૨૫. ,, કીરણબેન ઉપેન્દ્રકુમારના સ્મરણાર્થે હ. નટવરલાલ અમુલખભાઈ–ગોધરા
૨૬. ,, શાહ ચતુરભાઈ નગીનદાસ–બેલગાંવ
૨૭. ,, કોઠારી મિશ્રીલાલ ગુલાબચંદ–મોકલસર
૨૮. ,, સાધ્વીજી ચરણશ્રીજી મહારાજ (વાગડવાળા) હ. કેશવલાલ પ્રેમચંદ અમદાવાદ
૨૯. ,, નરપતલાલ નાગરદાસ અમદાવાદ હ. મુનિશ્રી ગુણસેનવિજયજી મહારાજની પ્રેરણાથી
૩૦. શા. શાંતિલાલ ભુરમલ એન્ડ કું–ધર્માવિરમ (એ. પી.)
૩૧. શ્રી અરવિંદ જેશીંગલાલ શાહ–મુંબઈ
૩૨. ,, પ્રકાશચંદ્ર મણિલાલ શાહ–સુરત
૩૩. ,, શાહ ડુંગરશી ધરમશી એન્ડ કું–સીરસી (કર્ણાટક)
૩૪. ,, મેસર્સ કાન્તિલાલ મણિલાલ એન્ડ કું–મુંબઈ
૩૫. ,, ચુનીલાલ અમરચંદ ઝવેરી–નવસારી
૩૬. ,, વાસુપૂજ્ય ભગવાન ગુજરાતી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–ઈચલકરંજી (એમ. એસ.)
૩૭. ,, વેરા જસરાજ ધનજી (કચ્છ મુંદ્રાવાળા) નવસારી
૩૮. પૂ. સા. નિપુણાશ્રીજીની પ્રેરણાથી પીપરડીની પોળ બહેનોના ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી હ. લીલાવતીબેન મોહનલાલ કાપડિયા–અમદાવાદ
૩૯. શ્રી અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ–નવા ડીસા
૪૦. શ્રી નાંદેજ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, હ. પૂ. સા. જિનેન્દ્રશ્રીજી મહારાજની પ્રેરણાથી–નાંદેજ

૪૧. „ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, હ. સાધ્વીશ્રી મહાનંદા-શ્રીજીની પ્રેરણાથી–દેલંદર (રાજસ્થાન)

૪૨. „ સવિતાબેન ભગવાનદાસ પટેલ–નવસારી

૪૩. ,, ઘોટી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–ઘોટી (મહારાષ્ટ્ર)

૪૪. ,, કેશવલાલ ચુનીલાલ મહેતા–મુંબઈ

૪૫ ,, વિક્રમકુમાર ચીમનલાલ શાહ–મુંબઈ
શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા નિમિત્તે

૪૬. „ મુળિબેન અંબાલાલ–મુંબઈ

૪૭. ,, જવેરીલાલ હરશી છેડા–મુંબઈ

૪૮. શ્રીમતી નીનાબેન હીરાલાલ શાહ, નવસારી

૪૯. શ્રી મુનિસુવર્તતસ્વામી જૈન પેઢી. કીમ.

**[૨] માસિક વિભાગ :**

કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટ તરફથી ‘મુક્તિદૂત’ નામનું સોળ પેઈઝનું એક માસિક જૂન ’૬૯થી અમે શરૂ કર્યું છે. આ માસિક બહુ જ ટૂંકા સમયમાં સાડા ચૌદ હજાર નકલોનો લક્ષ્યાંક આંબી ગયું છે. મુક્તિદૂત નામનું આ માસિક સત્યને સંપૂર્ણ રીતે વફાદાર રહીને આર્ય સંસ્કૃતિનાં એ જાજરમાન ગૌરવોની ઘટઘટમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવા તલપે છે. આગળ વધીને પ્રત્યેક માનવમાં અધ્યાત્મ-ભાવના તેજલિસોટા પ્રસરાવવા ઇચ્છે છે.

**જૂન ’૭૨ સુધી મુક્તિદૂતની પેટી યોજના દ્વારા અગિયાર હજાર બંધુઓને [ રોજ ૧૦ પૈસાનું દાન કરવાની શરત મંજૂર રાખે ત્યાં સુધી ] તો આ માસિક કાયમ માટે લવાજમમુક્ત બની રહેશે. જૂન ’૭૨ પછી થનારા ગ્રાહકોને લવાજમ રૂ. ૧૫=૦૦ ભરવા સાથે પેટી યોજના બંધ કરવામાં આવી હતી. પરંતુ જૂન, ૧૯૭૫ના મુક્તિદૂતના છઠ્ઠા વર્ષના આરંભથી કમ્મરતોડ મોંઘવારીના કારણે અમે પંચવર્ષીય લવાજમ યોજના પણ બંધ કરીને નવા થનાર ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ પાંચ રૂપિયાની યોજના તથા ત્રિવાર્ષિક લવાજમ રૂપિયા પંદરની યોજના અમલમાં મૂકી છે.**

અગિયાર હજાર બંધુઓને કાયમ માટે લવાજમમુક્તિનો લાભ ચાલુ રાખવો એ નાનીસૂની બાબત નથી. દાનવીરોના આર્થિક સહકાર વિના અમે આ કાર્ય હંમેશ માટે ચાલુ રાખી શકીએ નહિ. આપનો સુંદર આર્થિક સહકાર અમને મળી રહે તે માટે અમે નીચે મુજબની એક યોજના કરી છે. આ યોજનાનો લાભ લેનારા દાતાઓનાં નામ માસિકના એક કે વધુ અંકમાં પ્રગટ કરવામાં આવશે.

રૂ. ૩૦૦૦ સંસ્કૃતિ–સમુદ્ધારક
રૂ. ૨૦૦૦ સંસ્કૃતિ–રક્ષક
રૂ. ૧૦૦૦ સંસ્કૃતિ–ભક્ત
રૂ. ૫૦૦ સંસ્કૃતિ–અનુરાગી
રૂ. ૨૫૦ સંસ્કૃતિ–સભ્ય
રૂ. ૧૦૦ આજીવન સભ્ય

રૂ. ૨૫) કે તેથી વધુ રકમનું દાન કરનારનું નામ માસિકના એક અંકમાં આપવામાં આવશે.

ઉપરોક્ત કોઈ પણ પદ પ્રાપ્ત કરનાર પુણ્યવાન વ્યક્તિ સૂચવે તો અનુક્રમે પંદર, દસ, પાંચ, બે અને એક ઠેકાણે–(રૂ. ૨૫૦ તથા રૂ. ૧૦૦ના દાતાને) મુક્તિદૂત માસિક કાયમ માટે લવાજમ વિના મોકલવામાં આવશે.

રૂ. ૨૫૦થી ઉપરના દાતાઓની નામાવલિ ટ્રસ્ટ તરફથી બહાર પડતાં તમામ પુસ્તકોમાં આપવામાં આવશે.

■ **માસિક વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવતી નથી.**

## માસિક વિભાગમાં અમારાં કુટુંબીજનો

**સંસ્કૃતિ-સમુદ્ધારક :**

૧. પોપટબેન ભૂરમલજી C/o શા. નથમલ નેનમલ એન્ડ કું-મુંબઈ

**સંસ્કૃતિ-રક્ષક :**

૧. શ્રી રજનીકાન્ત લક્ષ્મીચંદ જાંબૂવાળા-લીંબડી
૨. ,, જીવતલાલ પરતાપસી-મુંબઈ
૩. ,, નયનમલ ભુરમલજી જૈન-મુંબઈ
૪. ,, પોપટબેન ભુરમલજી જૈન-દેલંદર

**સંસ્કૃતિ-ભક્ત :**

૧. શ્રી ઉષાકાન્ત રમણલાલ શાહ-અમદાવાદ
૨. ,, વ્રજલાલ ત્રિભોવનદાસ (એલ. ટી. વાળા) સુરેન્દ્રનગર
૩. શ્રીમતી ગજરાબેન મનસુખલાલ શાહ-અમદાવાદ
(એ. બી. સી. સર્જીકલવાળા)
૪. શ્રી ભીખાભાઈ મોતીચંદ પબ્લિક ટ્રસ્ટ તરફથી
હ. શેઠ પોપટભાઈ ભીખાભાઈ-મુંબઈ
૫. એક સદ્‌ગૃહસ્થ તરફથી, હ. શેઠ શાંતિભાઈ કપાસી-મુંબઈ
૬. રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ.-મુંબઈ
૭. શ્રી રમણિકલાલ કેશવલાલ-સુરેન્દ્રનગર
૮. ,, ઝવેરી બ્રધર્સ-ચૂડા
૯. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. વસંતલાલ જીવતલાલ-મુંબઈ
૧૦. શ્રી રવિચંદ માણેકચંદ શાહ-થાનગઢ
૧૧. ,, લઘુભાઈ માણેકચંદ-જામનગર
૧૨. ,, કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા-અમદાવાદ
૧૩. ,, મણિલાલ મગનલાલ કોંઢવાળા-ધ્રાંગધ્રા

૧૪. શ્રીમતી કુસુમબેન જયંતિલાલ આર. શાહ-મુંબઈ
૧૫. શ્રી શરદચંદ્ર જેઠાલાલ પાટલીઆ–જામનગર
૧૬. ,, વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર
૧૭. ,, કોંઢ જૈન તપગચ્છ સંઘ તરફથી [ જિનાલયની શતાબ્દી નિમિત્તે]-કોંઢ
૧૮. ,, બિપીનચંદ્ર રતિલાલ નાનજીભાઈ-ધ્રાંગધ્રા
૧૯. સ્વ. વસનજી નાનચંદના કુટુંબીજનો તરફથી-જામનગર
૨૦. એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૧. શ્રીમતી કમળાબેન શાન્તિલાલ કપાસી–મુંબઈ
૨૨. શ્રી દોશી છબીલદાસ જીવણલાલ (મોટી મારડવાળા)–મુંબઈ
૨૩. ,, જસવંતલાલ ચીમનલાલ શાહ-મુંબઈ
૨૪. ,, રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા)-અમદાવાદ
૨૫. ,, એસ્કવાયર–હ : શ્રીમતી વર્ષા પ્રફુલ્લચંદ્ર દલાલ–મુંબઈ
૨૬. ,, પ્રતાપ ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ, હ. શેઠ જીવણલાલ પરતાપશી
૨૭. ,, સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખિલોસવાળા)-જામનગર

## સંસ્કૃતિ-અનુરાગી :

૧. શ્રી ચંપાબેન મણિલાલ નાગરદાસ–મુંબઈ
૨. ,, સંઘવી મણિલાલ સાકરચંદ–જામનગર
૩. ,, મહેતા ચંદુલાલ રામજીભાઈ ચેલાવાળા–જામનગર
૪. ,, શાહ અંબાલાલ અમૃતલાલ–બોરસદ
૫. ,, સુરચંદ હીરાચંદ ઝવેરીના બંગલાની બહેનો તરફથી હ. રતનબેન ચંપકલાલ ઝવેરી–સુરત

## સંસ્કૃતિ-સભ્ય

૧. શ્રી શિવલાલ ભૂદરદાસ-રાજકોટ
૨. ,, અમૃતલાલ હરકીશનદાસ (હોટલ એમ્બેસેડરવાળા) ભૂજ

૩. શ્રી રજનીકાન્ત અંબાલાલ શાહ–મુંબઈ
૪. સ્વ. ચાંપશી પાલણ તથા સ્વ. પાલણ વીરજી તથા તેમનાં પુત્રવધૂ સૌ. સ્વ. હીરાબેન સુંદરજીની પુણ્યસ્મૃતિ પ્રસંગે, હ. કેશવજી પાલણ–મુંબઈ
૫. શ્રી દોશિ સુંદરજી ડાહ્યાભાઈ–મોરબી
૬. ,, શાંતિલાલ રાયચંદ–મુંબઈ
૭. ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી–મુંબઈ
૮. ,, શેઠ નાનાલાલ લલ્લુભાઈ, હ. લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ–સુરેન્દ્રનગર
૯. ,, અ. સૌ. મીનાક્ષી રમેશચંદ્ર સુતરીઆ–મદ્રાસ
૧૦. ,, અ. સૌ. યોગિની દિલીપકુમાર સુતરીઆ–મદ્રાસ
૧૧. ,, જેચંદભાઈ અમુલખ C/o વિદ્યાર્થી વિકાસગૃહ–બોરડી
૧૨. ,, સાબરબાગ સોસાયટીના જૈન ભાઈઓ તરફથી–સાબરમતી
૧૩. ,, બચુભાઈ ચીમનલાલ ઝવેરી–મુંબઈ
૧૪. ,, કેશવલાલ ગીરધરલાલ એન્ડ કું.–અમદાવાદ
૧૫. ,, શાહ કુંવરજી તુલસીદાસ–ધ્રાંગધ્રા
૧૬. શ્રીમતી તારા કિશોર દોશી C/o કિશોર એન્ડ કું. એડવોકેટ–રાજકોટ
૧૭. શ્રી સુથરી જૈન સંઘ C/o શા. ભવાનજી હીરજી–મુંબઈ
૧૮. અ. સૌ. હર્ષદા ભરતકુમાર સુતરીઆ–મદ્રાસ
૧૯. શ્રી પરેશકુમાર રમેશચંદ્ર સુતરીઆ–મદ્રાસ

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

ઘેર બેઠા વી. પી. થી મેળવો. પોસ્ટેજ–ખર્ચ અલગ

**લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

| | | |
|---|---|---|
| × | ૧. સાધનાની પગદંડીએ | ૨–૦૦ |
| | ૨. શરણાગતિ | ૨–૦૦ |
| | ૩. વિરાગની મસ્તી | ૩–૦૦ |
| | ૪. ઊંડા અંધારેથી | ૨–૦૦ |
| | ૫. અધ્યાત્મસાર | ૧૨–૦૦ |
| × | ૬. ગુરુમાતા | ૨–૦૦ |
| × | ૭. વંદના | ૨–૦૦ |
| × | ૮. વિરાટ જાગે છે ત્યારે | ૨–૦૦ |
| × | ૯. મહાપંથનાં અજવાળાં | ૨–૦૦ |
| × | ૧૦. જૈનદર્શનમાં કર્મવાદ | ૨–૫૦ |
| × | ૧૧. સચિત્ર જીવનદર્શન | ૩–૦૦ |
| × | ૧૨. કાનજીભાઈ મત–પ્રતિકાર | ૩–૦૦ |
| × | ૧૩. તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી | ૨–૦૦ |
| | ૧૪. ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પાત્રો) | ૪–૦૦ |
| | ૧૫. વિજ્ઞાન અને ધર્મ | ૧૨–૦૦ |
| × | ૧૬. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૧ | ૩–૦૦ |
| × | ૧૭. ,, ,, વર્ષ–૨ | ૫–૦૦ |
| | ૧૮. જાગતા રે'જો | ૬–૦૦ |

૧૯. સોળ ભાવનાઓ
૨૦. જૂની પેઢીને
૨૧. બોધ કથાઓ
૨૨. ઊઠ જાગ, મુસાફિર !
૨૩. જૈનં જયતિ શાસનમ્

[નં. ૧૯ થી ૨૩] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૧ સેટનુ મૂલ્ય ૫–૦૦

×૨૪. વીર ! મધુરી વાણી તારી — ૬–૦૦

૨૫. નહિ ઐસો જનમ બારબાર — ૧૨–૦૦

૨૬. મૂંઝવતા પ્રશ્નો
૨૭. ચક્રવર્તી બ્રહ્મદત્ત
૨૮. आचारः प्रथमो धर्मः
૨૯. આપણી સંસ્કૃતિ
૩૦. વિકાસનું મહાભિયાન

[નં. ૨૬ થી ૩૦]
જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૨
સેટનું મૂલ્ય ૫–૦૦

૩૧, સોલહ ભાવનાએ
૩૨. પુરાની પીઢીકો
૩૩. બોધ કથાએ
૩૪. ઊઠ, જાગ, મુસાફિર
૩૫. જૈનં જયતિ શાસનમ્

[નં. ૩૧ થી ૩૫]
જાંબૂવાલા ગ્રંથમાળા
(હિંદીમાં) ૧૯૭૧
સેટનું મૂલ્ય ૨–૫૦

૩૬. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૩ — ૫–૦૦

૩૭, સિનેમાનો ત્યાગ કરો
૩૮. સાદગી અપનાવો
૩૯. આપણે કયાં જઈ રહ્યા છીએ ?
૪૦. સુખ જ ભયાનક છે
૪૧. વાંચો : વિચારો : પામો
૪૨. જયવંતુ જિનશાસન
૪૩. વિજ્ઞાન ! એક સમસ્યા
૪૪. દયાળુ બનો
૪૫. પરલોક-દષ્ટિ
૪૬. કોઠાસૂઝ બનો

[નં. ૩૭ થી ૪૬]
જીવનઘડતર વાંચનમાળા
સેટ પહેલો
સેટનું મૂલ્ય ૭–૫૦

| | |
|---|---|
| ૪૭. અંધભક્તિ પશ્ચિમની<br>૪૮. ત્રણ વાર્તાઓ<br>૪૯. દંભ-૧<br>૫૦. દંભ-૨<br>૫૧. જરા,કાન દઈને મને સાંભળો | [નં. ૪૭ થી ૫૧]<br>જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૩<br>સેટનું મૂલ્ય ૫-૦૦ |
| ૫૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૪ | ૫-૦૦ |
| ૫૩. આંધી આવી રહી છે. | ૧૦-૦૦ |
| ૫૪. બ્રહ્મચર્ય | ૩-૦૦ |
| ૫૫. ચાલો, જીવન પલટીએ<br>૫૬. સંસાર<br>૫૭ નિશ્ચય : વ્યવહાર<br>૫૮. આ માસનો શ્લોક<br>૫૯. મીની કથાઓ | [નં. ૫૫ થી ૫૯]<br>જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૪<br>સેટનું મૂલ્ય ૫-૦૦ |
| ૬૦. રામાયણના પ્રેરક પ્રસંગો | ૫-૦૦ |
| ૬૧. ચાર પુરુષાર્થ | ૩-૦૦ |
| ૬૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૫ | ૫-૦૦ |
| ૬૩. વીરસૈનિકદળ<br>૬૪. ધર્મયુદ્ધ કે પક્ષયુદ્ધ<br>૬૫. વીરસૈનિકની ફરજો<br>૬૬. સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન<br>૬૭. ધર્મગુરુઓ ! હવે તો જાગો<br>૬૮. ચિંતનની ચિનગારીઓ<br>૬૯. આધુનિક શિક્ષણ<br>૭૦. ધર્મનાશની ભેદી ચાલ<br>૭૧. લોકાપવાદ-ત્યાગ<br>૭૨. યુવકની મનોવ્યથા | [નં. ૬૩ થી ૭૨]<br>જીવનઘડતર વાંચનમાળા<br>સેટ બીજો<br>સેટનું મૂલ્ય ૭-૫૦ |

| | | |
|---|---|---|
| ×૭૩. | સિંહનાદ | ૩–૦૦ |
| ×૭૪. | સ્વરાજનું લોખંડી ચોકઠું | ૩–૦૦ |
| ૭૫. | ચેત મચ્છંદર ગોરખ આયા | ૧૨–૦૦ |
| ૭૬. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ હિન્દી ] | ૧–૦૦ |
| ૭૭. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ ગુજરાતી ] | ૧–૦૦ |
| ૭૮. | આપણે ફેર વિચારીએ | ૫–૦૦ |
| ૭૯. | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ અંગ્રેજી ] | ૧–૦૦ |
| ૮૦. | વીરસૈનિક [ ગુજરાતી ] | ૧–૦૦ |
| ૮૧. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૬ | ૫–૦૦ |
| ૮૨. | વીરસૈનિક [ હિન્દી ] | ૧–૫૦ |
| ૮૩. | સળગતી સમસ્યાઓ | ૩–૫૦ |
| ૮૪. | આત્મા | ૩–૦૦ |
| ×૮૫. | જિનશાસનરક્ષા | ૨–૦૦ |
| ૮૬. | ગાંધીવિચાર–સમીક્ષા | ૨–૫૦ |
| ૮૭. | ઇતિહાસનું ભેદી પાનું | ૨–૫૦ |
| ૮૮. | અપૂર્વ સ્વાધ્યાય | ૧૦–૦૦ |
| ×૮૯. | મહામારિ | ૨–૦૦ |
| ૯૦. | જૈનધર્મના મર્મો | ૪–૦૦ |
| ૯૧. | વિરાગ વેલડી | ૬–૦૦ |
| ૯૨. | અષ્ટાહ્નિકા પ્રવચનો [ પ્રતાકારે ] | ૧૦–૦૦ |
| ૯૩. | કલ્પસૂત્ર પ્રવચનો [ ,, ] | ૧૦–૦૦ |
| ૯૪. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૭ | ૫–૦૦ |
| ૯૫. | ટચૂકડી કથાઓ | ૪–૦૦ |
| ૯૬. | સ્વરક્ષાથી સર્વરક્ષા | ૩–૦૦ |
| ૯૭. | Call For Vigilance [જાગતા રે'જો–અંગ્રેજી] | ૧૨–૦૦ |
| ૯૮. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૮ | ૫–૦૦ |
| ૯૯. | | |
| ૧૦૦. | | |

× આ નિશાનવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે.

● એક સાથે એક જાતનાં સો રૂપિયાનાં પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૨૫ ટકા કમિશન માંગશે તો આપવામાં આવશે.

રૂ. ૫૦૧નું દાન કરીને ભાવી તમામ પુસ્તકો ઘેરબેઠાં ભેટ મેળવો.

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને કઠોર કલમે
કંડારાતું માસિક

# મુક્તિદૂત

સંપાદક•
**હસમુખ સી. શાહ**

**લવાજમ**

**વાર્ષિક રૂ. ૫=૦૦ ત્રિવાર્ષિક રૂ. ૧૫=૦૦**

મુક્તિદૂતનું વર્ષ જુલાઈથી શરૂ થાય છે.

ચાલુ વર્ષમાં થતા ગ્રાહકોને જૂના અંકો સ્ટોકમાં હશે તે અપાશે.

**રૂ. ૧૦૦ ભરીને આજીવન સભ્ય બનો.**

**કાયમ માટે માસિક ભેટ મળશે.**

: લવાજમ ભરવાનું સ્થળ :

**"કમલ પ્રકાશન ટ્રસ્ટ"**

૫૦૮૨/૩, બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે, રતનપોળના નાકે,
ગાંધીરોડ, **અમદાવાદ**-૩૮૦૦૦૧ Phone : 30081

---

**હજારો બંધુઓને કાયમ માટે કશાય લવાજમ વિના મોકલાતા**

## મુક્તિદૂતને આપો સહકાર

આપ સહુના ઔદાર્યભર્યા સહકાર ઉપર જ આ માસિક હરણફાળે આગેકૂચ કરી રહ્યું છે. કમલ પ્રકાશન એ પબ્લિક ટ્રસ્ટ છે. "**કમલ પ્રકાશન ટ્રસ્ટ**"ના નામનો ચેક કે ડ્રાફ્ટ-આજે જ કાર્યાલય ઉપર મોકલીને આપનો અમૂલ્ય સહકાર આપો.

**આપના કોઈ પણ પ્રસંગમાં મુક્તિદૂતને ભૂલશો નહિ**

- દેશ [રાષ્ટ્રની ધરતી] ને આબાદ બનાવવાની ભયંકર ઘેલછાના કારણે ભારતના બુદ્ધિજીવી [દેશી અંગ્રેજ] લોકોએ પ્રજાના સુખ અને શાન્તિની કબર ખોદી છે. પ્રજાને હિતકર એવી મોક્ષપ્રધન ચાર પુરૂષાર્થની સંસ્કૃતિના ગળે ટૂંપો દઈ દીધો છે. દેશના હિત માટે જ ઘડાએલું બંધારણ જો પ્રજાના હિતના લક્ષપૂર્વક નહિ જ સુધારાય તો અમને આપણું ભાવી અતિ ભયાનક જણાય છે

- પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણે માનવને સ્વાર્થાન્ધ બનાવીને શેતાન બનાવ્યો છે. ઈશ્વરપ્રીતિ અને પાપ-ભીતિના પાઠ ગળથૂંથીમાં જ જો નહિ અપાય તો શેતાન બનેલા કેટલાક શિક્ષિત, બુદ્ધિજીવી માનવો દેશનાં ચાવીરૂપ સ્થાનો ઉપર ચડી જઈને સમગ્ર પ્રજાને ભ્રષ્ટાચાર, અનાચાર અને માંસાહારની અગનજ્વાળા-ઓમાં હજી વધુ ધકેલી મૂકશે.

- અફસોસ ! ઈ. સ. ૨૦૫૦ ની સાલ સુધીમાં હિન્દુસ્તાન એક વિરાટ સ્મશાન બની જશે.

ચેતો ! હજી એ ગૌરાંગ પ્રજાની ચાલબાજીમાં ફસાતા અટકો. 'વિકાસ'ના સુંવાળા આદર્શવાળી એમની યોજના-ઓની રાખ .સ ! ઈ. સ. ૨૦૫૦ ની સાલેનાશના જ્વલેણ અંગારાઓ . 'વિકાસ' નશાનુ બની 'વિક...

ઓ; ... ! ઈ. સ. ૨૦૫૦ ની ...નો ! હવે તો ...કાસ'ના સુંવાળા આદર્શવાળી ... આપ શીઘ્ર ... ' જ આર્યપ્રજાને સ ! ઈ. સ. ૨૦૫૦ ની સાલેન ઉગારી લેશે..... ...પના... ...વાસ છે.

આવરણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · રાયપુર · અમદાવાદ મૂલ્ય ૨-૫૦